દીબાચો.

આએ કીતાબમા ગુજરાતી ખયાલોનો ઘણોજ ભાગ લીધામા આવ્યોછે તથા હીંદુસ્તાંની ખયાલોનો ઝુજ ભાગ લીધામા આવ્યો છે તેનુ કારણ એકે આજ કાલ લોકોને ગુજરાતી ગાયન સમજવાનો ઘણોજ શોખ થઈ પડીયોછે માટે લોકોના ખાશ ફરમાંવાથી અમે અમારી કીતાબમા ગુજરાતી ખયાલોનો શંગ્ર ઘણોજ કીધોછે. આજ દીન શુધી કોઇપણ શાહેરે એટલો મોટો ભાગ ગુજરાતી ખયાલોનો છપાવ્યો નહીં હતો અમે પણ અમારો પેહેલો ભાગ આઢારશે છોંતેરમા છપાવ્યો હતો પણ તેમાબી ગુજરાતી ખયાલો ઝુજ હતા, માટે આ બીજો ભાગ છપાવતી વખતે ઘણાએક શોખીનોએ અમોને પોતાની ખાએશ જણાવી કે ઉડદુ ખયાલો મા કંઇએક લોકોને શમજન પડતી નથી માટે જો તદન ગુજરાતી ખયાલો છપાવશો તો ઘણું નેક કાંમ થશે ને શરવે શોખીનોની ટક શચવાશે તોપણ અમે અમારી ખુશીથી હીંદુસ્તાંની ખયાલોનો ઝુજ ભાગ લીધોછે, ઉડદુ ફારસી. ખયાલો બીલકુલ લીધા નથી, હવે થોડા વખતમાં અમારો તીજો ભાગ નીંકલશે તે વખતે તેમાં ઉડદુ, ફારસી, અરબી ખયાંલો તે શાથે ઉશતાદ જરીફની ગઝલોબી છપાવવામાં આવશે.

હવે અમે ઉપર કીતાબનુ જે નાંમ આપેલુંછે કે **તુરાના દીલ પશંદ ખેયાલો ને ઉર્ફે રમુજે ફુરસદ** તેનો અરથ એકે ખયાલ એટલે વીચાર ખયાલો એટલે દીલ પસંદના વીચારો, રમુજે ફુરસદ એટલે ફુરસદને વખતે ખયાલોને વાંચી દીલમા વીચાર કરવો, ને તે વીચાર કરી કોઈ શારો બોધ પોતાના દીલમા પ્રાપત કરવો તેથીજ લોકોને શારો બોધ પ્રાપત થાવાને લીધેજ આએ કીતાબમા માલકની તારીફો તથા શરાપા તથા નશીયતો, નીતી બોધ, હાશ રશ, કરૂણા રશ, માતાના વરણો, પઇશા વીશે નશીયતો તેમજ આશકીયો, પનીહારીયો, તેમજ સ્ત્રી ચરીંતરોના ખયાલ તેમજ કજોડાં, કાલી ગોરીનો ઝગડો તથા નાજની પઠાનનો કીશો તેમજ છેલ બટાઉ મોહોના રાંણીનો કીશો તેમજ ક્રીસ્નલીલા, બનશીલીલા, કરંમની કાહાંનીયો તથા સર ખરશેદજી જમશેદજી બાટલીવાલાનો ખયાલ તેમજ સુરતની નવી આગનો ખયાલ તેમજ વીજલી આગબોટનો ખયાલ તેમજ રૂશતંમ સોગાદના કીશાનો ખયાલ, રૂશતંમ પેહેલવાનના મોતનો હેવાલ તેમજ દાદરપર જે ખુન થયું.તેનોબી ખયાલ તથા આજકાલના

ટચાક જવાનીયાના લટકાને ચટકાના ખેયાલ તેમજ નાટકના ઢંગી શોંગીની રમુજોના ખેયાલો તેમજ હોલીયો, દોવંગો, ચોવંગો, અઠંગો તથા કેદબંદી તથા શનતદાર તેમજ પરભાતો તથા ઉઠવા બેશવાની શલાંમો તથા નાયકાના વરણો તેમજ કંઈ પરકારના દીલને ચાંનક આપનારા જુમલે શવાશો ખેયાલોનો શંગ્રહ કરવામાં આવેલોછે, વલી તે શાથે થોડીએક ગમી, ઢોશા પણ નાખીયાછે બધી મલીને ખેયાલોની રંગત તથા રાગની એકવીશ જાતની લીધીછે, જેવી કે ખડી રંગત, મેરીજાનની, રંગત ઝડપી, દોડ ફડી, જુની રંગત, ખીદુરની રંગત, શાંમ કલ્યાંન, બેહેરે તવીલ ત્રીકડીયા, ચોતાલી, નાટકની રંગત, શોરઠ, શરોદની રંગત, છોટી રંગત' શીકશતાંની રંગત, બેહેરે ગજલ, લંગડી રંગત, લંગડી ઝડપી રંગત, ઠુમરીની રાગની, દાદરાનો ઠેકો, તન તાલી રંગત, બધી મલીને એકવીશ રાગનીછે, તે વાંચીને જોવાથી ખાતરી થાશે.

હવે આ ખેયાલોમા બંદા કરી જે નાંમ આવેછે તે બંદા શાહેબ આ ખેયાલનો બનાવનાર દાદાભાઈ તેવંનના ઉશતાદના ઉશતાદ થાએછે, ઉશતાદે જરીફ હયાને જરીફના ઉશતાદ બંદા શાહેબ ને દાદાભાઇના ઉશતાદ જરીફ શાહેબ તેમજ મનીશાંમના ઉશતાદ દાદાભાઈ. દાદાભાઇનુ તખલુશ દારાં કરીનેછે ને મનીશાંમનુ તખલુશ શીકંદર કરીને આવેછે, તખલુશ એટલે ઉશતાદોએ બીજા નાંમો શાગરીતોને બકશેલા પોતાના અખાડાની નીશાનીયો વાશતે તેજ મુજબ આ ખેયાલોમા જુદા જુદા નાંમો આવેછે જેવાં કે તેગ તબર વૈશી મીર ખંજર એ બધા શાહેરોછે પણ ઉશતાદ બંદા તથા જરીફના અખાડાનાજછે માટે અમારા ખેયાલોમા દરેકના નાંમ આવેછે તે શાથે દોશોના તથા શાગરીતોના તથા લાગતા વલગતાયોની નાંમો શાહેરોને પોતાના ખેયાલોમાં નાખવાનો હકછે તે મુજબ અમે શરવેના નાંમ દાખલ કીધાંછે તે વાંચીને શોખીનોની ખાતરી થશે.

તુરાના ખેયાલોના શોખીન શજનોથી ભાઈ ફરાંમજી મેહેરવાંનજી આરીયાંને કેટલાએક શાહેબોએ ફરમાશ કરીયાથી ભાઇ ફરાંમજીએ અમોને એ કાંમ શોપ્યું તેથી અમો અમારી મોટી ખુશીથી આએ ચોપડી બાહાર પાડીછે, માટે એ પ્રશંગે ભાઈ ફરાંમજી મેહેરવાંનજી આરીયાંનો અમે મોટા આભાર માનીએ છઇએ.

લખતંગ દાદાભાઈ બેશાંમજી તુરાવાલા

તથા

ઠા૦ મનીશાંમ જીવણ તુરાવાલા.

(શોખીન શજનોને વાંચવા જોગ ખીના)

તુરા કલગીની ઊતપંતી.

કંઇએક ગરહસ્થો ગાવાના પંથ વીશે જાણીતા હોશે. ને કંઇએક ગરહસ્પો અનજાણ્યા હોશે માટે મારે આ ટકે જનાવવું જોઇએ કે ઉતર હીંદુસ્તાંન તથા મધીય હીંદુસ્તાંન તથા દખ્ખણ હીંદુસ્તાંન એ તંદો હીંદુસ્તાંનમાં જુદે જુદે ઠેકાંણે વીખરાએલા ગાવાના નવજાતનાં પંથોછે, (તેવોના નાંમ) તુરાવાલા, કલગીવાલા, ડુંડાવાલા, ઝુંડાવાલા, અનઘડવાલા, ધનગડવાલા, ઝુલ્ફકારવાલા, ઇશ્કવાલા, હુસ્નવાલા, આ ઇશ્કવાલા ને હુસ્નવાલા એ બે પંથો હાલમા નવા નોકલ્યાછે. હવે અમારા વડીલો ગુરૂથી અમોએ એવુ શમજેલું છેકે આ નવ પંથોમાં શુરૂ પેહેલા બે પંથો હતા. એક તુરાવાલા ને બીજા કલગીવાલા, હવે તુરોને કલગી શી રીતે નાંમ પડીયું તેનું વરનન કહી શંભલાઉ છઉ. અશલ દક્ષીણમા મરાષ્ટા રાજ કરતા હતા તે દક્ષીણમાં એક શમુદ્રીક નાંમ નગરી હતી તે નગરીમાં તુક્ષારાંમ શકારાંમ નામે બે ભાઇઓ રેહેતા હતા તે જાતના દક્ષણી બ્રાંમણ હતા તેઓના માબાપ બચપનથી શવ્રગવાશી થયા હતા પણ એક તેવોનો વ્રીધ કાકો હતો તેનું નાંમ શદાશીવ કરીને હતું તે મોટો શાસ્ત્રી પંડીત હતો તે શદાશીવે આ બેઉ ભાઇઓને બચપનથી વીદીયા અભીયાશ કરાવ્યો તેથી થોડા વખતમાં આ બેઉ ભાઇઓ મોટા શાસ્ત્રી પંડીત કેહેવાતાવા લાગા વલી મોટા મોટા વીદવાનો શાથે વાદવીવાદખી કરવા લાગા તેથી કરી તે બેઉ ભાઇઓની ચરચા ગાંમોગાંમમાં હદથી જીઆદે થાવા લાગી. વલી તે ગાંમનો રાજા પણ આ બેઉ ભાઇઓને નીતપનેમ શભામા બોલાવતો ને શાસ્ત્રનો બોધ હમેશાં બેઉ ભાઇઓથી લેતો ને ઘણોજ તેવોને જોઈ ખુશ રેહેતો હતો, વલી તે બેઉ ભાઇઓનો એવો નેમ હતો કે વ્રોધકાકાને પુછીયા વગર કશુખી કાંમ નહી કરતા હતા ને હમેશાં તે વ્રોધ કાકાની શેવા ચાકરી બજાવતા હતા ગોયા પ્રમેશવરને માફ્ક પુંજતા હતા તેથી કરી તે વ્રીધ કાકો મરતી વખતે આ બેઉ ભાઇઓને આશીરવાદ દઇ ગયો કે ભાઇઓ તંમારૂ નાંમ દુનીયામા અમર રેશે ને શઉ કોઈ તમારા ગુણો ગાશે એવા આશીરવાદ દઇ તેવોનો કાકો શવ્રગ વાશી થયો.

હવે આ વ્રોધ કાકાના મરણથી બેઉ ભાઇઓને એટલો તો ગંમ

લાગો કે તેનું વરનન થઈ શકતું નથી કાકાના મરણ પછી એક મહીનાને બાદ વડો ભાઈ જે તુકારાંમ તે ગુરૂ દતનો ચેલો થયો ભગવા વસ્તર પેરીયાં ને શદાશીવની ભગતીમાં લવલીન થઈ ગયો, હવે તે દનથી તુકારામ ને શઉ તુકનગીરને નાંમેથી ઓલખવા લાગા. હવે તુકનગીર શદાશીવના ભજનો, કીરતનો જોડી જાંહાં તાંહાં ગાવા લાગો. હવે દનપર દન તુકનગીર ને રાજદરબારમાંબી મોટું માન મલવા લાગુ, કારણકે તે ગાંમનો રાજા બી શીવનો ભગત હતો. હવે નાનો ભાઈ જે શકારાંમ તે નાનપણથી માતાનો ભગત હતો કારણકે તેના ઘેરની શાંમે એક માતાનું મંદર હતું તેથી તે શકારાંમ રોજ નાહી ધોઈ માતાની પુજા કરતો ને પછી પોતે ભોજન જમતો હતો ને હમેશાં માતાના ગુણો ગાતો. એ શકારાંમબી ભજન કીરતનો જોડી જાંણતો હતો કારણકે તેબી મોટો પંડીત હતો, રોજ વડા ભાઇને કેહેતો કે માતાનીભગતી ઘણીજ શારીછે ને સ્ત્રી વગર કોઇ નીબી પેદાશ થતી નથી, વલી વડો ભાઈ તુકનગીર જણાવતો કે શદાશીવ ની ભગતી ઘણીજ શારીછે કે જેને શાખ્શાત નારાણબી શંકરને ભજેછે એમ હમેશાં બેઉ ભાઇઓનો વાદવીવાદ અપશમા ચાલતો હતો. હવે એક દાહાડાને શમે એવો એતેફાક બનીયો કે તે બેઉ ભાઇયો આપશમા લડી પડીયા એવાતો લડીયા કે લાખો માંણશની ભીડ જોવા મલી ગઈ તાં આગલ રાજાના શીપાઇયો પણ આવી લાગા પણ કોઇના વાલ્યા બેઉ વલ્યા નહીં તેથી શીપાઇઓએ તે ભાઇઓને રાજા પાશે લઈ જઈ ઉભા કીધા. હવે રાજાએ આ બેઉ ભાઇઓનો આવો એહેવાલ જોઈ દીલગીર થયો, પછી બેઉને શાંન્ત પાડીયા ને એક બીજાથી જુદા રેહેવાને ફરમાંવ્યું. પણ નાનાભાઇને તો એટલો ક્રોધ લાગો કે તે શેહેર છોડીને મધીય હીંદુસ્તાંન તરફ ચાલી ગયો કે જાંહાં મુશલમાંની રાજધાંની હતી તે શેહેરમા એક મોટી મશીદ હતી તેની જોડે એક મુશાફરખાંનું હતું તાં જઇ શકારાંમે પોતાનો ઉતારો લીધો. વલી પોતાના મનને કેહેવા લાગો કે હું કોઇ કવી શાસ્ત્રીની મદત લઈ કોઇ દાહાડેબી મારા ભાઈ જોડે જઇને લડીશ ને તેની ઇજત હોરમત બગાડીશ એવા વીચારમાં તે રાતને દાહાડો રેહેતો હતો, હવે શકારાંમ જે મુશાફરખાનામાં શુતો બેશતો હતો તેની જોડે એક મશીદ હતી તે મશીદમા કોઈ વલી ષાહા પીર મુરશદ કરી એક માહા કવી રેહેતો હતો તેના હજારો હજાર ગાંમો ગાંમમા મુરીદો પણ હતા, વલી તે શેહેરનો બાદશાબી તે પીર મુરશદનો મુરીદ હતો તેથી શકારાંમના મનમા એવું આવ્યું કે આ પીર મુરષદનું હું પીયાલુ પીઉં ને ફકીરી આજથી ધારણુ

કરૂ જેથી મારા મનની મુરાદ બધી હાંશલ થશે એવા વીચારથી શકારાંમે તે વલીષાહા પીર મુરષદનુ પીયાલુ પીધુ ને ફકીરી તન ધારણ કીધી હવે તે પીર મુરષદે શકારાંમનુ નાંમ ષાહાઅલીપીર કરીને આપીયું પછી તે ષાહાઅલીએ તમામ પોતાપર જે જે વાત વીતેલી હતી તે પીર મુરષદને કહી શંભલાવી, પછી તે પીર મુરષદે ઘણોજ દીલાશો દીધો કે કાંઈ ફકર નહી કર હું તારા મનની મુરાદ પાર પાડીશ. હવે રોજ ષાહાઅલી તે પીર મુરષદની શેવા ચાકરી બજાવવા લાગો તેથી દનપર દન તે પીરમુરષદનું ષાહા અલીપર ઘણુંજ હેત વધવા લાગુ. પછી ષાહાઅલીને તમાંમ મુશલમાંની શાસ્ત્રમા હુશીયાર કીધો ને રોજ પોતાની જોડે ષાહાઅલીને રાજ દરબારમાબી લઈ જાવા લાગો, હવે ષાહાઅલી ઘણોજ ચાલાક ને શમજુ હતો વલી તે શાથે મુશલમાંની શાસ્ત્રનોબી અભીયાશ થયો તેથી કરી અનેક પ્રકારના મોજીજા રાગ રાગણીમા જોડી ગાવા લાગો, હવે દનપર દન તે ષાહાઅલી કીની ચરચા ગાંમોગાંમ થાવા લાગી. હવે તે ગાંમ ના બાદસાબી ષાહાઅલીનુ ગાણું શમજી ખુશ રેહેતો હતો, વલી તે શાથે તમાંમ ગાયન ભજન કીરતનના આકારમાં જોડી ધોલક તથા ખંજરી વગાડી ગાતો હતો તેથી ઘણુંજ પીયારૂ લાગતું હતું. હવે ઇતેફાક એવો બનીયો કે થોડા વખતમાં તે ષાહાવલીપીર મુરષદનું મરણ નીપજીયુ તેથી કરી તેની જગા ષાહાઅલીપીરને મલી પછી તો તેના મરતબાની ઘણીજ તારીફો થાવા લાગી તે શાથે બાદસાબી તેને ઘણોજ ચાહાવા લાગો, તે શાથે તે ષાહાઅલીના મુરીદો પન દનપર દન ઘણાજ થાવા લાગા ને તમાંમ શેહેરોમાં પોતે પ્રખ્યાત થઈ ગયો. હવે એક દાહાડાને શમે ષાહાઅલી રાજ દરબારમાં બેઠા બેઠા ગાતા હતા, કચેરી ઠઠ મલેલી હતી તે વખતે રાજા કોઇએક રાગણી શમજી એ વોતો ખુશ થઈ ગયો કે તરત ષાહાઅલીને કહીયું કે માંગ માંગ જે માંગે તે આપુ પછી ષાહા અલીએ વચન લઈ કહીયું કે હું કંઈ માંગતો નથી પણ એક મારા દીલમા આરજુછે તે પુરી પાડો, તે શું કે દક્ષીણ હીંદુસ્તાંનમા એક તુકનગીર કરી મોટો કવીછે તેની જોડે ફકત લડવા માંગુછું એટલુ કહી જે જે પોતાનો હેવાલ હતો તે અવલથી આખર શુધીનો ષાહાને પાશે જાહેર કીધો પછી તે ષાહે તેને કહીયું કે ઠીકછે તેની કાલે વાત એમ કહી ષાહે બીજે દાહાડે પોતાનો મોહોર શુધાંનો એક કાગલ લખી દક્ષીણ હીંદુસ્તાંન તરફ તીયાંનાં મરાષટી રાજાપર મોકલાવ્યુ તેમા જણાવ્યું કે તારા શેહેરમાં કોઈ તુકનગીર કરી કવીછે તેનો જોડે મારે

તાં એક કવીછે તે લડવા માંગેછે માટે આજથી આઠમે દીવશે હું પોતે મારા કવીને લઇને તારા શેહેરમા દાખલ થઇશ માટે બધી વાતનો બંદો બસ્ત કરી રાખજે, હવે કાગલ મરાષટા રાજાએ વાંચી ખીના તુકનગીરને કહી શંભલાવી પછી તુકનગીર તે ખીના શમજી ખુશ થયો કે કાંઈ ફીકર નહી આવ્યાવાદીઓ હું લડવાને રાજી છઉ હવે આઠમે દીવશે લખીય પ્રમાણે શઉ તે શેહેરમા આવી લાગા પછી તુકનગીર ષાહા અલી બેઉ રાજાના શમમુખ કચેરીમાં ગાવા લાગા ને શાસ્ત્રના વાદવીવાદ થાવા લાગા તે મેલાવડો જોવાને ગાંમો ગાંમનાં રાજાખી હાજર થયા હતા. તુકનગીર મડદાની તારીફમા ગાતો હતો ને ષાહા અલીસ્ત્રોની તારીફમાં ગાતો હતો વલી બેઉ શાસ્ત્રમાંખી પુરા હતા અંતે એક બીજાથી કોઇ પણ હઠીયા નહી આવો મામલો જોઈ બેઉ રાજાએ આપશમા મશલત કરીકે અંતમા આ બેઉ ભાઇઓ પણ થાએછે, વલી તે શાથે બેઉ કવીઓ પણછે, વલી બેઉના હજારો હજાર મુરીદો પણછે પણ હવે કોઈ પ્રકારે બેઉ પંથોના જુદાં નાંમ પડેતો શારૂ, જેથી આપણુ પણ નાંમ દુનોયાંમાં કાયેમ રેશે. એવો વીચાર કરી મરાષટા રાજાએ પોતાની પાગડીમાંથી ખરા મોતીનો તુરો કાહાડીને તુકનગીરને ઇનાંમમાં આપીયો ને કહીચું કે આ તુરાની તારીફમાં કોઇખી ચીજ બનાવીગાવો ને હમેશાં ગાતા રેહેજો તે જોઇને બાદસાએખી પોતાના માથાના તાજમાં જે કલગી હતી તે કલગી કાહાડી ષાહા અલીપીરને બક્ષીશ કીધી ને કહીયું કે આએ કલગીનો તારીફમાં કોઇખી ચીજ ગાઇ શમજાવો જેથી અમારૂ મન ખુશ થાએ વલી તમે બેઉ કવીઓ ગાવામાં બરાબર છો, એવી અમને પુરણ ખાત્રી થઇછે. હવે બેઉ રાજાનાં કહ્યા પ્રમાંણે તુકનગીરે તુરાની તારીફમાં એક ચીજ બનાવીને ગાઈ ને ષાહાઅલીએ કલગીનો તારીફમા એક ચીજ બનાવીને ગાઈ પછી બેઉ રાજાવો ઘણાજ ખુશ થઈ બેઉ કવીઓને મોટૂં ઇનાંમ આપ્યું એક બીજાને જાગીરો શેપી તે શાથે ઘણું માન અકરાંમ પણ પાંમીયા. હવે ષાહાઅલી પોતાના ષાહા જોડે ઉતર હીંદુસ્તાંન ચાલી ગયો ને તુકનગીર તાંજ રહયો. હવે તે દાહાડેથી તુકનગીર હમેશાં તુરાનો તારીફમાં ગાવા લાગો ને ષાહા અલી કલગીની તારીફ ગાવા લાગો. હવે એ બેઉ કવીઓના પંથ હવડેવેર શુધી ચાલુછે કે જેનો અંત શુધા મલતો નથી પણ અશલથીજ આ ગાવામાં વાદવીવાદ ચાલુછે કારણ કે તુકનગીર તુરાને મોહોટા કેહેતા ષાહાઅલી કલગીને મોટી કેહેતા તે શાસ્ત્રના દાખલા પણ દેતા હતા, હવે ગાવાના પંથ વીશે પુછો તો આ બેઉ કવીઓને માન

ધટછે કારણકે જેનીએ પેહેલાં પરથમ પાયો ઉભો કીધો, પછી પાછળથી શઉ કોઈ જુદા જુદા મતના કવીઓ નીકળ્યા જેમકે એક હીંદુ કોમછે તે માંથી કેટલાએક પંથો ઉભા થયા જેવા કે કોઇ રામાનંદી કોઈ કબીર પંથી કોઈ શીવ પંથી, કોઈ જેન ધરમી, કોઈ વીશનુ પંથી, એવી રીતે પછી તો શઉ શઉના મતનુ કારણછે, જેમ એક ઝાડનું બી રોપી તેમાં પાંણી નાખીને ઝાડ મોટું થાએ ને પછી ઘણીએક તેની ડાલીયો ફુટી નીકલે તેમજ આ બીજા ગાવાના શાત પંથોછે તેનુબી કારણ એજ મુજબ હોવું જોઇએ ગાવુંછે તેબી એક ઈનશાનને ઘણું શારૂછે જો તેમાથી શાર લેવા માંગોતો ઘણીજ પ્રકારનો મલી આવશે પણ ફકત વાદવીવાદને લીધે ગાવાનૂ નાંમ બદ પડીયુંછે.

શેઠ જમશેદજી નશરવાંનજીને ખુદા બેસનસીન કરે.

(બેત)

શેહેર મુંબાઇમા થઓ એક ગંમનો પોકાર,
ઠક જમાંછે દીને જગતુરસતની ઇયાર,
જમશીદ જેવોછે એક નર શવાર,
મઆ મુકી દુનીયાંમા ગયો પેલી પાર,

શેહેર છોડી પોતાનું થયો શેહેર બાહાર,
દસ્ત જેનો સખાવતમા છે આશકાર,
જીગર હતું જેનું હાતંમના જેઊ ઇયાર,
નશરવાંન જોઇ કરેછે પુકાર,
શખાવતનો તારીફ થાએ વાર વાર,
વારે કીશમત તારા એ કેવા દાહાડા આર,
ન કીધો આ દુનીયામાં વંધુ રોજગાર,
જીગરને તજીને ગયો પેલે પાર,

નેક મનશનીને નેકીનો તું એક હાર,
ખુદાવંદ તારો રહે મદતગાર,

દાશ થઇને શઉનો થયો નામેવાર,

બેશતા યાદ તારી કરે હરબાર,
સત નેકીનો જગમાંછે તારો પોકાર,
નથી તારી શાનો બીજો કોઈ ઇયાર,
સીશ નમાવીને શીજદો કરૂ વાર વાર,
ન થાજો ગંમગીન દીલમાં લગાર,
કબુલ કર અરજ દાશંની યે કેરદીગાર,

રેહેમ જમશીદપર બખશી ઉતારજે પાર.

તુરાના

ગુજરાતી તથા હીંદુસ્તાંની દીલપશંદ ખેયાલો.

ગુજરાતી—તારીફ તે કીરતારની.

(રંગત ખડી.)

શ્રી દાદારની મેહેર જેનાપર તેનું કોઈ કંઈ કરે નહીં,
આશમાનથી ફેંકે નીચે તોએ તે પંન મરે નહીં,
તું જો ચાહે એક પલમા યાં ફકીરને નવ નીહાલ કરે,
અમીરથી જુદો થઇને અદના ને લાલંમ લાલ કરે,
રાત દાહાડો જે કરે બંદગી તેના પુરા હાલ કરે,
શાહુકાર થી થઈ વેગળો ચોરો ને પ્રીતી પાલ કરે,
એવાં માભારત કામ તું વગર બીજો કોઈ બા કરે નહીં,
આશમાનથી ફેંકે નીચે તોએ તે પંન મરે નહીં, ૧

તું જો ચાહે ઘડી વારમા અંદના ને શરતાજ કરે.
તાજ બકશ જે હોએ તારો તેને પલમાં મોતાજ કરે,
થાએ મેહેરબાં જેના પર તું તેતો હરદંમ રાજ કરે,
અગર મુંગો હો મોનાનો તોબી તે આવાજ કરે,
જે આશક છે પુરો તારો તે તો કોઈથી ડરે નહીં,
આશમાંનથી ફેંકે નીચે તોએ તે પંન મરે નહીં, ૨

છે કુદરત તારી એવી ઘડી મા આશાંન કરે,
જીવતાં વોને મારી નાએ મુવેલાં ને ઇનશાંન કરે,
કરે ઘડી માં આબાદાની ઘડી ફનાં મેદાંન કરે,
શું તાકત કોઇમાં એવી તુથી વધારે તાંન કરે,
જેની જબાં પર યાદ છે તારી તેતો કદી થર થરે નહીં,
આશમાંનથી ફેંકે નીચે તોએ તે પંન મરે નહીં, ૩

જશીફ કહેછે શાંભળ દાશ જે નર એવા ખીયાલ કરે,
લાખો દુશમંન થાએ એકટા તો એ ન વાંકો બાલ કરે,
આ ફાની દુનીયાં માં દાશ લેઈને શું ધન માલ કરે,
તે શાહેબ છે એવો દયાલુ શરવેની શંભાલ કરે,
હો એ ઘડો પાની થી ભરેલો પન હુંકમ વગર કંઈ ગરે નહીં,
આશમાનથી ફેંકે નીચે તોએ તે પણ મરે નહીં, ૪

—0—

ગુજરાતી—ખુદાની તારીફ.

(રંગત ખડી.)

અરે દોશતો શંમજો ભાઈ એક આંહ નો તે પરવર,
રહે મેહેરબાં તેજ બધા પર શઉ પર તેની એક નજર,
દેશ ઘુંડો પરદેશ ઘુંડો જઈ ઘુંડો તમો બીઆબાંન,
શદા યેયાદ જો દીલમાં કરશો તો પલમાં કરશે આશાંન,
રહો હમેશાં યેયાદ માં તેના યેયાદ કરો દીલને દરમાયાન,
નેકી બક્શવા વારો તેછે જેનું છે શરવે મંનડાંન,
દાશ થઈને રહેછે તેના નારી હોએ યા કોઈ નર,
રહે મેહેરબાં તેજ બધા પર શઉ પર તેની એક નજર, ૧

ડાહયા થઈ પ્રથંમ જો જગમા પછી કરશો દોજખનું કામ,
ભારી દુખ ભોગવશો જગમા કશુ નહીં મલશે આરાંમ,
ઈનકાર કરો એ શરવે કામથી નેકીના થઈ રહો ગુલાંમ,
કમર બાંધી બંદગી પર હરદમ મંન ઊીરદામાં કરો મુકાંમ,
લઈ નામ શાહેબનું જબાંપર કોઈ કાંમ નેકીનું કર,
રહે મેહેરબાં તેજ બધા પર શઉ પર તેની એક નજર, ૨

ગીઓ વખત નહી આવે પાછો તેની ના કોઈ જોતાં વાર,
વાહાલાં શરવે થઈને તેના શદા માનો દીલથી ઉપકાર,
લાશ દાડે મલશે શાહેબને તેનો દીલમાં કરો વીચાર,
દોશ હોએ યા ભાઈબંદ કોઈ કામ નહી આવે દીલદાર,
લુકમાંન જેવો હારી જાએ છે મોહોત આવે જીઆરે માથાપર,
રહે મેહેરબાં તેજ બધાં પર શઉ પર તેની એક નજર, ૩

નેક હીદાયત રાખો જગમા વલી કરો નેકીના કામ,
કીધાં કાંમ જો શારાં હોશે શદા રેહેશે કાયમ નામ,
ધોંગ શોંગ શઉ મુકો ભાઈ એમ કહેછે મની રાંમ,
માત પીતાના ગુન જો ગાવો શદા મલશે જગમાં આરાંમ,
તરા તરાના ખીઆલ દારાના શમઝી મગન રહે અરદેશર,
રહે મેહેરબાં તેજ બધા પર શઉ પર તેની એક નજર; ૪

—o—

ગુજરાતી—કરંમની તારીફ.

(રંગત ખડી.)

આયુપનો ઘડો છલકે નહી જાં વેર મા શુધી ભરે નહીં,
લખે વીધાતા લેખ કરમની રેખ કોઇથી ફરે નહીં,
છઠી ને દાડે લેખ લખાએ ફરી ફરી ને નહીં લખાએ,
લખીયું હોય મરવાંનુ કરમ મા તો તેનાથી કેમ જીવાએ,
અરથી કરમમાં લખી હોએતો આખી નર કોઇદી નહીં થાએ,
રલી રલીને કરે એકઠું તેખા તેનુ અકારત જાએ,
દોરી ટુટે આયુશની નહીં તાંવેર કોઇથી મરે નહીં,
લખે વીધા તા લેખ કરમની રેખ કોઇથી ફરે નહીં ૧

ફકીરના કરમમાં લખીઊ હોયતો કોઈ દાડે રાજ કરે,
શું તાકાત છે કોઈ બીજાની તેને કોઈ મોતાજ કરે,
કરમ હશાવે કરમ રડાવે કરમ વલી શીધ કાજ કરે,
રાજાના કરમમા લખીઊ હોયેતો તે રાજ તારાજ કરે,
હર એક હીકમત કરે નરો પન કરમ વના કંઈ શરે નહીં,
લખે વીધાતા લેખ કરમની રેખ કોઇથી ફરે નહીં ૨

ચાહે જેવો હોએ દાનો નર કદી કરમ વીનાની ખેતી કરે,
તો તેનો બેલ લુલો પડે નાંગર ભાંગે અયા પોતે મરે,
કરમથી ફરજંદ કરમથી પઇશો કરમથી છોરા છોરી વરે,
કરમથી અંધો કરમથી લુલો કરમે બેશી હાતીપર ફરે,
અનશઠ તીરથ કરી નાહેનર પન કરમ વગર કદી તરે નહીં,
લખે વીધાતા લેખ કરમની રેખ કોઇથી ફરે નહીં ૩

જરીફ દાદાભાઈ કહે નહી કરમ વગર નર ઉતરે પાર,
કરમથી ગેઆની કરમથી ધેઆની કરમથી ભેટે તે કીરતાર,
કરમથી માગે ભીખ ઘરોઘર તોખી મલે નહી ભીખ ઉધાર,
ફરામજી કહે શંમઝો ભાઈ કરમનો છે મોટો વીશતાર,
મનીરાંમ કહે કરમ વંતી કીડી હાતીથી ડરે નહી,
જએ વીધાતા લેખ કરમની રેખ કોઇથી ફરે નહી ૪

———o———

ગુજરાતી—આશકી.

(રંગત ખડી.)

શુરત જોઈ જીઆરથી તારી થઓ દીવાંનો દીલમાં જાન,
શું કરવા તરશાવે પેઆરી જેવો કલે જે વાગોબાન,
ફીદા છે આશક તારા ઉપર જોઈ તારા ગોરા ગાલ,
શો શો નખરાં કરે તું પેયારી તે પર લટકતી ચાલે ચાલ,
ચાલજો આશક જોએ તારી તો દીલમા થાએ બેહાલ,
આંખ તારી હરન જેવી જેવી કોઈ માયાની જાલ,
કરો મેહેર મારાપર જાની હું આશક છું નાદાન,
શું કરવા તરશાવે પેઆરી જેવો કલે જે વાગો બાન. ૧

એવા રસીલા હાત છે તારા જેવી કોઇ બગલાંની પાંખ,
જોબંન તારૂં અજબ રશીલુ શીધું શરોવર જેવું નાખ,
કાનનો તારો અજાય નમુનો હીરા જેવી લાગે આંખ,
અજબ ગોલ છે દારમ તારાં તે પર જાની કંઇબી ઢાંક,
એકાએક તું નજર પડે તો પરમાએ પુનંમનો ચાંન,
શું કરવા તરસાવે પેઆરી જેવો કલેજે વાગે બાન. ૨

થયો દીવાંનો હું તારા પર જીઆરથી જોયું તારૂં નુર,
કરો મેહેર મારા પર જાની શદા રેશે જોબંન ભરપુર,
હું આશક છું તારા ઉપર તું મારેથી ના થા દુર,
ઘેરઈ રેહો છું તારા પીઆરમાં બદન થઈ ગઈ મારૂ ચુર,
ખરૂં કહું છું હું તો પેઆરી મારૂં શદા તારામા ઘેયાન
શું કરવા તરશાવે પેઆરી જેવો કલેજે વાગો બાન. ૩

વરશ એકનો તારા ઉપર આશક દારા કીદા છે જાન,
કોઈ દાડો તું પોતાના ઘરમાં બોલાવીને કર મેમાન,
છે મોહોબતનો ભુકો દારા દેખાડી દે મોહોબતનું પાન,
પાન ચાખશે દીલથી દારા પછી નહી કરશે અરમાન,
દારા કહેછે શાંભલ પેઆરી શદા રેહેશે તારૂં આશાન,
શું કરવા તરશાવે પેઆરી જેવા કલજે વાગો બાન, ૪

——o——

ગુજરાતી—કલગીના શપનાનો જવાબ.

(રંગત ખડી.)

કાલની રાતે હુંએ એક શુંદર જોઓ શીતારો શપનામાં,
કોઇએ જોયો હશે ન જોશે એવો કોઈ પીયારો શપનામા,
જોઈ ઝલક પેશાની પર મેં આફતાબી શપનામાં,
બાલ કારા આંખના તારા જોયા ગાલ ગુલાબી શપનામા,
કાન નાકને લાલ હોટછે જાને દાલ નવાબી શપનામા,
ગલું શુરાઈ બાજુબંદ જોઈ જમની દાબી શપનામા,
તેને જોઈ ગુમ થયો એકાએક હોશ મારો શપનામા,
કોઇએ જોયો હશે ન જોશે એવો કોઈ પીયારો શપનામા, ૧

આંગલીઓની શું તારીફ કરૂં જોઈ મેદી શવાઈ શપનામા.
આરશીના જેવી ચમકે શીનાની શફાઈ શપનામા,
પેટ જેનું બશ રૂઉના જેઊ જોઇ વધુ નરમાઈ શપનામા,
કોઈ હતું નહી પાશે મારા શું કહું બડાઈ શપનામાં,
રહી રહી ને મને થાવા લાગો ઉભારો શપનામા,
કોઇ એ જોયો હશે ન જોશે એવો કોઈ પીઆરો શપનામા, ૨

વાંશો બીલોરી લાગો ચમકવા જાને ચંમ ચંમ શપનામા,
કમંર નાજુક જાંગને જોઈ બીલોરી છે થંમ શપનામા,
નાજુક અંગોઠા જોઇને તલીયાં રહ્યાં બે પદંમ શપનામા,
ઝુંકી ગયો શરતપા હુંગમા વલી લાગો ગંમ શપનામા,
એવો હું બેભાન થયો કાંઈ ચાલેઓ ન ચારો શપનામા,
કોઈ એ જોયો હશે ન જોશે એવો કોઈ પીયારો શપનામા, ૩

દાદાભાઈ કહે એકાંતે હું પીયાંન ધરૂં છું શપનામા,
દીવશે રાતે શમે કશમે જોતો ફરૂં છું શપનામા,
જોયો જે દનથી પીયારાને હું તેપર મરૂં છું શપનામા,
હવડે મને એમ લાગેછે હું વાત કરૂંછું શપનામા,
મનીરામનું મોહી મન ગયો મોરલી વારો શપનામા,
કોઇએ જોયો હશે ન જોશે એવો કોઈ પીયારો શપનામા, ૪

ગુજરાતી—પરનારી વીશે નશીયત.

(રંગત ખડી.)

પર નારીની શોબતમા આશક ફુકી દેછે તન મન,
પરનારી કોઇની થઈ નથી નહીં થાવાની માનો શત વચન,
ઘરની નારી ઘડી ન મુકે તોપન તે લાગે ખારી,
પરનારી પાણેથી મારે તોપન તે લાગે પીઆરી,
ઘરની નારીને ઘરમા ખાવા નહીં ઝુરીયા કરે તે બીચારી,
પરનારી પકવાંન કરીને ખાએ ચીજ શારી શારી,
ઘરની નારીને જોઈ બલે પરનારી ને જોઈ થાએ મગન,
પરનારી કોઇની થઈ નથી નહી થાવાની માનો શત વચન, ૧

ઘરની નારીના ઘરમા ઘડો નહી પરનારી પઇશેથી પેટી ભરે,
ઘરની નારી ઘરમા બેશી રહે પરનારી પાલખીમા ફરે,
ઘરની નારીના ઘરમા ચટાઈ નહી પરનારી પલંગે મોજ કરે,
ઘર ધની ઘરની નારી મેલીને પરનારીને રહે ઘરે,
ઘરની નારીને દોડીવું આપે નહી પરનારી ને આપે હીરા રતન,
પરનારી કોઇની થઈ નથી નહી થાવાની માનો શત વચન, ૨

પરનારી શારૂં આશક કહાં કહાંથી પઇશા લાવેછે,
આશક પોતે નહી ખાએ પરનારીને ખવરાવે છે,
પરનારીની પ્રીત રાખે ઘર નારીને નહી બોલાવેછે,
પરનારી શારૂં આશક પોતાનું માંથુ કપાવેછે,
તોબી પરનારી નથી થાતી ચાહે તમે આપો ગરદન,
પરનારી કોઇની થઈ નથી નહી થાવાની માનો શત વચન, ૩

ઘરની નારી દુખ વેલા આવે કામ શમજો તમે નશીયતની વાત.
પરનારી શુખ શમે રમે અને અંત શમામાં કરશે ઘાત,
દાદાભાઈ શેઠ શાપુરજી તે મઝા કરેછે દાડો રાત,
કાવશજી નવરોજ ખુશરૂ મુલજીભાઈ ગાએ તેની શાત,
મનીરામ પરનારી શારૂં નથી પોતાનું કરતો લગન,
પરનારી કોઇની થઈ નથી નહી થાવાની માનો શત વચન, ૪

—o—

ગુજરાતી--કલગીરના ખેયાલનો જવાબ.

(રંગત ખડી.)

ચાર નાર દુખીયારી મલી ગઈ દરીએ દરશન કરવાને,
પેહેલી આંધરી વાંઝની કુવારી ચોથી ગઈ દુખ હરવાને,
પેહેલી આધરી કહે રતનાગર તમે કંઈ તારીયાં નર નાર
બેઉ આંખે હું છું આંધરી ધીક ધીક છે મારો અવતાર,
દુનીયાની શીમોજ મઝા છે મને નહી દેખાએ લગાર,
માટે મેહેર કરી અબલાપર કરો દેખતી તારન હાર,
પેએલે જનમની છઉં પાપની માટે પાપ કાપો નીરધાર,
શવા મન દુધ શાકર તમુને ચડાવીને માનીશ ઉપકાર,
આંખ નહી મારી આપો તો તઇયાર છઉં હું મરવાને,
પહેલી આંધરી વાઝની કુવારી ચોથી ગઈ દુખ હરવાને. ૧

બીજી વાંઝની કહે મારી કરો આશા પુરન દરીઆ લાલ,
મેહેર તમારી બહુ મારાપર અખુટ ઘરમાં છે ધન માલ,
શાશુ શશરો દીએર જેઠ વર મને જોઈ દીએ મનમાં ગાલ,
કહેછે વાંઝનીનું મોહું નહી જોઉં ઉઠીને પ્રાતશ્કાલ,
માટે અરજ કરવા આવી છું શાંભલો એ વીનંતી પરતી પાલ,
દયા કરી દુખ ટાલો દેહેનુ આપો એક બલવંતો બાલ,
દુખ દરીઆમા ડુબી છું કરો મેહેર લાગું હું તરવાને,
પહેલી આંધરી વાંઝની કુવારી ચોથી ગઈ દુખ હરવાને. ૨

તીજી શાએલી કહે દરીઆ માહારાજ લાજ રાખો મારી,
માત પીતા મારા ઘના ગરીબ છે હું છઉં જનમની દુખીયારી,

વીશ વરશની મારી ઊંમર તોબી છું હું કુવારી,
ઝુરીયા કરૂં છઊ રાતને દાડો વાગે કામની કટીયારી,
માટે આપો પધશા અમુને કાપો અમારી લાચારી,
જેથી લગન થાએ મારા જલદી વીનંતી કરૂં વારી વારી,
વેગે કરી વર મોકલો વેહુલો આવે ઘોડે ચડી વરવાને,
પહેલી• આંધરી વાંઝની કુવારી ચોથી ગઈ દુખ હરવાને. ૩

ચોથી કહે શાગરદેવ છેલી અરજ કરે એક અબલા નાર,
શરવે ચીજનુ શુખ મને પન ગાંડો છે મારો ભરથાર,
બાલપનથી કીધા લગન હું તીયારથી ઝુરૂ વારંમવાર,
લાઓ ઓશડ પાયા ધનીને તોબી ન આવે દુખનો પાર,
ધની છતાછે દુખ મને એવા જીવવા પરછે ધીકાર,
મેહેર કરી કરો શીહાનો પતીને તો જીઉ જગના આધાર,
ધન મારી માતાએ જન્મ મને આપ્યો આવું દુખ ભરવાને,
પેહેલી આંધરી વાંઝની કુંવારી ચોથી ગઈ દુખ હરવાને, ૪

ચાલીશ દન કરી ભગતી ચારોએ પ્રશન થયો દરીયા શાગર,
આશાં પુરણ કરી ચારની મેહેર કરી ચારો ઉપર,
પેહેલીને બેઉ આંઓ આપી બીજી ને આપ્યો પુતર,
તીજીને પધશા આપ્યો પછી મનગંમતો તે પરની વર,
ચોથીનો વર ગાંડો હતો તે થઈ ગયો ડાહો ચાતર,
દાદાભાઈ ઉશતાદ કહે કરે મોજમજા ચારો શુંદર,
નવરોજજી કહે મનીરાંમથી લાગા શાહેર ડરવાને,
પેહેલી આંધરી વાંઝની કુંવારી ચોથી ગઈ દુખ હરવાને, ૫

———o———

ગુજરાતી—(કલગીરના ખેયાલનો જવાબ)

(રંગત ખડી.)

નીંદરા વશ હું થયો એકાએક જોઈ એક પેયારી સપનામા,
કોઇએ જોઈ હશે ન જોશે એવી કોઇ નારી શપનામા,
કાન દઇને શમજો ભાઇઓ કહું હું શપનાની તે વાત,

ખાઇ પીઇ ને શુતો મજામાં મારે ઘેર એકલો એકાંત,
નીંદરા લાગી મને પ્રેમની પછી થઇ જીઆરે અરધી રાત,
તેવે શમે એક રંભા ઇંદ્રની આવી વાત કરે મારી સાત,
મીઠી તેના વાતની લાગી મને કટારી શપનામા,
કોઇએ જોઈ હશે ન જોશે એવી કોઈ નારી શપનામા. ૧

નીરખીને મેં જોયો ચલકતો કપાલપર તેના ચંદર,
કાલા બાલ વાંકડીઆ જોયા લટકતા બેઉ બાજુપર
ગાલ ગુલાબી આંખ જોઈ પછી લાલ હોઠપર પડી નજર,
દાંત દારમના દાના ગલું એ શરખું જોઈ મને થઇ ફકર,
તેનો જઇ પોંચો પકડું એવી વાત વીચારી શપનામા,
કોઇએ જોઇ હશે ન જોશે એવી કોઈ નારી શપનામા. ૨

નખ જોયા હીરા જેવા જોઈ હથેલી અંદર મેંદી લાલ,
બાંગ ચમકે આરીશા જેવુ છાતી જોઈ નારંગી મીશાલ,
પેટ શાફ મખમલ જેવુ કમર નાજુક હશતાની ચાલ,
વાંશો જોઈ બેહોશ થયો હું કરી શકયો નહી એક શવાલ,
જાંગના થંમ બીલોરી જોઈ ગઈ શુધ બુધ મારી શપનામા.
કોઇએ જોઈ હશે ન જોશે એવી કોઈ નારી શપનામા. ૩

પગની આંગળીયું નાજુક જોઈ પદમ થઓ હું તો બેભાન,
શવ્રગ મ્રગ પાતાલમાં કોઇએ જોઇ હશે નહી તેની શમાન,
દાદાભાઈ કહે મારેથી નહી થઈ શકતું રંભાનુ બયાન,
તન મન ધન કરૂં કુરબાન ... ક્રીષનાર પત નારી પર મારો જીવ પ્રાન,
મનીરામ કહે રાત આજની અરધી ગુજારી શપનામા.
કોઇએ જોઈ હશે ન જોશે એવી કોઈ નારી શપનામા. ૪

—o—

ગુજરાતી—(કીરતારની તારીફ) (શીંગાબી લોચન.)

(રંગત ખડી.)

તારશે એક પલમાં તુને હર માટે રાખ તેનો આધાર,
ધાર તું મનમાં અનેક કામ ઇનછા પુરન કરશે કરતાર,

તાર લગાડો તેના નામનો જેને રચીઊ છે જગ શનશાર,
શાર મલે તુને અંત શમામા માટે મનમાં કરો વીચાર,
ચાર વેદ છ શાશતર માંઈ લખીઆં હરીના નામ હજાર,
જાર જાર રડશો પેહેલે પંન અંત શમામા થાશો પાર,
પાર બ્રમ પરશોતંમ પ્રેમી એના નામથી કાજ શુધાર.
ધાર તું મનમાં અનેક કામ ઈનછા પુરન કરશે કરતાર, ૧

તારન હારો પીયારો શહુનો તેની કલાછે અપરંમ પાર,
પાર નહી તેની હીકમતનો શું કહું મોથી વારંમ વાર,
વાર ન લાગે તારે જો હરી શંત જનનો પાલન હાર,
હાર હાતેથી ફેરવો લઈને નામ પ્રભુનુ વો નર નાર,
નારથી ઉતપત કરી હરી એ નર એની કીરતી તું વધાર,
ધાર તું મનમાં અનેક કામ ઈનછા પુરન કરશે કરતાર, ૨

તાર તમે બાંધો શત ધરમનો હરી ચરનનો કરો શુમાર,
માર જંમની પડશે આખર માટે પાપ નહી કરો લગાર,
ગાર ન દેજો કોઈ શંતને રેહેજો ભજનમાં શહુ હુશીઆર,
ઈયારથી યારી મલશે આખર માટે નર ભજ કીશન મોરાર,
મુરાર મલશે અંતે માટે નર તું થા જીવનો ઓધાર,
ધાર તું મનમાં અનેક કામ ઈનછા પુરન કરશે કરતાર, ૩

તાર તાર જુદો મનનોકર ભજ નારાયન શાંજ શવાર,
વારંમ વાર કહેછે દાદાભાઈ હરીને મુખથી નહી વીશાર,
શાર નથી દુનીયામા માટે નહી કરો મનમા હંકાર,
કાર તજો મંનનો ભજો ભગવાન કરો દુખ મનને ઠાર,
ઠાર મનીરામ કરે શીંગાપી લોચન ગાઈને નીરધાર,
ધાર તું મનમાં અનેક કામ ઈનછા પુરન કરશે કરતાર, ૪

—o—

ગુજરાતી—ચાર દુખીયારીની વાત.

(રંગત ખડી.)

ચાર નાર શીંનગાર કરી જલ ભરવા નીકલી ચાર જણી,
પેહેલી ગંગા બીજી જમના તીજી કાશી ચોથી મણી,

પેહેલી ગંગા કહેછે બાઇઓ ધણી છે નાનો મારો વર,
રાતને દાડો ધેયાન રમતમા રાખે મારી નહી ફકર,
દુનીઆમા શી મોજ મઝા છે તેની તેને નહી ખબર,
એવા ધણી શાથે બાઇઓ મારૂ કેમ કરીને ચાલશે ઘર,
થાશે મારી વ્રોધ અવશતા તેયારે થાએ મારો જુવાન ધણી,
પેહેલી ગંગા બીજી જમના તીજી કાશી ચોથી મણી. ૧

બીજી જમના કહે બાઇઓ મારા માત પીતાની છે ધીકાર,
પઇશો જોઇને મોહી ગયા મને પરનાવીયો ઘરડો ભથાર,
તેને માટે હું ઝુરીઆ કરૂં જુવાનાનો મારો જાએ બહાર,
પીઉના આંગમાં શકતી નથી કે મારો કરે તે કાંઇ વીચાર,
શી રીતે મારા દાહાડા જાશે તેની મને છે ચીંતા ઘણી,
પેહેલી ગંગા બીજી જમના તીજી કાશી ચોથી મણી, ૨

કાશી કહે પરદેશ ષાંમ ગયો મુકીને મારો શંગાત,
દુખના દાહાડા વીતી જાએ પણ નથી કપાતી દુખની રાત,
મન કઠન કરી ગયા પર હરી કેને કહું જઇ દુખની વાત,
લઊં જોગનનો વેશ ફરૂં શઉ દેશ તજી હું કુટંમને જાત,
શુનું રંગ રૂપ શુનુ મંદીર શુની શેજ છે વગર ધણી,
પેહેલી ગંગા બીજી જમના તીજી કાશી ચોથી મણી. ૩

મણી એ ચોથી કહેછે બાઇઓ મારો ધણી છે રંડી બાજ,
ખાએ પીએ શુવે રાંડો ઘેરે કરેછે મનગમતા પીઉ રાજ
દાદાભાઇ કહેછે ચારોને ભજન કરો તો શુધરે કાજ,
મનની ઇંછા પુરણ કરે હર રાખશે કુળ દુનીઆમા લાજ,
મનીરામ મલીઓ ચારોને તેઆરે ખુશી થઇ મનમા ઘણી,
પેહેલી ગંગા બીજી જમના તીજી કાશી ચોથી મણી. ૪

——o——

ગુજરાતી—માલકની મદત વીશે.

(રંગત ખડી.)

જેના પર નહીં મેહેર હરીની તેંના કાજ તો શરે નહી,
અન શઠ તીરથ કરી તે નાહે તોપન તે નર તરે નહી,

જેના પર હોએ મેહેર હરીની તે નર પાપ હજાર કરે,
તોબી તેનુ કરે નીવારન પલમાં પેલે પાર કરે,
અમીરને કરવા ચાહેતો એક પલમાં લાચાર કરે,
મેહેર કરે જો ફકીર પરતો તેને ઝટ શરદાંર કરે,
મેહેર વગર માલકની પાપનું નીંવારન કોઈ કરે નહી,
અન શઠ તીરથ કરી તે નાહે તોપન તે નર તરે નહી, ૧

મેહેર કરી પેહેલાદ ઉપરતો અગનીમા તે બલ્યો નહી,
તપતી તેલની કડાઈમાં નાખ્યો તો તેમા તે તલ્યો નહી,
પાહાડ પરથી ફૂંકાવ્યો તોબી તેનો શાંવો એક હલ્યો નહી,
તાતા થંમથી બાંધવા કાડયો તોબી તે પાછો વલ્યો નહી,
થંબ ફાડીને કીધી શાહે તારા હુકમ વગર કોઈ મરે નહી,
અન શઠ તીરથ કરી તે નાહે તોપન તે નર તરે નહી, ૨

મેહેર કરી નરશી મેતાપર રૂપીયા ભરીયા પોતે માહારાજ,
કુવરબાઈનુ કીધું મોશાળું હરીએ આવી આપીઓ શાજ,
મેહેર કરી ધ્રોપતીના ઉપર ચીર વધારી રાખી લાજ,
જાંજાં ભીડ પડીછે તહાં તહાં આવીને કરીછ શીધ કાજ,
મેહેર હોય જેનાપર તે નર મારીયો મારીયો ફરે નહી,
અન શઠ તીરથ કરી તે નાહે તોપણ તે નર તરે નહી, ૩

દાદાભાઈ કહે મેહેર વગર આ ખીયાલપર શું કોઈ ખીયાલ કરે,
ઝવેરી બી નહી કરે બરાબરી પછે શુ કંગાલ કરે,
આવા ખીયાલને ગાવા મોનાપર નવરોજ મુલજી દયાલ કરે,
ગાઈ દોશોને ખુશી કરે દુષમનનાં બુરા હાલ કરે,
મનીરામ કાંઈ રામ રામના નામ વગર ઓચરે નહી,
અન શઠ તીરથ કરી તે નાહે તોપણ તે નર તરે નહી, ૪

——o——

ગુજરાતી—એ મતલબનો, ખેયાલ.

(રંગત ખડી.)

કરાવો નહીં લોકોથી દુષમની મરાવો નહી લુચ્ચાની પાશ,
શું મે તમારી કરી બુરાઈ વચ્ચન આપી મને કીધો નીરાશ,

રાજી થઇને આલો મારો હાત શાથ મારે ચાલો બાહાર,
તમારી મારી પેલથી દોશતી જાણેછે શઉ જગ શનશાર,
મોનું ધ્યાડોતો આપુ મોંમા પાનનું બીડું મશાલાદાર,
હાત જોડીને કરૂં તમારી વીનંનતી હું વારંમ વાર,
હાત પશારો તો આપું હાતમા ફુલ ગુલાબનું લેજો વાશ;
શું મે તમારી કરી બુરાઈ વચન આપી મને કીધો નોરાશ, ૧

બેશાડું તંમને ઘોડાપર હું આગળ પાછલ ચાલીને,
બાગમાં જઈ તમે લેજો હાતમા તુરો હું કેવલ માલીને,
માંથા નીચે મેલું તકીયો બીજો પગ વચે ઘાલીને,
શુજો હવામાં કરીશ તમારી પગ ચંપી ખુબ શંભાલીને,
જેમ કેશો તેમ કરીશ ચાકરી નઈ થાવા દું તમને ઉદાશ,
શું મે તમારી કરી બુરાઈ વચ્ંન આપી મને કીધો નીરાશ, ૨

રાજી થઇને ધાલુ તમારા ગલામા એક મોગરાનો હાર,
ખુબતરેથી મારૂ તમારી ટોલી દુષમંનની કરી વીચાર,
ફરીથી કોઇ નહી કરે દુષમંની તમારો એકે દોશદાર,
ભુલેથી કોઇ કરે તમારી છેડ તો તેને કરૂં ખુવાર,
ઉભોશું બારણામાં તમારી કરવા ચાકરી બારે માશ,
શું મે તમારી કરી બુરાઇ વચ્ંન આપી મને કીધો નીરાશ, ૩

દાદાભાઇનો બાલી હાતથી હાત શાથ ભેગા જાજો,
ભુખ્યા થાવતો આપે શાપુર કેરાં તમે મુંખથી ખાજો,
ભારી જોઇને બરજોરજીનો બીયાલ માયેની બે ગાજો,
કાવશજી નવરોજ અરદેશર નશરૂનો જોઇને લાજો,
રાખે મનીરામ, તમારા ઉપર પીયાર કરે તમારી આશ,
શું મે તમારી કરી બુરાઈ વચ્ંન આપી મને કીધો નીરાશ, ૪

———o———

ગુજરાતી—પરમેશવરના ભજન વીશે નશીયત.

(રંગત ખડી.)

શનંતદાર.

ક્રૃષન ક્રૃપાલુ કાલ કંનશનો ધેયાન તેનુ જે ધરે નહી,
ખબર વગરની ખટપટ ખોટી કરે કાજ તેનું શરે નહી

ગંગાધર ગીરધર ગોવીંદ ગોપાલનુ મન કોઇ હરે નહી,
ઘટ ઘટ ની ઘડીઆલમા પરઘટ રહે તે આવે નજરે નહી,
નટ નાગર નારાયનની ભગતી કરી જે નરે નહી,
ચરચા ચાડી કરે ચારમા કોઇદી મન તેનું ઠરે નહી.

દોહેરો.

છપાન કરોડ જાદવ કુલમા એક છેલ છબીલો શાંમ,
જલ થલમા જાહેર તે જગમાં પુરે મનની હામ,
ઝલકે ઝાડ હલે પાતરાં ઝુરે સુર હુકમ વગર એક ખરે નહી
ખબર વગરની ખટપટ ઓટી કરે કાજ તેનું શરે નહી. ૧

ટલી જાએ ટંટો આફત નર ઝેર પીએ તો મરે નહી,
ઠઠ મલી વેરી નુ નાખે આગમા તો તે બરે નહી,
ડડ થાએ દાતાને દુવારે જો ધરમદાન નર કરે નહી,
ઢંગ બે ઢંગી ઢોંગ ઢાંગથી ફરે કદી તે તરે નહી.

દોહેરો.

તંતર મંતર અંતરનો તું જાનવા વાલો ઇશ્વાર,
થર થર કંપે દેહી પાપથી બચાવજે કરતાર.
દયાલ દામોદર દાતાનુ નામ લીએ તે ડરે નહી,
ખબર વગર ની ખટપટ ઓટી કરે કાજ તેનુ શરે નહી. ૨.

ધરી ધીઆંન કરી પ્રેમ તરી જાએ પાપી કોઇ ઉગરે નહી,
નંદના નંદનને શેશઠી જે રચી તે કોઇથી ફરે નહી,
પલ પલમાં પાતાલથી પાણી આવે ટીપું એક ઝરે નહી,
ફુલ ફુલાદી ફુલે વગર જલ પવનથીબી થર થરે નહી.

દોહેરો.

બદ મશતી બે હોશી બદીને છોડો થાવો રાંક,
ભકતી કરો ભગવતની ભાઇઓ અંતે માફ થાએ વાંક.
મંન મંદરમા રહે મનોહર જરા તે મનથી પરે નહીં,
ખબર વગરની ખટપટ ઓટી કરે કાજ તેનુ શરે નહીં, ૩

અંધા છલમના આલશુ કોઇ દી નામ હરીનુ શમરે નહીં,
રશીલુ રૂપ જોઇ રાંમ ચંદ્રનુ વનચર ચારો ચરે નહીં,
લગાડી લવ હન મંનતે લંકમા કોઇનો વારીયો વરે નરીં,
વરશો વરશ વહી જાએ વાદમાં તોએી અધુરો ભરે નહીં.

દોહેરો.

શમરન કર શાવદ થઇ હરીના નામપર રાખ અમલ,
સરમ રાખ મનમા શમજ દારા કહે કરો નકલ.
હરી ક્ષમા કર અગીનીઆની મનીરામ તુને વીશરે નહીં,
ખબર વગરની ખટપટ ઓટી કરે કાજ તેનુ શરે નહીં. ૪

———o———

ગુજરાતી—ફુલની તથા તુરાની તારીફ.

(રંગત ખડી.)

શાંભલ દીલભર જાની મારા તુને કહું એક મીઠી વાત,
અગર તું જોવા માગે તો તુને દેખાડી દેઉ હાતો હાત,
છે જરતોશતી દીન બરહક એ તારા તું દીલમા જાન,
ભુલો ભુલો થઇ ભટકે છે નાહક શુ કરવા નાદાન,
આ ખટપટ તું મુકી દે શરવે કહીયુ મારૂ તું માન,
દીન પોતાની મુકી દઇને જુઠુ લેઇ બેઠો તોફાન.

ચાલ.

શાચી વાત તુને કઊં દીલ જાની,
મનમા શમજી લે તું ગેઆની,
મુકીદે આ શરવે તું કાહાની,
મુકે તો તારી થાએ મેહેરબાની.

વાત શાંભલી લે તું મારી શરવે ભાઇ છે તારી શાત,
અગર તું જોવા માગે તો તુને દેખારી દઊં હાતો હાત. ૧

દીલો જાનથી પાહા ગુશતાશપે દીન જરથોશતી કીધી કબુલ,
ખુશી થાઇને દીલમાં પોતે મુબારક હાતે આપીઊ ફુલ,

ફુલ લેઇને ષાહા ગુશતાશપે જોંઇ આયા બેહેશતનો પુલ,
તે ફુલની તું કરે નીંદા પડે તારી જીંદગીમાં ધુલ.

બેશત ફુલની જો ખુશબોઇ,
તેની કરેછે તું બદગોઇ,
હજુ તુને નહીં મલાયુ કોઇ,
પડીઓ દોજખમા જાની જોઈ,

ઉઘાડ આંખ તું જો પોતાની ફુલને ચાહેછે શરવે જાત,
અગર તું જોવા માંગે તો તુંને દેખાડી દેઊં હાતો હાત, ૨

માજદીઅશની છોડી જીઆરથી તેયારથી ફુટાં તારાં કરંમ,
અદેખાઈ તું કરે ફુલની કહાં રયો હવે તારો ધરંમ,
વાત શાચી કહીછે ભાઈ દીલમાં તું ના થાતો ગરંમ,
બાજ રોજ શઉ કરે ફુલપર એનીછે તુંને મોટી ષરંમ,

ચાલ.

એવા ફુલને દીલથી હું ચાહાઊં,
એને મુકી બીજે કહાં જાઊં.
કહાં વેર તુંને શમઝાઊં,
તું કહે તો તુને દીનમા લાઊં,

ગાંડો ઘેલો થઈ ઉઠીજા હંઇથી નઇતો કઠંન છે આજની રાત,
અગર તું જોવા માંગે તો તુને દેખાડી દેઊં હાતો હાત, ૩

નામ તારૂં વધે દુનીયામાં શાચી કાડ કોઈ એવો વગ,
જાની જોઈ તું નરખ કુવામાં શું કરવા મુકેછે પગ,
પગ મુક કોઈ એવે ઠેકાંને હશે નહી તુંને કોઈ જગ.
ષરમ લાગેછે મને કેવાને લોક કહે એતોછે ઠગ,

ચાલ.

એટલી વાત તુંને બશછે જાની,
એથી વધારે શું કહું તાની,
મોપરથી તારા ઉતરે પાની,
જે થઈ તે માઝી નાદાની,

આવી બેશ તું બગલમાં મારા પકડી લે હવે મારો હાત,
અગર તું જોવા માંગે તો તુંને દેખાડી દેઉં હાતો હાત, ૪

વાત ખરી યા ખોટીછે તે જઈ કોઈ ડાહાને પુછ,
હશે તે જો ડાહો તો તુને દેખાડી દેશે નીચ ને ઉંચ,
ચોતલ પેરીને બેશ શાંભે ઉતાર તું મોપરની મુછ,
નર વચંન યા નારીછે તે જઈ તારા ઉશતાદને પુછ,

ચાલ.

એટલી વાત હું કહુંછું હાલમાં,
મારૂં ક્યાંહાં પેર લપટીને શીયાલમાં,
માલ રહો નઈ હવે માલમા,
ફરક નથી આ દારાના ખીયાલમાં,

ફરીજો આવે દારાની શાંભે તો થાશે મુશકેલનો વાત,
અગર તું જોવા માગે તો તેને દેખાડી દેઉ હાતો હાત, ૫

——o——

ગુજરાતી—હલકાવોની હલકાઇ વીશે.

(રંગત ખડી.)

અકરમી કરમી ન થાએ જાએ હલકાની નહી કદી હલકાઈ,
વાંકાઈ શેકાઈ શલુકાઈ કરી કરી જાએ છલકાઈ,
તેમ હલકાને મલે માનતો તે જાએ અતી મન હરખાઈ,
ચોખાઈ ચાબાઈ ચતુરાઈ કરી કરી જાએ ઉભરાઈ,
એમ મુરખ ને મલે રાજતો મુકે ન તે નર મુરખાઈ,
બાદશાઈ ફુંકાઈ ફુંકાઈ તોબી ન ગઈ મન ગુમરાઈ,
મલે નીચને ઉંચ મરતબો તોબી ન જાએ તેની નીચાઈ,
વાંકાઈ શેકાઈ શલુકાઈ કરી કરી જાએ છલકાઈ, ૧

મોને મીઠુ બોલે મીનંત્ર ના રહી મીનંત્રોમા મીંનતરાઈ,
લુચાઈ ડોંગાઈ બુરાઈ જગે જગે શરૂ પંથરાઈ,
પુત્ર પીતાનું માને નહી લડી મરે કુટુંમ બેનો ભાઈ,
માહો માંહી શમાઈ લડાઈ કરે અદેખા અદેખાઈ,

કલી કાલમાં આંખ છતા થયા અધાં આવી ઝાંકાઈ,
વાંકાઈ શેકાઈ શલુકાઇ, કરી કરી જાએ છલકાઈ, ૨

ચુગલી ચાડી ચોરી લબાડી થઈ ખોટાનો ખોટાઈ,
અદકાઈ ઓછાઈ જુદાઈ રહી ઉડી ગઈ શાચાઈ,
કલી જુગમાં વેશીયાવો શતી થઈ પ્રતી વ્રતાવો રંડાઈ,
નકટાઈ નીંદાઈ ભુંડાઈ રહી ભડવાની ભડવાઈ,
મંનના હીના અકલના કોતા મુછ મરડી ચાલે મચકાઇ,
વાંકાઈ શેકાઈ શલુકાઈ કરી કરી જાએ છલકાઈ, ૩

જરીફ બંદાની પાશે રદ થઇ કવીઓની કવીતાઇ,
હરીફાઇ હીમતાઇ બડાઇ ના રહી કોઇની શરશાઇ,
બુરૂં ન કોઈ માનો ભાઇઓ મેં શરવે નશીયત ગાઇ,
નમનતાઇ નરમાઇ ભલાઇ રાખે નીત દાદાભાઇ,
મનીરામ કહે ઓછા અધુરાની ગઇ નહીં કદી અકડાઇ,
વાંકાઇ શેકાઇ શલુકાઇ કરી કરી જાએ છલકાઇ. ૪

ગુજરાતી—નશીયત શાનતદાર.

(રંગત ખડી.)

શેઠાઇ શરશાઇ શફાઇ તજી દો નર અભીમાની, તમે.
ઠકરાઇ હરીફાઇ તજી કરો ઇયાદ પાક ઇયઝદાની, તમે.
જી તાઇ માયા નહીં ભાઇ ભોગવશો ન જુવાની, તમે.
શાચાઇ દુનીઆ માંઇથી ગઇ શમજો નર ગીઆની, તમે.
હુકડાઇ હીમતાઇ બડાઇ કરતા ફરો નાદાની, તમે.
બદલાઇ શેકાઇ ન ભાઇ ચાલીયા ચાલ મશતાની તમે.
દાવાઇ દોંગાઇ લુચાઇ તજો ભજો નીરબાની, તમે.
ઠકરાઇ હરીફાઇ તજી કરો ઇયાદ પાક ઇયઝદાની, તમે. ૧

દાનાઇ નરમાઇ શીખીઆ અંગરેજી મુશલમાની, તમે.
ભાશાઇ ભાવાઇ ભુલાઇ બોલી ભુલીઆ હીંદવાની, તમે.

ઈતરાઇ અકડાઈ ફરીયા નહીં કદર કોઇની જાની, તમે.
ઉછલાઇ ઉભરાઇ ગયા આશા રાખી જીવવાની, તમે.
શાલુકાઇ ચાબાઇ કરી ઓઇ અમથી વ્રેય જીંદગાંની તમે.
ઠકરાઇ હરીફાઈ તજી કરો ઇયાદ પાક યજદાની તમે. ૨

તાતાઇ તુંનદાઈ તીખાઇ રહી કરી નુકશાની, તમે.
દુબાઈ ચતુરાઈ ભલાઈ ભુલ્યા વાત મરવાની, તમે.
નોધાઈ શઉ લખાઈ બદી તોયે શમજયા નહી અગનાયાની, તમે.
ચેતાઈ શમજાઈ ન મુગતી ઓલાવી જોત દીવાની, તમે.
લોપાઈ ધરમની વાત લુટાઈ તોયે થયા ધીયાની, તમે.
ઠકરાઈ હરીશાઈ તજી કરો ઇયાદ પાક યેજદાની, તમે. ૩

મચકાઈ અકડાઈ ન ચાલો શમજો આ દુનીયા ફાની, તમે.
નીચાઇ ઊંચાઈ ન જાણો જુવો વાટ તરવાની, તમે.
રાણાઈ કરો દાદાભાઈ કહે તો ગાવો શીફત તુરરાંની, તમે.
મડદાઈ મોટાઈ રાખોતો બનો શસ્વના દાનો, તમે.
છેલાઈ છાટકાઈ તજો વાત મનીરાંમની માની, તમે.
ઠકરાઈ હરીફાઈ તજી કરો ઇયાદ પાક યેજદાની, તમે, ૪

———o———

ગુજરાતી—નશીયત (શશાનો દોવંગ) કેદખંદી.

(રંગત ખડી)

શદા તું ભજ દાતાને ભાઈ મની તું તજ થઈ રાંમનો દાશ,
શના જરી કરી શીફત તું તર મંન શા પુરણ કરશે અવીનાશ,
શખા ભાઈ બંદું શાથે નઈ આવશે જાશે એકલો ખાશ,
શવાબ કર થા પર ઉપકારી નેકીનો નહી જાએ ખવાશ,
શંમાં પ્રમાને બોલણી ચાલવું પેહેલે કરી મંનથી અજમાશ,
શકાએ બોલવું હર કોઇનું તો શાંકી એ કરીયે નહીં કંકાશ,
શરાગતો નહી જાટી કરવી ગુજારવો કોઇપર ન તરાશ,
શના જરી કરી શીફત તું તર મંન શા પુઠણ કરશે અવીનાશ, ૧

શલા બુજરોગોની લેઈ પેહેલે પછી કામની કરવી તલાશ,
શપારશ ગરીબોની કરવી દીલાશો દઈ બેશાડી પાશ,
શભાહામાં જઈ વીચારી બોલવું કરવો બોધ મુખથી શતભાશ,
શચાઈ દાનાઈ જણાએ કાચાની વરતાએ કચાશ,
શફાઈથી વોચરઉ શુધ ફુલનજી થઈ નહીં જાઉ ફાશ,
શના જરી કરી શીફત તું તર મંનશા પુરણ કરશે અવીનાશ. ૨

શવાર શાંજ નહી ભુલ તું હરને રાખ તું એક મનથી અપવાશ,
શજાઈ શજ હર ભકતી પર તો અંતર ઘટમાં પડે ઉજાશ,
શતા શંપતી હીંયાં રહી જાશે ફીકી થાશે મોં પરની રતાશ,
શમાવશ દુખ શુખની કરવી ભકતીમાં રહી બારે માશ,
શયા કરો એક ગમને દીલમા જો હોય ધરણ કરવો શનીયાશ,
શના જરી કરી શીફત તું તર મંનશા પુરણ કરશે અવીનાશ. ૩

શરાપ કોઇને દેવો નહી જો લેવો હોય કદી ગામ ગરાશ,
શલા રાખવી નર હર જનથી વશરીને મન ભોગ વીલાશ,
શવાચીન મન કોઇને ન કરીએ રાખીએ નહી કોઇનો વીશવાશ,
શશાથી ઉંડુંછે કારશીયો કહે દાદાભાઇ આખરમાં શાંશ,
શલાંમ લેઈ અરદેશર કહે મનોરાંમ થયો છે ખીંયાલ ખલાશ,
શના જરી કરી શીફત તું તર મનશા પુરણ કરશે અતીનાશ. ૪

---o---

ગુજરાતી—શાત દુખીયારીની વાત.

(રંગત ખડી.)

જલ ભરવાને ચાલી કુવા પર શાતો શાએલી બની ઠંની,
પોત પોતામાં દુખની વાતો કરવા લાગી શાતો જની,
પેહેલી શાએલી કહે બાઇઓ શમજો મારા દુખની વાત,
ગાંજા બાજ છે મારો પતી તે ગાંજો પીએ છે દાડો રાત,
દાડો રાત મલી કરીને ચલમ પીએછે એકશો શાત,
તંન મંન ફુંકી દીધુ ગાંજામાં મારો નથી કરતો શંગાત,
મનમાં આવે તેમ બકીઆ કરેછે હલાવેછે પોતાના હાત,

તેને જોઈ હું ઝુરીઆ કરૂં વળી રડી રડીને જોઊં પ્રભાત,
ધન છે એના માત પીતાને મારે કરમે એવો લખીઓ ધની
પોત પોતામો દુખની વાતો કરવા લાગી શાતો જની. ૧

બીજી શાએલી કહે બાઇઓ ભંગેડી છે મારો ભરથાર,
શો શો લોટા ભાંગના પીવા જોઇએ તેને શાંજ શવાર,
ભાંગ પીઇને બકીઆ કરેછે હશીઆ કરેછે વારંમ વાર,
આખો દાડો ભાંગ પીએછે ઇયાદ નથી કરતો ઘરબાર,
રાતના આવી શુઈ જાએ તે મારો નથી કરતો કાંઈ વીચાર,
કેમ કરીને દાડા કાડુ ધની છતાં શુંનો શનશાર,
આખી રાત બાઈ જાગીઆ કરૂંછુ ધની જોતો નથી મારી ભની,
પોત પોતામો દુખની વાતો કરવા લાગી શાતો જની. ૨

તીજી શાએલી કહે બાઈ મારો ધની ઘનો પીએ દારૂ,
આખો દાડો પીઠામાં દારૂ પીએ ખાએ ખાટું ખારૂં
રાતના આવી હુકમ ચલાવે તેને જોઇને બીહે મન મારૂ,
નશામાં ગાળો દઇને કહેછે બાલ રાંડ મોડુ તારૂં,
નવાબ જેવી વાતો કરે હું ઘડી ઘડી એને વારૂં,
પછી નશામાં શુઈ જાએ કાંઈ ફકર નથી મારે શારૂ,
દારૂ પી ને કરે કજીઓ જાએ ચોકીમાં તેની મને ચીંતા ઘની,
પોત પોતામો દુખની વાતો કરવા લાગી શાતો જની. ૩

ચોથી શાએલી કહે બાઈ અફીની ધની શાથે હું વરી,
બબે માશાની એક એક ગોલી ખાએ દીવશમા ફરી ફરી,
જેઆરે જોઇએ તેઆરે ધનીની નશામાં આંખો રેહે ભરી,
એવા ધની શાથે બાઇઓ મારા દાડા જાશે કેમ કરી,
રાતને દાડો ઝુપીઆ કરે તેને મારી ચીંતા નહી જરી,
ધીકાર મારા જીવવાપર હું જનમતી વખતે કેમ નહી મરી,
નાની ઉમર મારી બાલ જોવાની ગઈ કોયલા જેવી બની,
પોત પોતામો દુખની વાતો કરવા લાગી શાત જની, ૪

પાચમી શાએલી કહે બાઇઓ મારો ધનીછે જુગારી,
રાતને દાડો જઈ ફાલમાં શરવે ચીજ તેને હારી,
ધંન દોલત માલ મતા હારીયો ઘરમાં નથી કરશીયો થારી,

શો પચાશની ગણુતી નહી તે ડાવ લગાડેછે ભારી,
મારવાડીની દુકાંને જઇને શર્વે ચીજ ગીરવી મારી,
કેમ કરીને દાડા કાડું ધની હાતી દાંતના વેપારી,
મને જનમ દુખીઆરી કરી દોલતની કાચી ફના ફની,
પોત પોતામો દુખની વાતો કરવા લાગી શાત જની, ૫

છઠી શાએલી કહે બાઈ મારો ધની ઘેર નહી આવે છે,
રાતને દાડો તાલીમમાં જઈ લેજંમ પટા ફરાવે છે,
દુધ મલાઈ હલવો આએછે દોશાને ખવરાવે છે,
રાતના શુવા જાએ તાલીમમાં મારો જીવ તરશાવે છે,
તેને જોઈ હું ઝુરીઆ કરૂં તે મને નહી બોલાવે છે,
હુંજો ધનીને બોલાવું તો ગાલો મને શંભરાવે છે,
મારી પાશે કોઇદી શુતો નહીં ખાઈ પીઇને ગયો લાલ બની,
પોત પોતામો દુખની વાતો કરવા લાગી શાત જની, ૬

શાતમી શાએલી કહે બાઈ મારો ધની રાખે મારેથી વેર,
મારી પાશે કોઇદી આવે ફરીયા કરે તે આખું શેર,
રંડીબાજીનો તેને શોખ તે પડી ખાએ રાંડોને ઘેર,
મંન ગંમતા રંગ ભોગ કરે, ને મને જોએ પાનીમા ઝેર,
જુવાંનો મારી ખીલી રહીછે જેમ ચડે શાગરની લેહેર,
પુરવે જનમ શું પાપ કીધું તે ધની જરા નહી રાખે મેહેર,
પેલે જનમનો વેરી ધની મને બોલ મારે બરછીની અની,
પોત પોતામો દુખની વાતો કરવા લાગી શાત જનો, ૭

પાની ભરી રડી વાતો કરીને પાછી ફરીશું શાતે નાર,
પુરવે જનમના પાપ હતા જેથી શાતોના એવા ભરથાર,
દાદાભાઈ ઉશતાદ અમારા અમને છે તેનો આધાર,
તેને જોઇને દુશમન અમારા જલી બલીને કરે વીચાર,
શાપુરજી એમ કરી કહે ગુજરાતી ખીયાલો છે એક હજાર,
ખરશેદજી નશરવાંનજી નવરોજ ગાશે મલી તનો દોશદાર,
મનીરામના ખીયાલ શમજી ચીંતા દુશમનને થઈ ઘની,
પોત પોતામો દુખની વાતો કરવા લાગી શાત જની. ૮

—o—

ગુજરાતી--કલગીનો જવાબ, આશકનો ગંમ, માશુકની જુદાઇ.

(રંગત ખડી—ચાલ જુની)

તારા ઇષકને કારન તજી મેતો દુનીયાદારી,
વીરેહે પ્રેમમાં વેયાકુલ થયો ગઈ મરી મતી મારી,
કોને જઇને કહું મારા દુખી દીલડાની કાહાની,
તારા વગર મારાપર કોન કરી શકે મેરબાની,
માલ મતા કરી ફના! તજીયાં મે શગા કુટંમ જાની,
નહી રાતના આવે ઊંઘ નઈ ભાવે અન પાની,
રાતને દાડો કહીયા કરૂછું હું પેયારી પેયારી,
વીરેહે પ્રેમમાં વેયાકુળ થયો ગઈ મરી મતી મારી, ૧

લીધો વેશ જોગીનો કીધો મે બુરો હાલ મારો,
પ્રેમનાં બંદનથી થાશે હવે કેયારે છુટકારો,
નશીબનાં આગલ ચાલે નહી ગુનીં જંતનો ચારો,
હવે જો આવે મોઓત તો આવે આ દુખનો આરો,
પેહેલથી જાણી પ્રીત મે મીઠી હવે થઈ ખારી,
વીરેહે પ્રેમમાં વેયાકુળ થયો ગઈ મરી મતી મારી, ૨

ઝુરીઆ કરૂછુ જીઆરે ઇયાદ આવે આગલનો પેયાર,
પેહેલા પીયારના બદલામા પાછ્લથી મારીયો માર,
એવું જાનતે તો પીઆરના નહી થાતે અખતીઆર,
આગલ હશીઓ હું એટલો રડી પાછલથી થયો લાચાર,
પીયાર ગરાંનો હાર યાર દુખ દીધુ બહુ ભારી,
વીરેહે પ્રેમમાં વીઆકુળ થયો ગઈ મરી મતી મારી. ૩

જરીફ દાદાભાઈ કહે ના થાવો ઇષકમાં ખુવાર,
નવરોજી કાવશજીની નશીયત માનો હર વાર,
શેઠ ફરામજી પ્રેમચંદ દે છે નર નશીયત ચાર,
ચોરી ચાડી ઇષ્ક લબાડી કરવી ન કોઇથી યાર,
મનોરામ થયો ખુશી જોઈ જીવાની હુશીયારી,
વીરેહે પ્રેમમાં વીયાકુળ થયો ગઈ મરી મતી મારી ૩

———o———

કજોડું.

ગુજરાતી—કલગીરનો ખેયાલ પર ખેયાલ-

(રંગત ખડી—ચાલ જુની.)

બાલ કંથના દુખના કહાં વેર ઉચકી શકુ ભારા,
કહે શુંદર મે પુરવે જનમ શુ કરમ કીધા કારા,
પેહેલા એનો એવું જાનતે તો હું ખાઇને વીખ મરતે,
માત પીતાને શરમ ન આવી મારા વીવા કરતે,
ધન શામુ જોયુ ન હતે તો આ દુખ નહી ભરતે,
અરે એની કેમ મરી ન ગઈ હું ફેરા ચાર ફરતે,
દાડો રાત હું ઝુરીઆ કરૂં બાલ કંથના જોઈ ચારા,
કહે શુંદર મે પુરવે જનમ શું કરમ કીધાં કારા. ૧

શોલ વરશની મારી ઊંમર પતી બાલ નાદાન,
છોકરાવોને શાથે રમે જઈ કરે બહુ તોફાન,
જાએ નીશાલે ભાલે ન મુજને નથી ગેયાન કે શેયાન,
જોઇ જોઇને બાલ કંથને વાગે વ્રીહે ના બાન,
બાપની શાથે રાતે શુવે હું ગનીઆં કરૂ તારા,
કહે શુંદર મે પુરવે જનમ શું કરમ કીધાં કારા ૨

ભાવે નહી અન પાનો નીંદરા રાતે નહી આવે,
મારી બેન પનીઓમા જાઊં તો શઉ મને શરમાવે,
મારા દુખી દીલને કોન શખી પ્રેમથી શમજાવે,
કોન હશાવે કોન મનાવે કોન ખાવા લાવે,
મોજ મઝા દુનીઆની શું તે જાણે નહી પીઉ મારા,
કહે શુંદર મે પુરવે જનમ શું કરમ કીધાં કારા. ૩

દાદાભાઈ કહે બાલ કંથ વાલી બહુ દુખીયારી,
મરી ગઈ વીખ ખાઈ માત પીતાને ધીક્કારી,
મરે તે વખત મા બાપોનો એક કઠન હાએ મારી,
પઇશા લઈ મને ભુલી ગયા દીધુ આ દુખ ભારી,
મનીરામ કહે એવા બાપમાં પઇશાના પીયારા,
કહે શુંદર મે પુરવે જનમ શું કરમ કીધાં કારા. ૪

હીંદુશતાની—(નશીયત) નનાનો અઠંગ.

(રંગત ખડી.)

નીરાકાર નરોતમ નીરંજન શચ્ચીદાનંદ નર મનમોહન,
નારાયન નર શંગ ખાતે નીત દધ માખન નંદકે નંદન,
નાદાની નહી કર તજ ગેયાની નવ જોવાની ફાનો તન,
નીંદા નર નારીકી નહી કર હરે ચરનનમે કરતું નમન,
નાથા નાગજા કાલા ક્રીશનને નીરાશ કીયા નાગીનકા મન,
નન પનમે ખેલન નીત જાતે બન બનકી ઘેરે ગવલન,
નીધાન નંદકા કાન માન નર મીટ જાવે શબ જન્મ મરન,
નારાયન નર શંગ ખાતે નીત દધ માખન નંદકે નંદન. ૧

નાગર નટને નેયારી રચના રચી કર ઉનકા બરનન,
નેયારી ધુન શુન બંનશીકી શખ્ખીયંનકે નીકશ મોહે તન મન,
નાકનમે લટકન પેના નથની કાનમે લાગી ઝલકન,
નગન ભઈ નીરલજ નાચનકો લગી પેન નએ અભુકપન,
નેનનમે પાની ભર લીના શુનકે નાદભઈ બેરાગન,
નારાયન નર શંગ ખાતે નીત દધ માખન નંદકે નંદન. ૨

નગરી તજ દીનરેન નીકશ ગઈ નાર નરબદાપે બંન ઠંન,
નદી નાલે નીરબહે નીત નાહાતે નટવર નંદ કીશન,
નરહી તનમે જાન બેધાન ભુલ મનકો કીના હય નોરધન,
નાતવાન હો વારે તન મન પ્રાન ધુન બનશી કારન,
નીધાન નંદકા કાન માન નર મીટ જાવે શબ જન્મ મરન,
નારાયન નરશંગ ખાતે નીત દધ માખન નંદકે નંદન. ૩

નુંનકા અઠંગ ગના પોયાના નહીતો જાના ગુની અદન,
નશરવાંન નવરોજ ગાએ નીરાલે નયે નયે છંદ નયુ લછમન,
નાનાભાઈ નોકર દારાકા નીષાન માને શનંત શજન,
નામ તું લે નીત નીરનજનોકા તુરા ગાના ગા ગુનીજન,
નઈ નઈ રંગત બનાવે નીત મનીરામ જીનોકા ક્રીષનપે મન,
નારાયન નરશંગ ખાતે નીત દધ માખન નંદકે નંદન, ૪

———o———

હીંદુશતાની—અધર દુંદાવાલાની ઉપર.

(ખડી રંગત એઆલ.)

શરશ કરત હે લીલા શખી શંગ એલે રાશ નંદ લાલ, શરશ.
શરશ શરલીકી તાંન ગા રહે કાન આન કરે તાલ, શરશ.
શરશ તીરથ અનશઠ નરકરલે કટે કાલકી જાલ, શરશ.
શરશ કરનીકર નરતજ પાહી લેલે ગદાઈ હાલ, શરશ.
શરશ શાધના શંતકી રખતે આશન હરનકી ખાલ, શરશ.
શરશ નેકી કર જહાંકે અંદર ખડા તેરે શીર કાલ, શરશ.
શરશ હય રટના હર શંકરકી રટતે દીન દયાલ, શરશ.
શરશ શરલીકી તાંન ગા રહે કાન આન કરે તાલ. શરશ. ૧

શરશ હય પેહેરા રતના ગરકી ગંગાકા હય તાલ, શરશ.
શરશ રચાઈ રચના જલ ખલ અકલકા રતન નીકાલ, શરશ.
શરશ દીખે જંગલકી ઘટા ઝહાં ચંદનકી હય છાલ, શરશ.
શરશ નાદ અંનહદકા ગરજે ઝંહાજં ચંગ કડતાલ, શરશ.
શરશ નચત હય નાચ ક્રીશનજી કાંધે જરકી શાલ, શરશ.
શરશ શરલીકી તાન ગા રહે કાન આન કરે તાલ, શરશ. ૨

શરશ ઝલક જંહાં અંદર ચંદ્રકી હંનંશકી એક હય ચાલ, શરશ.
શરશ બીજ અનાજ કે અંદર દેખ ચનેકી દાલ, શરશ.
શરશ રાજ રાનીકા અટલ હે લનડનકી ઘડીઆલ, શરશ.
શરશ તેગ હથીઆરકે અંદર ગેંદેકી હય ઢાલ, શરશ.
શરશ ગાનાં ગાએ નહી નર લગે ગેયાનકી નાલ, શરશ.
શરશ શરલીકી તાન ગા રહે કાન આન કરે તાલ, શરશ. ૩

શરશ પાહેરી દારાકી જેઘશી શાંચેકી ઢાલ, શરશ.
શરશ નીરંન જનકા ગાના ગા તરગએ કંઈ કંગાલ, શરશ.
શરશ ગા રહે છંદ નીરાલે ઝડ રહી હય ટક શાલ, શરશ.
શરશ આંગશે જલાયા લકડા નીકાલે હીરે લાલ, શરશ.
શરશ શીકંદર દંગલ અંદર ગાએ ખીયાલશે ખીઆલ, શરશ.
શરશ શરલીકી તાંન ગા રહે કાન આન કરે તાલ, શરશ. ૪

—0—

હીંદુશતાની—કલગીના ખેયાલ પર ખેયાલ (દુખનો.)

(ખડી રંગત.)

દુખકા દીલમે ભરા મેખ્ખેલ ઉપરશે બતાતે ધો ધો કર,
જનમ લીયા નહી ભજન કીઆ ઓ દીઆ શુખ શબ શો શોકર,
જે કોઇ જનમાં નર વો શુખ દુખ શંગ લેકે આયા પીયારે,
જીનનો પરી હેવાં કેયા ઇંનશાં કેયા અદનાં કેયા શરદારે,
ઇંદ્રભી દુખીયા ચંદ્રભી દુખીયા દુખીયે હય નવ લખ તારે,
દુખીયે શુરજ આકાશ ધરતી કે દુખકા નહી શુમારે,
બ્રમાકો દુખ શીવકો દુખ બીષનુને શહા દુખ કંઇ બારે,
દરીયા દુખીયા જલચર દુખીયે બનચર દુખીયે હય શારે.

ચાલ.

દુખીયે બશુ દેવ દેવકી પડે કેદ ખાંને,
જીનકે છે બાલક મારેથે કંનશા ને,
હરી ચંદ્ર તારા રોહી દાશ ફીરે બન મેયાંને,
ખીકાએ ભંગી કે ઘર જદ મીલે ભગવાને.

દુખીયે પ્રાચતી ઢોંગી શોંગી ઊંમ્ર ગુમાતે રો રો કર,
જનમ લીયા નહી ભજન કીયા ઓ દીઆ શુખ શબ શો શોકર. ૧

રાજોંકે માહારાજા દુખી જીનકી દુખી રઇઅત શારી,
શાધુ શંત પંડીતભી દુખીએ શહેતે દુખ કંઈ તપ ધારી.
ઝાડભી દુખીયાં પથર દુખીયા મીઠીકો દુખ હય ભારી,
જવાંન દુખીયા બાલક દુખીયા બુડેકો દુખ અદ કારી,
દુખીએ દરશત કૌવશલલીયા રાંમ લખંન દુખી શીતા નારી,
રાવંન શરીકા હો ગયા દુખીયા જીનપે પ્રશંન જટા ધારી,

ચાલ.

દુખીયે પાંચ પાંદવ છઠી ધ્રોપતી નારી,
જીને દોલત ગમાંકે ઐારત તક ભી હારી,
શહા દુખ નલ દમીયંનતી ને તનભારી,
ફીરે બંન બંનમે દોઉ ભુખે શહી લાચારી,

પાહા અમીર પેહલવાંન મરે કંઈ લાખો દુખીયે હો હો કર,
જનમ લીયા નહી ભજન કીઆ ઓ દીઆ શુખ શબ શો શોકર. ૨

કીશીકો દુખ હય રાજ પાટકા કીશીકો દુખ માલો જરકા,
કીશીકો દુખ હય ઔરતકા ઔર કીશીકો દુખ હયગા બરકા,
કીશીકો દુખ હય ઔરોંકા ઔર કીશીકો દુખ હોગા ઘરકા,
કીશીકો દુખ હય ધંધેકા ઔર કીશીકો ઈલમ હુનરકા,
કીશીકો દુખ હય ગહેનેકા ઔર કીશીકો દુખ હય બશતરકા,
કીશીકો દુખ હય તન કાયાકા કીશીકો દુખ હય પુતરકા,

ચાલ.

હય કીશીકો દુખ પીતાકા ઔર માતાકા,
હય કીશીકો દુખ બહેનાકા ઔર ભ્રાતા કા,
હય કીશીકો દુખ દોસ્તોંકા કુટંમ નાતાકા,
હય કીશીકો દુખ દુશમંનકે કડંન બાતાકા,

કીશીકો દુખ બેતી બાડીકા મરતે બીંજ કો બો બો કર,
જનમ લીઆ નહી ભજન કીયા બો દીયા શુખ શબ શો શો કર. ૩

કોઈ હય અંધા કોઇ હય બહેરા કોઈ હય ગુંગા ભાઈ,
કોઈ રગત પીતીયા કોઇ લંગડા કોઈ કે બાલ નહીં શીર માહાંઈ,
કોઈ કા દુખતા શીર નાક ઔર આંખોમે લાલી છાઈ,
કોઈકા દુખતા હાડ આવે તપ કોઇ કે તનમે હએ બાઈ,
કોઇ કો ઉલટી કોઇકો ઝાડા કોઇને પટી લગવાઈ,
અનેક તરાંકે શહેતા દુખ તંન અશર શુખકી નહી પાઈ,

ચાલ.

કોઇકો હય શરદી કોઇકો હય ગરમી,
કોઇકો દુખ તેજીકા કોઇકો નરમી,
એકશા શહેતે દુખ કેયા પાપી કેયા ધરમી,
હમેશાં શહેતે હય દુખ જગમે કુડ કરમી,

કીશીકો દુખ માશુકકા ફીરતે બનમે ચેનકો ખો ખોકર,
જનમ લીયા નહી ભજન કીયા બો દીયા શુખ શબ શો શો કર. ૪

શુખ ચાહો તન કાયાકા તો ભજલો નર હરી હરકા નામ,
જંહાંતક જીઓ વહાં તક મીલે શુખ અંત મુકતહો આતમ રાંમ,
અનેક ભગતકો દેતે હંય શુખ યેશે દાતા શુંદર ષામ,
દાદાભાઈ ફીશતાદ હમારે પીએ હંય શુખ ઇંમસ્તકા જામ,
રામ ભજન બીન દુખ પાવેગી કાયા શબકી શુભહો ષામ,
નવરોજજી જીવાજી કહે ગાઓ ગુન હરીકે શુધરે કામ,

ચાલ.

એક હજાર નવશો એકતાલીશકા શંને,
જેઠ શુદ પંચમી શોમવારકા દંને,
શામકે બજેતે ચાર શુનો ગાવંને,
ઉશ વખ્ત બનાયા ખીયાલ કીયા રોશંનને,

મનીરામ મુકતેલા હુવા હય મોહોનો મુરતપર મોહો મોહોહર,
જનમ લીયા નહી ભજન કીયા ઓ દીયા શુખ શબ શો શો કર. ૫

હીંદુસ્તાંની—(કલગીના ખેયાલપર ખેયાલ) ફકીરીનો જવાબ.

(રંગત ખડી.)

ભુખો મરને લગે ઉશ લીએ પયેની કફની ફકીરોંકી,
ઘર ઘર માગંન જાઈ હોએ જદ પેટ ભરાઈ અધારોંકી,
માગંન જાવે અલક જગાવે ટેર લગાવે પીરોંકી,
જાહેરમે ફાકા કરતે ગુપ્તમે પતલ ભરે શીરોંકી,
શુકા ટુકડા મંગ ખાવે પીવે તુમડી ભર નીરોંકી,
તીશપે તુંમ કહેતે હો શાંઇકો નહી પરવા હય અમીરોકી,
બાહારકા આવે વોઇ ખાવે કવડી ન ખરચે ગીરોંકી,
ઘર ઘર માગન જાઇ હોએ જદ પેટ ભરાઇ આંધરોંકી. ૧

થોડી શી શીખલી કોઇશે તુમને શાધના બીરોંકી,
જટા બડાઇ બને ગોંશાઇ તલપ કરે જાગીરોંકી,
તીન પેહેરશે મુરતી પુંજે જાએ કે હર મંદીરોકી,
જોઇ મન ભાવે વોહી ચુરાવે મુરતી લાલ ઔર હીરોંકી,
બડી બડી બાંતે ષહા હોંકી કરે ખબર ન વજીરોંકી,
ઘર ઘર માગન જાઇ હોએ જદ પેટ ભરાઇ અધીરોંકી. ૨

લગાવે તનપે ખાક કમરમે ગીરે હે પડી જનજીરોંકી,
શુકા તુકડા તક મીલે નહી પન ઓવ્વાયશ રખતે ખીરોંકી,
ચેલે કરને લગે શખીકો બાત શુનાં બાહીરોંકી.
કાન ફાડ ઝોલી ખપરદે હાલત કરે અશીરોંકી,
ગાંજા ભાંગ શુકા પીકે કી ખરાબી ખુબ શરીરોંકી,
ધર ધર માંગન જાઇ હોએ જદ પેટ ભરાઇ અધીરોંકી. ૩

જો કુચ લીખી બદી વો આવે પેષબાત તકદીરોંકી,
તકદીરાં કે આગે ચલતી તાશીર નહી તતબીરોંકી,
બંદા ઔર જરીફ કહે એ નશીયત દારા મીરોંકી,
જેએશા દેના વએશા લેના એહી કહેની નજીરોંકી,
મનીરામ કહે શોબત કરના નહી એશ બેપીરોંકી.
ધર ધર માંગન જાઇ હોએ જદ પેત ભરાઇ અધીરોંકી. ૪

—o—

હીંદુશતાની—કલગીરના ખેયાલપર ખેયાલ.

(રંગત ખડી.)

(તુરાની તારીફ.)

અજર અમર અબનાશી તુરા હે ચીત ચૈયતન દરશાવેગા,
પડા રહેગા લાલખંબ તેરે જમકો બાંધ લે જાવેગા,
ભરમ જાલમે પડા તુ આકે કહાં નીરનજન પાવેગા,
ધુંધ કારકે બીચ બીરાજે કેયેશા તુજે નજર આવેગા,
તુરા નીરનજન અલક આપ ઓં હંગકાર શબકે મન ભાવેગા,
ઉશે દેખને જો ચાહે વો કદી ન ધેશત ખાવેગા,
બીના હોકમ નહી આવે જમ દેખ કંમ તાકાત હો જાવેગા,
પડા રહેગા લાલખંબ તેરે જમકો બાંધ લે જાવેગા. ૧

રોમ રોમમે અલક નીરનજન તુરા નામ શત આવેગા,
અલક નીરંનજંન તુરા વોહી કોઇ શુનકે ધેયાન ચીત લાવેગા,
શત શંગત બીન અરથ ન શમજે શબ્દશે માર ગીરાવેગા,
ગુરૂ કરે શો ગેયાનકો પાવે નુગરા શુન પશતાવેગા,

લાલખંબશે નહી બાંધા જાવે તુજે અધર બીચ લટકાવેગા,
પડા રહેગા લાલખંબ તેરે જમકો બાંધ લે જાવેગા. ૨

અલક્ નીરંજંન વોહી તુરા અંધેકો કયા નજર આવેગા,
તુરા નીરંનજંન અગમ અગોચર તીનો ગુન થીર કાવેગા,
ઉન તીનો ગુનશે તું દેખલે લેહેર લેહેર લેરાવેગા,
નોરાકાર નીરધાર તુરા વો આપી આપ કહે લાવેગા,
જો નીંદા તુરેકી કરે પડે કીડે શીશકતા જાવેગા,
પડા રહેગા લાલખંબ તેરે જમકો બાંધ લે જાવેગા. ૩

તુકન અમેલગીર શીવ પ્રશાદ કહે જો તુરેકો ધેયાવેગા,
ધેયાવેગા શો પાવેગા મુરખ મનમે ષરમાવેગા,
રતનગીર એઉં કહે મીર તેરાતો જુવાબ પોંચાવેગા,
નએ નએ રંગત તુમ નીકાલો કહેકે ચંગ ખડ કાવેગા,
દાદાભાઇ નીત લીએ ખીયાલ ગીયાનોમે તુમે ફસાવેગા,
પડા રહેગા લાલખંબ તેરે જમકો બાંધ લે જાવેગા. ૪

રંગત મારીજાન.

ગુજરાતી—પરવરદેગારની તારીફ.

રંગત મારીજાન.

કર મેહેર મારાપર દયાનંદ આનંદ તું,
મારીજાન=મને બશ તારો છે આધાર,
દયા કરીને શરવે શંકટો મારાં કરજે પાર,
કર શાફ મનશની રાખ એકીદો તેપર,
મારીજાન=કોઈ શંકટમાં, આવે કામ,
હર આફત મુષકીલમા લેજે તે શાહેબનું નામ,

છે નામ જબાંપર તે શાહેબનુ જેના,
મારીજાન=કદીના રેહેશે તે બેફામ,
ચાહે ઝેરનુ આપો પીઆલું તે થાએ અમરતનુ જામ.

ચાલ.

શાફ મનશની રાખે જે ઇનશાને,
તે કદી ન ભુલો થઈ ફરે બે ભાને,
હર આફતમા મુષકેલ થાશે આશાને,
મારીજાન=તુંતોછે જગનો પાલન હાર,
દયા કરીને શરવે શંકટો મારા,કરજે પાર. ૧

આ રંજ ગંજમાં શઉનો શાથી તું છે,
મારીજાન=નામપર શઉ તારા તડપે,
જે પર રેહેમની નજર કરે તે પેહેલો આવી ઝડપે,
છે નામથી તારા બીલકુલ જે અનજાણો,
મારીજાન=તેનાપર જોષમાં તુ કડપે,
નાબુદ કરે આ દુનીયાથી લેઇ ઝાનમમાં દડપે,

ચાલ.

જે કરે ઇબાદદ તારેથી ઝઘડીને,
તે કરે હમેશાં મોજ ખુબ રગડીને,
દુનીયાની મોજથી બેઠા જે બગડીને.

મારીજાન=નામપર તારા થઈ નીરા ધાર
દયા કરીને શરવે શંકટો મારાં કરજે પાર. ૨

હું ગુનેગાર બંદો છુ તારો જાની,
મારીજાન=કીધાછે હુંએ ઘના હવે પાપ,
ફરજંદ શમજીને મને માફ કર=હવે તું મારા બાપ,
કયામતના વખ્તનો ધોકો દીલમા મારા.
મારીજાન=ગુનેગારોને વલગે શાંપ,
તેથી દયા કર તું મારાપર મારા પાપ તું કાપ.

ચાલ.

આ શરવે ગુનાનો કરૂછુ હું તોબા,
એ ગુનાહોના દીલમાછે મારા ગોબા,
ક્યાંમતના દાડામા દેશે ખોદાવંદ ચોબા,

મારીજાન=હુંતો બંદોછું ગુનાહાગાર,
દયા કરીને શરવે શંકટો મારાં કરજે પાર. ૩

કર ખામોષ જબાંને ધર કદમ તારો બંદગીમા,
મારીજાન=જરીફ એમ શઉને શમઝાવે,
કરો કામ રૂડા નેકીના શરવેને મન ભાવે,
છે એક ઇબાદત લાખો આફતથી બેહેતર,
મારીજાન=ચાહે કોઇ કરીને અજમાવે,
કરે બંદગી દારા રોજ દુષમનને તરશાવે,

ચાલ.

કહે મનીરામ આધીન શમઝ નર ગેયાની,
જેપર શાહેબની હોએ ખરી મેરબાની,
અરદેશર મારો લએ ખીયાલ હક કાનો,

મારીજાન=કરો બંદગી માનો ઉપકાર,
દયા કરીને શરવે શંકટો મારાં કરજે પાર. ૪

——o——

ગુજરાતી—(ક્રીસ્નજીની તારીફ) ભગત્ત માલ.

(રંગત મારીજાન.)

શ્રી જગજીવંન મનમોહન મેનોહર પીયારા
મારાજ=દીન બંદુછો મુકંદ મોરાર,
શીવ કરતા દુખ કરતા તમો શંતોના શરજનહાર,
શોવાંમી શકતીના અંતર જામી તમોહર
મારાજ=દયા નોધ દામોદર દાતાર,
શુંદરષામ કીશોર તમારો લીલા અપરંમપાર,

શીવ શંકાદીક ભજે તમને તમે ભજો હરને
મારાજ=દુષ્ટ દઇતોને મારીયો માર,
શરનાગત ભગતોને રાખી તમે ઉતારો પાર,

ચાલ.

તમે બાલપનામા મારી પુતના મારી,
તંમ ચરનના રજથી તરી અહીલા નારો,
તમે લજા રાખી દ્રોપતીની ચીર વધારો,
તમે કરી કરૂણા નારી ગુણકા તારો.

માહારાજ=દાશ ભગતોનો શાએ કરનાર,
શીધ કરતા દુખ હરતા તમો શંતોના શરજનહાર. ૧

મારી કનંશને માત પીતાના બંનદન તોડીઆ,
માહારાજ=ઉતારીયો ભું ભુંમીનો ભાર,
મારકંદ નરશી મેહુતા પર ક્રીપા કરી કરતાર.
મોશાલુ કુવરબાઇનુ કીધુ તમે આવી,
માહારાજ=આપીયો શઉ શાજ થઈ શાહુકાર,
મોહો પાંમીયા જોઈ લીલા તમારી શઉ તે કુટંબ પરીવાર,

ચાલ.

તમે છેદી તાડ એક બાંણથી વાલી મારયો,
તમે હીતબંદુ શુગરીવ ને ભએથી ઉગારયો,
તમે શોંપી રાજ વીભીષણને રાંવણ શાહાંરયો,
તમે અજામેલ શુરદાશ ભગતને તારયો,

માહારાજ=દયાના દાની તમો દીલદાર,
શીધ કરતા દુખ હરતા તમો શંતોના શરજનહાર. ૨

કમલા પત હરી હરીચંદ્રનુ રાખીઊં શતજી,
માહારાજ=કરી ભગતી તરેયા ભકત હજાર,
કરૂણા કરી પેલાદ ઉપર લીધો નરશંગ અવતાર,
કબીર વાલમીક તુલશીદાશને તારેયા,
માહારાજ=કશાઈ શંજન તરેઆ નીરધાર,
કાલો નાગ નાથીને ક્રશન નીકલેયા જમનાંનીબાર.

ચાલ.

તમે શીવ શારૂ રૂપ ધાર્યું પારવતીનુ,
તમે નવ લખ્ખ જન તારેઆ શત રાખી શતીનું,
તમે રાખીછ માન હનમાનજી ખીર જતીનું.
તમે ગીયાંન આપ્યું ભગતોને શુધ મતીનુ,

માહારાજ=દયાના દાનો તમો દીલદાર,
શીધ કરતા દુખ્ખ હરતા તમો શંતોના શરજનહાર. ૩

પરમાંનંદ બાલ મુંકંદ ધણી ધરણી ધર,
માહારાજ=પ્રભુ પૃથવીના પાલન હાર,
પુરો હીત હર દાદાભાઇને દીયો દરશ એક વાર,
પરશોતમ પ્રેમી હરી હર પર દુખ્ખ હરણંમ,
માહારાજ=પરી બ્રમ મમ હીત પ્રાણ આધાર,
પ્રેમચંદ મતીમંદ શાહે તેની કરજો શવરગને દુવાર.

ચાલ.

તમે ત્રીભોવન નાથ કરપા કાનજી પર કરજો,
તમે ભાનજી પાશે શુભ વાણી ઓચરજો,
તમે હાત અરદેશરનો અંતમા ધરજો,
તમે મોરાર પરશોતમના દુખ્ખને હરજો.

માહારાજ=દ્રશન મનીરામને દીઆ કીરતાર,
શીધ કરતા દુખ્ખ હરતા તમો શંતોના શરજનહાર. ૪

—o—

ગુજરાતી—કજોડું.

(રંગત મારીજાન.)

તમે બાળપણામા પરનાવી કજોડાં શાતે,
મારીજાન=તેથી હું બળુંછું દાડો રાત,
હવે ષરમ છોડીને માતા કહુંછું શરવે વાત,
એ વાત મારી પેલેથી તું શાંભળ,

મારીજાન=હતી હું ઘની નાદાન,
આ બાળપનામા રમવા વગર બીજું હતું નહી ધેયાન,
હું ભર જોબનમાં જીયારે માયજી આવી,
મારીજાન=જોયો મારો ધણી ઘનો બેભાન,
તેયારથી મારા કલેજાં અંદર વાગે વીરહેના બાંન,

ચાલ.

હું રડી બડીને દાડા પોતાના કારૂં,
આ દુખ જોઇને હાત માથાપર મારૂં,
આ મા બાપે કંઈ નથી કીધું મારૂં શારૂં,
લોકોના જોઇ પોતાના જીવને બારૂં,

મારીજાન=રહું બેશીને હું એકાંત,
હવે પરમ છોડીને માતા કહુંછું દુખની વાત, ૧

મારી ઊંમર વીશની ધની શાંભળો દશનો,
મારીજાન=જોઇ શું મને તે પરનાવી,
કજોડું મારૂં જોઈ માતા તને લાજ નહીં આવી,
શું પઇશા જોઇને મગન થઈ ગયા તમે,
મારીજાન=દીધી દરીયામા ઝોકાવી,
આ પઇશા જોઇને તમે મારા પર ગયાછો ફાવી,

ચાલ.

આ જીંદગીના દાડા મારા કેમ કરી જાશે,
હું થઇશ ઘરડી તેયારે જુવાંન એ થાશે,
એટલામા કમર મારી ઝોકા ખાશે,
પછી શું કરવા એ આવે મારી પાશે,

મારીજાન=જાનીજોઈ તમે કીધો મારો ઘાત,
હવે પરમ છોડીને માતા કહુંછું દુખની વાત. ૨

આ ચરવે દુખની વાત કહુંછુ તમુને,
મારીજાન=હવે કંઇ વાંક નથી મારો,
રોજ થાયને રડી બડીને કાડુછુ દાડો,

જીંદગીના દાહાડા પુરા થઇ ચુકયા મારા,
મારીજાન=રહયો નહી હવે કંઇ ચારો,
મોત મારૂ મોકલ ખોદાવંદ થાએ છુટકારો,

ચાલ.

જીંદગીમાં મારૂ હવે રહયુ નહી કોઇ,
આ દુખમા નાંખી મને જાની જોઇ,
આ શરવે જીંદગી મારી અકારત ખોઇ,
બેઠી છુ હવે હું હાત પોતાના ધોઇ.

મારીજાન=ગુજરે મારી પાહાડ જેવી રાત,
હવે ષરમ છોડીને માતા કહુછુ દુખની વાત. ૩

હું બંદો ગુનેગાર છું બંદાનો,
મારીજાન=પ્રભુ તું રાખજે મારી લાજ,
જરીફનો છુ ગુલામ દીલથી તે છે શરનો તાજ,
હર વખ્ત દયાની નજર રાખ દારા પર,
મારીજાન=ન કર તું કોઇનો મોતાજ,
દયા રાખજે આ દારા પર હવે તું માહારાજ.

ચાલ.

હું તનો બંદનથી ગુનેગાર છું તારો,
તું દયા કરીને માફ ગુના કર મારો,
આ દુનીયામાં હવે નથી રહો કઇ ચારો,
હું અદના છું એક ગરીબ ઘણો બીચારો.

મારીજાન=કહુછું જોડી બંને હાત,
હવે ષરમ છોડીને માતા કહુંછુ દુખની વાત. ૪

---o---

ગુજરાતી—તારીફ ખુદાની.

(રંગત મારીજાન.) હુકાની.

છે ખુદા આશરો મને ફકત એક તારો,
મારીજાન=મારો તો તુંજ છે મદતગાર,

ચાહે માર જીવાર ઈયાર તારો હું તાબેદાર,
દીલ દરીઆમાં મારા તું વશેછે દીલબર,
મારીજાન=ઝુકાઉં તુને હમેષા શર
મુરાદ મારા મનની માલક જલદી લાવજે બર,
આ મારી જબામા નામ છે વાહાલા તારૂ,
મારીજાન=રાખજે શદા તું રેહેમ નજર,
તારી દયા જો હોશે તો હુ તરીશ ભવશાગર.

ચાલ.

હરદમ હું વાહાલા તુને ઈયાદ કરૂશુ
હુ પાપ કરેથી દીલમા બહુ ડરૂશુ
હર ઘડી ઘડી હુ તારૂ ધેયાન ધરૂશુ,
હું તુને જોવાને ઈહાં તાંહાં ફરૂશું.

મારીજાન=નમુશુ તુને શદા દાતાર,
ચાહે માર જીવાર ઈયાર તારો હું તાબેદાર. ૧

આ એહુ જાહાંનમાં તારી ઝલક છે ભારી,
મારીજાન=નમેછે તુંને હરએક ઈનશાન,
જે કોઈ તુને શમજે છે ભુલતા તથી તેવો ગુનવાન,
રોશન છે તારૂ નામ ઓ માલક મારા,
મારીજાન=શઉનુ તુંજ કરે કલીયાન,
પાર નથી તારી કુદરતનો ઓ મારા યજદાન.

ચાલ.

તું જે કંઈ કરે તે થઈ જાએ એક પલમાં
તુ ઘટ ઘટમા પરઘટ વશતી જંગલમા,
તું વશછે જલચર વનચરમા જલ થલમા,
તું પોતે એક ચનચલ લાખો ચનચલમા

મારીજાન=હું તુને ભુલુ ન પાલન હાર,
ચાહે માર જીવાર ઈયાર તારો હું તાબેદાર. ૨

હું ઈહાંવાહા ભટકુછુ ઈયાદમા તારી,
મારીજાન=દીદા કીધુ તારા પર મન,

મેહેર કરીને હવે મેહેરબાં થઈ જા તુ પરશન,
તુ થાએ મેહેરબાં અગર કદી મારા પર,
મારીજાન=તો મને લાખો નડે વીગન,
એક વીગનમા કશુ નહીં એવો તું કષ્ટ હરન.

ચાલ.

તું દયાનો દાતા દીલભર શર છતર છે,
ષાહા ગદા અમીર પેલવાનોને તારોડર છે,
તારા તાબામાં જીવજંત હર નર છે,
બહુ લેહેર મેહેર તારી મારા ઉપર છે.

મારીજાન=પાલેછે તું શગલો શનશાર,
આહે માર જીવાર ઇયાર હું તારો તાબેદાર. ૩

હું જેટલી કરૂ તારીફ એટલી બશ થોડી,
મારીજાન=શીફત નહીં થાય તારી લગાર,
જેને કરીછે તારી શીફત તેને ખાધી છે હાર,
કંઈ રૂશી મુની ગુની પંડીત મરી ગયા ગયાંની,
મરીજાન=ન પાંમ્યાં તે બી કોઈ વીશતાર,
જાંહાં જોઇએ તાંહાં તારી કુદરત નજર પડે કીરતાર.

ચાલ.

આ એઉ જાહાંનમા તારી બાદશાઇ છે,
હરએક જગોમા તારી રૂશનાઇ છે,
ઉશતાદ ખરો મારો દાદાભાઇ છે,
મનીરાંમની મદતમાં જાદવરાઇ છે.
મારી જાન=ઉતારો અરદેશરને પાર,
આહે માર જીવાર ઇયાર તારો હું તાબેદાર. ૪

—o—

ગુજરાતી (નશીયત)—માતાનુ વરણન.

(રંગત મારીજાન.)

મરો કાકા મામા ઇશતરી ને માશા માશી,
મારીજાન=મરો કદી ભાઈ બેનને તાત.

પણ શઉથી વાહાલી આ દુનીયામાં મરો ન કોઈની માત,
જેનીએ લાખો માંનતા કરી પુત્રને શારૂ,
મારીજાન=ગઇ તે મસીદ મંદર માં
લાખો તીરથ વરત કીધા લઈ દીધા દાન કરમા,
કરી મેહેર હરી જો આપે પુત્ર ફલ તેને,
મારીજાન=તો ખુશી થઈ બેશે ધરમા,
લાખ જતનથી નવ મહીના શુધી રાખ્યો ઉદરમા.

ચાલ.

અતી દુખ વેઠીને પછી જન્મ મને આપ્યો,
મને જોઇને માના મનમાં હરખ બહુ વાધ્યો,
લઈ હરખ પ્રેમથી મને એ રૂદીયે ચાપ્યો,

મારીજાન=દુધ પાઇયું દાબી છાતી શાત,
પણ શઉથી વાહાલી આ દુનીઆમાં મરો ન કોઇની માત. ૧

બેશાડી ગોદમાં મને તે જોયા કરતી,
મારીજાન=પ્રેમથી માતા ધવરાવે,
લઈ આરામા ખવરાવે જે મારે મન ભાવે,
હું બાલ હટ લઇને જો કદી રીશાઉ,
મારીજાન=લાડથી માતા શમજાવે,
રોતો મને કદી જોયતો વારેઘડીએ ફોશલાવે.

ચાલ.

મને મોટો કીધો ખવરાવી ધવરાવી,
મેં પાણી માગીયું માતાએ આપ્યું દુધ લાવી,
મારૂ ગયુ બાલપણ હવે જુવાની આવી.

મારીજાન=જાણવા લાગો શઉ રીતભાત,
અરે શઉથી વાહાલી આ દુનીઆમાં મરો ન કોઈની માત. ૨

હું થયો જુવાન તોયે એવોજ પ્રેમ મારાપર,
મારીજાન=માત તારા ગુણને કેમ વીશરાયે,
શેષના જેટલી થાયે જીભીયા તોબી નહી વખણાયે,
લોકોનુ દલનુદરીને મને ઉછેરયો,

મારીજાન=શીખાડી વીદ્યા હુનર કલાએ,
પ્રાંનથી વધારે મને તું ચાહાતીતી મારી માએ.

ચાલ.

પુત્રપર માતનુ હેત હમેશા એઉ,
જેમ પાણીપર માછલીનુંછે હેત તેઉ,
મા વગરનુ બચ્ચુ ફરે પશુના જેઉ,

મારીજાન=માના ગુણ ભુલે તે કમજાત,
અરે શઉથી વાહાલી આ દુનીયામા મરો ન કોઈની માત. ૩

આ શમાના બાલક જુવાન થાએ જીયારે,
મારીજાન=રાખે તે સ્ત્રી ઉપર પીયાર,
માને ઘણુ દુખ દીયે ન દીયે દુખ નારીને લગાર,
ગાલો દીયે માને વલી મારવા ચાહે,
મારીજાન=છે તેવા નર ઉપર ધીકાર,
કદી માત નહી હોતેતો તમે જોતે કેમ શનશાર.

ચાલ.

જેનીયે લાઓ આફ્રત એચી તમારા શારૂ,
કહે જરીફ માને હમેશ બચું પીયારૂં,
કહે દાદાભાઈ મા વગરનુ બધુ નકારૂં.

મારીજાન=મનીરાંમ કહેછે શાચી વાત,
અરે શઉથી વાહાલી આ દુનીયામા મરો ન કોઈની માત. ૪

—o—

ગુજરાતી—(ભાઇ બેન વીશે.) (પઇશા શારૂ થઇ ભાઇની ખરાબી.)

(રંગત મારીજાન.)

આ પઇશા ખોટા કરે જીવની હાની,
મારીજાન=કાન દઈ શમજો કહુ એક વાત,
પઇશા શારૂ પાપણી બેને કીધો ભાઇનો ઘાત,
તે પાપણી બેનનો હતો શગો ભાઈ વાહાલો,

મારીજાન=બાહારથી કમાઈ જર લાવ્યો,
દુર દેશાવરથી મલવાને બેનને ઘેર આવ્યો,
આવી મલી બેનને મોહોર પાંચ દીધી,
મારીજાન=ભાઇને માનથી બોલાવ્યો,
શારી રશોઈ કરી જમાડી ભાઇને શુવરાવ્યો.

ચાલ.

શુતો ભાઈ રાત થઈ અરધી ઉઠી પછી નારી,
કહે શવાંમીનાથ મારા ભાઇને નાખો મારી,
પછી દોલત આવે આપણા ઘરમા શારી,
શમજીને વાત નર વીચાર કરેછે ભારી,

મારીજાન=ધ્રુજવા લાગા તેના પગ હાત,
પઇશા શારૂ પાપણી બેને કીધો ભાઇનો ઘાત. ૧

પછી ઘડી ઘડી શવાંમીને કેહેવા લાગી,
મારીજાન=હું નઈ મારૂ કહે ભરથાર,
પછી કમર કશી થઈ તયાર તેને જરા ન લાગી વાર,
જઈ ભાઇની છાતીપર ચડીને બેઠી,
મારીજાન=ફેરવી ગલા ઉપર તલવાર,
જરા દયા નઈ આવી કીધો તેને શગા ભાઇને ઠાર.

ચાલ.

બકરાને જેવી નાંખી ગરદન છાંટી,
પછી કોઠી નીચે મુકીયો ભાઇને દાટી,
ઉપર નાખયા કાંકરા ફેરવી માટી,
થઈ શવાર જીયારે શુરજની કનીયું ફાટી.

મારીજાન=વીતી ગઈ રાત થઈ પરભાત,
પઇશા શારૂ પાપણી બેને કીધો ભાઇનો ઘાત. ૨

તે બીજે દીવશે ગયો શપનામા બઇરીના,
મારીજાન=કહી બીના શઉ વીશતારી,
કોઠી નીચે દાટાયોછે મને મારી શગી બેને મારી,

તેની ખબરી ગઈ પછી જલદી રાજા પાશે,
મારીજાન=રાજાને કહી વાત શારી,
પાપનો ઘડો ફુટી ગયો ચરચા થઇ ગઈ ભારી.

ચાલ.

રાજાયે શીપાઇયો દીધા તરત મોકલાવી,
તે તકશીરવાન ઓરતને પકડી મંગાવી,
તેના ભાઇને કાહાડીયો જલદી ખાડો ખોદાવી,
શઉ મુદો લઇને ઉભા રાજા કને આવી.

મારીજાન=જોવાને મલી તીંયાં હરએક જાત,
પઇશા શારૂ પાપણી બેને કીધો ભાઇનો ઘાત. ૩

રાજાયે કમર શુધીનો ખોદાવ્યો ખાડો,
મારીજાન=તેમા નાખી તે નારીને,
અરધા ધડના કટકા કીધા મારી હતીયારીને,
શઉ જોઈ જોઇને ચરચા કરવા લાગા,
મારીજાન=ખબર થઈ દુનીયા શારીને,
પઇશા શારૂ શગી બેને નાખીયો ભાઈ મારીને.

ચાલ.

કહે દાદાભાઈ ઉશતાદ બનેલી કાહાની,
શેઠ શાપુરજીપર શાહેબની મેરબાની,
ખરશેદજી મેહેરવાન નશરવાન તંદો ગીયાની,
નવરોજજી કાવશજી આદર શેહેલાની.

મારીજાન=મનીરામ કહેછે મન શંગાત,
પઇશા શારૂ પાપણી બેને કીધો ભાઇનો ઘાત. ૪

———o———

ગુજરાતી—એક દુખીયારીની અરજ (રંદીબાજ ધણી વીશે.)

(રંગત મારીજાન.)

તમે રજા આપો હું જાઉં માહેરે મારે,
મારીજાન=શાશુજી શમજો મારી વાત,

ધની મારોછે રંડીબાજ તે ફરેછે આખી રાત,
રાતના જમી ધણી ફરવા ને જાયેછે,
મારીજાન=જાયે દંકીદોલ ભીંડીબજાર,
ફનશવાડી ચકલો મલીને રાખી રાંડો ચાર,
તે રખડી રઝડીને શવારના આવેછે,
મારીજાન=મને નહી ચાહાતો મારો ભરથાર,
શાશુજી એને દોને શીખામણ જાયે ન કોઈ બાહાર,

ચાલ.

આપણી નાત જાતમાં શરવે ફજેતી થાયે,
શઉ શગાં વાહાલાં કુટંમની આબરૂ જાયે.

મારીજાન=નામ રાખેછે આપણી જાત,
ધની મારોછે રંડીબાજ તે ફરેછે આખી રાત. ૧

હું કેમ કરીને બજારમા બાઈ જાઉ,
મારીજાન=મને લોકો શરમાવેછે,
આવો ધની લખીયો કરમે આખા કુલને લજાવેછે,
હું પાણી ભરવા જાઊં છું પનઘટ ઉપર,
મારીજાન=શેહેલીયુ ભેગી આવેછે,
મારા ધણીના બાહાદુરીની વાતો શંમજાવેછે,

ચાલ.

તે વાતો શમજીને નીચુ જોઈ શરમાઊં,
કેમ કરૂ શાશુજી જેહર ખાઈ મરી જાઊં.

મારીજાન=શાશુજી મરીશ કરીશ આપઘાત,
ધની મારોછે રંડીબાજ તે ફરેછે આખી રાત. ૨

શાસુને કહી પછી ગઈ તે શશરા પાશે,
મારીજાન=શશરાજી શમજો વાત મારી.
ધણી છતાં છે દુખ મને હું જનમની દુખીયારી,
ધણી જાયે રાતના ફરવા રાંડોને ઘેરે,
મારીજાન=શીખામણ દો એને શારી,
જાએ ન કોઇદી બાહારે તો મને દુખ મટે ભારી.

ચાલ.

નહીતો મારે જેહેર ખાઇને મરઉ,
રાંડોના ફંદથી છુટે ધણી કામ તે કરઉ.

મારીજાન=નથી કરતો મારો શંગાત,
ધની મારોછે રંડીબાજ તે ફરેછે આખો રાત. ૩

તમે જાવો વહુજી ઘરમા હું ફહુંશું તેને,
મારીજાન=વહુજી મન મારી રહીયે,
આપણા ઘરની વાત વહુજી બાહારે નહી કહીયે,
બાહારે ફરવા નહી જાઇએં દીકરા મારા,
મારીજાન=વાત શમજી શઉની લઇયે,
પરણી નારી મેલી દીકરા બાહારે નહી જઇયે.

ચાલ.

તે વાત શમજીને છોડી રંડીબાજી,
દાદાભાઈ શેઠ શાપુરજી થયા બેઉ રાજી.

મારીજાન=મનીશંમ ફરેછે તેની શાત,
ધની મારોછે રંડીબાજ તે ફરેછે આખી રાત. ૪

---o---

ગુજરાતી—(ગીરફતારી) (આશકની આજીજી માશુક પાશે.)

(રંગત મારીજાન.)

હું ઘેલો થઇને ફરીયા કરૂશું પીયારી,
મારીજાન=હશીને બોલ તું મારી શાત,
તારે વગર અરે પીયારી મારી કોન શમજે વાત,
કોઇ નથી મારા માબાપ શગા કે ભાઈ,
મારીજાન=નથી કોઈ મારૂં કુટંમ પરીવાર,
નથી પાશે ધન દોલત વલી નથી મારૂ ઘરબાર,
હું થયો વેરાગી તારી ઇયાદ જીયારે લાગી,
મારીજાન=તીયારથી ઝુરૂશું વારંમવાર,
હવે પડીયો હું તારે દુવાર જોઇયે જીવાર જોઇયે માર.

ચાલ.

આ દુખના દાહાડા તારે વગર કેમ કાહાડું,
હું મારી કટારી માથુ જુદુ પાહાડું.

મારીજાન=કરૂ તારા દુવારપર જીવનો ઘાત,
તારે વગર અરે પીયારી મારી કોન શમજે વાત. ૧

હું ફરી ફરીને આઉ તારી પાશે,
મારીજાન=નામ રાખેછે શઉ દોશદાર,
મને તારે વગર પીયારી લાગે શુનુ શકલ શનશાર,
મારી મનથી માયા લાગી તુને મલવાની,
મારીજાન=જોઇયેતો માર મને તલવાર,
મરવાથી નહી બીવાનો મને તારો એક આધાર.

ચાલ.

તું માયા લગાડી મેલી દેજે નરી મુજને,
શઉ નામ રાખશે જગમા મુજને તુજને.

મારીજાન=પ્રોત નહી જાણે નીચ ઉચ જાત,
તારે વગર અરે પીયારી મારી કોન શમજશે વાત. ૨

લોકના કહાથી મને બોલ મારેછે,
મારીજાન=બોલ તારો વાગે મને જેમ તીર,
કડવો બોલ તારો શમજીને વીંધાયેછે મારૂં શરીર,
આગલના બોલ તારા મીઠા ઇયાદ આવેછે,
મારીજાન=જે દાહાડે પીતા અમરત નીર,
ઝેહેર ભરી હવે વાતો શમજી કેમ ધરૂં હું ધીર.

ચાલ.

જગમા તુબી બદનામ થઈ મારા શારૂં,
પીયારી હુંબી થયો બદનામ તારા શારૂં.

મારીજાન=મારો તજતી નહી તું શંગાત,
તારે વગર અરે પીયારી મારી કોન શમજશે વાત. ૩

આ પ્રીતની રીત નીભાવી ઘણી કઠણછે,
મારીજાન=પ્રીત ઘણું દુખ દેખાડેછે,
પ્રીત પાયેછે ઝેર પ્રીત પાણીમા ડુબાડેછે,
તજાવે પ્રીત માબાપ શગા ને ભાઈ,
મારીજાન=પ્રીત પરદેશમા કાહાડેછે,
પ્રીત ભાંગે ભુખ શુખ દુખ માથું ઉદાડેછે.

ચાલ.

દાદાભાઈ કહે નહી પ્રીત કોઇથી ન કરીયે,
કરી પ્રીત કોઇથી પછી ન હરગીજ ડરીયે.

મારીજાન=મનીરાંમ કુશીયો પ્રીતને હાત,
તારે વગર અરે પીયારી મારી કોન શમજે વાત. ૪

———o———

ગુજરાતી—આશકની જુદાઇ, માશુકનો વીલાપ.

(રંગત મારીજાન.)

હું થઈ દીવાની જાન ઈશ્કમા તારા,
મારીજાન=મુકી કાં ગયો મને જાની,
રાતને દાડો થઇને બાવરી ફરછું દીવાની,
પેહેલેથી મોહોબત જોડી તેં શું કરવા,
મારીજાન=દીલને મારા કીધું દીવાનાપન,
દીવાનાપન કરીને મારૂ લુટી લીધું તનમન,
તે પરખી દયા તુને જરા મારી નહીં આવે,
મારીજાન=ભટકતી ફરછુ હું વન વન,
રાતને દાડો ઈયાદમાં બલેછે આ જોબન.

ચાલ.

હું પરઘરની પરનાર જોયો તુને જયારે,
તીયારથી દીધુ મેં તજી શરવે શનશારે,
તારી મોહોબતમાં હું થઈ છઉં લાચારે,
મને નથી ગમતુ હવે મારૂ ઘરબારે.

મારીજાન=તીરતે મારયો એવો તાની,
રાતને દાડો થઇને બાવરી ફરૂં છું દીવાની. ૧

મેં લીધો જોગનનો વેશ થઈ લાચારે,
મારીજાન=ઢુંડવા નીકલી હું વનમા,
પડે તાપ ઉપરથી પશીનો છુટે અતી તનમા,
ચો તરફ ફરી હું કયે નજર નહીં આવે,
મારીજાન=ઇયાદ હું કરૂ મારા મનમા,
તારા આશરા વગર હરી કોઈ મારૂ નથી જનમા.

ચાલ.

ફરતા ફરતા મારા પગમા છાગડા આવે,
મારા દીલભર પ્રીંતમની રે ખબર કોઈ લાવે,
હું પાપન દુખીયારીને કોન શમજાવે,
મને તેના વગર નહીં અન જલ બીલકુલ ભાવે,

મારીજાન=ગરે મારા નહીં ઉતરે પાની,
રાતને દાડો થઇને બાવરી ફરૂં છું દીવાની. ૨

એક પલભરખી નથી ચેન દીલને મારા,
મારીજાન=મેહેર તું કરજે પ્રભુજી આજ,
આ ઇશ્ક મોહોબતમા રાખજે હરદંમ મારી લાજ,
તુજ વગર આશરો નથી રહીયો કંઈ મારો,
મારીજાન=કોન જઈ કહું દુખી દીલની દાજ,
આ દુનીયાની વચે મારૂ લુટાઈ ગયું છે રાજ.

ચાલ.

હું થઈ બેઠી લાચાર આશરે તારે,
મારો દીલભર પ્રીંતંમ જાન આવશે કીયારે,
હું ખુશી થઇને જોઉં તેના દીદારે,
કર મેહેર તુ દુખીયારીપર હવે કીરતારે.

મારીજાન=કહું કોને જઈ આ કાહાની,
રાતને દાડો થઇને બાવરી ફરૂં છું દીવાની. ૩

કર કબુલ મારી અરજ પ્રભુ દુખ ભજંન,
મારીજાન=કરો હવે દુખીયારીપર મેહેર,
તારી મેહેરથી દીલભર મારો ચાલી આવે ઘેર,
હું મગન થઇને જોઉં મારા દીલભરને,
મારીજાન=જેથી મારા મનમા આવે લેહેર,
હું પાપન દુખીયારીને તું દુખ દેશે કાંહાંવેર.

ચાલ.

એટલામા તો એક શખશ દોડતો આયો,
તેને જોઇને મારો જીવ ઘણો ગભરાયો,
તે જોઈ દીલમા મને પોતે શરમાયો,
કહે ચાશતે રહી તારા ધણીની ખબર લાયો,

મારીજાન=દારા કહેછે રે દીલજાની,
રાતને દાડો થઇને બાવરી ફરછું દીવાની. ૪

—o—

ગુજરાતી—પતીની જુદાઇ વીશે નાર કરતી વીલાપ—અંતે થયો મીલાપ

(રંગત મારીજાન.)

પરદેશ ગયા બેની શવાંમીજી મારા,
મારીજાન=કોને હું કહુ દુખની વાત,
શવાંમી વગર પડી શુનીશેજ જાગ્યે એક વરશની રાત,
પતી માયા લગાડી મેલી ગયા બાઈ મુજને,
મારીજાન=ગયાને વરશ થયાંછે બાર,
કે દાડે બેની આવશે મન માણક હયાનો હાર,
શવાંમીની ઈયાદમા આખી રાત હું જાગુ,
મારીજાન=શુનુ લાગે મારૂ ઘરબાર,
શુનુ લાગે મારૂ રૂપ લાગે શુનો શોલે શણગાર.

ચાલ.

બાઈ બાલપણાથી શવાંમીથી માયા લાગી,
પણ હજી શુધી નહીં કાયાથી કાયા લાગી.

મારીજાન=મેલવી ગયા હાતથી હાત,
શવાંમી વગર પડી શુની શેજ જાએ એક વરશની રાત. ૧

હથેવાલો મેલવી ગયા પર હરી મુજને,
મારીજાન=શોક તેને કોણ મલી હશે,
જેનીએ મારા પ્રાણ નાથને રાખીયો કરી વશે,
મને ખબર પડે મારો શવાંમી કોઇને તાંહાં છે,
મારીજાન=પછી જો મારો જીવ જશે,
કદી નથી બીવાની જે થવાનુ હશે તે થશે.

ચાલ.

હું જઇશ છોંડી ઘરબાર થઇને ઘેલી,
જીવ દઇશ શવાંમીના પગમા માથુ મેલી.

મારીજાન=કરીશ હું મારા જીવનો ઘાત,
શવાંમી વગર પડી શુની શેજ જાએ એક વરશની રાત. ૨

જેમ તડફે માછલી પાણી વગરની અલગી,
મારીજાન=તેમ તડપુ વારીવારી,
કેમ કરીને પ્રાણનાથ શવાંમી શુધ ભુલીયા મારી,
મારી આંખ છતાં પતી મને આંધરી કીધી,
મારીજાન=મીઠાઈ મને લાગે ખારી,
તમ છતાં મને પ્રાણનાથ કેમ રાખી દુખીયારી,

ચાલ.

આ રંગ બંગલામા કેમ કરીને રહીયે,
આપણા મનની બાઈ વાત કોને જઇ કહીયે.

મારીજાન=નથી શવાંમી મારી શંગાત,
શવાંમી વગર પડી શુની શેજ જાએ એક વરશની રાત. ૩

એમ વીનંતી કરીને કહે ઘણી કરગરીને,
મારીજાન=પ્રભુજી હું છઊં અબલા નાર,
તમે મારો તમે જીવારો તમારોછે આધાર,
આ દુખના દાહાડા કેમ કરીને કાહાડું,

મારીજાન=વીંનતી કરૂ છઉ વારમવાર,
હવે નથી રેહેવાતું પ્રભુ મેલવો મારો ભરથાર.

ચાલ.

નહીંતો પ્રભુ હું ઝેર ખાઈ મરવાની,
શવાંમીના વગર પ્રભુ આપઘાત કરવાની.

મારીજાન=એમ કહી જોડીયા બને હાત,
શવાંમી વગર પડી શુની શેજ જાયે એક વરશની રાત. ૪

કરી મેહેર પ્રભુએ ઘણી નાર અબલાપર,
મારીજાન=શવાંમી આવ્યો ઘેર માંઇજી,
ફુલન શેજ તયાર કીધી કીધી રૂશનાઇજી,
ફુલોનો ભભકો કીધો શજ્યો તન શાજે,
મારીજાન=કશર નહી રાખો કાંઇજી,
મન ગમતા રંગ ભોગ કીધા કહે દાદાભાઇજી.

ચાલ.

શેઠ શાપુરજી ખરશેદ કહે રાજી થઇને,
નવરોજ નશરવાં બેઠા ભેગા જઇને.

મારીજાન=મતીરાંમ મલ્યો પછી એકાંત,
શવાંમી આવ્યાથી શેજ શજી ગઈ હશી ખુશીથી રાત. ૫

——o——

ગુજરાતી—(ચાર દુખીયારી પનહારન) ચાર ચોકમાં ચાર બોલી.

(રંગત મારીજાન)

મલી ચાર શહેલી જાએછે જલ ભરવાને,
મારીજાન=ચારોની જુદી જુદી જાત,
મુશલમાની વાણીઆણી મરાઠન બોજણ તેની શાત,
પેહેલી મુશલમાની કહે બુરા ખશમ મેરા હએ,
મેરીજાન=જાતા રાંડાકે ઘરકોજી,
શારી રાતવો ફીરતા આતા બડી ફજરકોજી,

રાંડાકા ઘરમે જા જાકે શોતા હમ્મે,
મેરીજાન=નુટાયા માલવો જરકોજી,
મેરે શંગ નહી શોતા અબ મેય જાઉ કીદરકોજી.

ચાલ.

બાઈ મેરે ઘરમે કોઇદીન નહી આતા,
રાંડાકે ઘરમે જા માલ મીઠાઈ ખાતા.

મેરીજાન=મેરેશે નહી કરતા વો બાત,
મુશલમાની વાણીઆણી મરાઠન ઓજણ તેની શાત. ૧

બીજી કહે વાણીઆણી બાઈ વાત કહુ તમને,
મારીજાન=રમેછે મારો ધણી જુગાર,
ધન દોલત માલ મતા હારીયો તોપણ કહે પોબાર,
તે રોજ ઉઠી બાઈ રમવાને જાએછે,
મારીજાન=નથી કરતો કાંઈ ધંધો વેપાર,
શરવે જીંદગી હારી ગયો વલી હારી ગયો ઘરબાર.

ચાલ.

ઘરના વાશણ કુષણ જઇને ધીરવી મારે,
પછી કરજ કાડે જીયારે તેપન પઇશો હારે.

મારીજાન=રમેછે જુગાર દાડો રાત,
મુશલગાનો વાણીઆણી મરાઠન ઓજણ તેની શાત. ૨

તીશરી મનેહ મરાઠન આઇકા ગોશટી માજી,
આઇકા બાઇ=નવરા જાતો દારૂ પીયાલાજી,
દારૂ પીઉન હોઉન શાકટા રાત્રી એતો ઘરાલાજી,
નવરા દારૂચી બુંદી મદી ફાર રાહાતો,
આઇકા બાઈ=મંગતો એતો નીજાલાજી,
કાઠી ઘેઉન બડવીતો શીવી ફાર દેતો માલાજી,

ચાલ.

નવરા દારૂ શોડી નાંહી કાગ્મે કરૂ મીં,
કશી રાહુ બયા અતા દશીયે ખાઉન મરૂ મીં.

આપકા બાઈ=એક દીવશ હોઇલ હા જીવાચા ઘાત,
મુશલમાની વાણીઆણી મરાઠન બોજણ તેની શાત. ૩

ચોથી ચયેતા બોજણ શુણો ગાલ બાઈ મુજી,
મુજીજાન=બાઈ આંઊ હણે કુરો કરીયાં,
વીનો મુજો વીને તાલીમમે આંઊ ધારજ કીં ધરીયાં,
હું વીંની બાયેતો હલવો દુધ મલાઇયું,
મુજીજાન=આંઊ વનેકે ન વીશરીયાં,
વનો શું મે નતો મુજે ભેરા આંઊ વીખ ખાઈ મરીયાં.

ચાલ.

શમજાયો વનેકે મું અગીયાં વઇ વઇને,
આંઊ થકી બાઈ વનેકે ગાલ ચઇ ચઇને.

મુજીજાન=શું મેતો તાલીમમે શજી રાત,
મુશલમાની વાંણીઆંણી મરાઠન બોજણ તેની શાત. ૪

ચારો દુખીયારી નારો પાણી ભરેછે,
મારીજાન=ઉભી કુવાને ઉપરજી,
પોત પોતામાં વાત કહે હવે ચાલો જઇયે ઘરજી,
જે લખીયું કરંમમા તેતો ભોગઉ પડશે,
મારીજાન=કહેછે ચારો શુંદરજી,
લખે વીધાત્રા લેખ ટલે નહી એતો રતી ભરજી.

ચાલ

શેઠ શાપુરજી ખરશેદજી દાદાભાઈ,
નશરવાંને લાવણી ચાર બોલીની ગાઈ.

મારીજાન=મનીરાંમે પકડીયા ચોરોના હાત.
મુશલમાની વાણીઆણી મરાઠન બોજન તેની શાત. ૪

—o—

ગુજરાતી—(બેશોકો) કાલી ગોરીનો ઝગડો.)

રંગત મારીજાન.

કાલી ગોરી બે શોક કરેછે કજીયો,
મારીજાન=કાલી કહે ઉતંમ મારી જાત,

ગોરી કહે હું ઉતંમ તારાથી ન કર વધારે વાત,
કાલી કહે ગોરીને ગોરી વાત શાંભલ તું,
મારીજાન=ચોમાશાની ઘટા કારી,
કારો રંગ જમનાજીનો છે કારો ગીરધારી,
આ કારા ક્રીસ્તયેં નાથીયો નાગ છે કાલો,
મારીજાન=કાંધે કાલી કામર શારી,
કારી વનમા ચરાવે ગાઇયું જાઉ કાલાને વારી,

ચાલ.

કારા કારા તારા માથાના મોવારા,
કારી ભવોથી કરેછે તું તો ઇશારા,
કારા મીશીના દાંત લાગેછે પીયારા,
કારા અક્શર પોથી પુરાનપર મારા.

મારીજાન=કારી ઘણી અંધારી રાત,
ગોરી કહે હું ઉતંમ તારાથી ન કર વધારે વાત, ૧

ગોરી કહે કારીને કારી નીચે જો તું,
મારીજાન=ગોરા છે મોહનમુરારી,
હશ વીંનોદ કરવા ભેગી ગોરી રાધા પીયારી,
ગોરા ગોરા છે ચંદા શુરજ ને તારા,
મારીજાન=ગોરી રાત છે અંજવારી,
ગોરે હાત લાકડી લઈ ગોરો ગાઇયું ચારી,

ચાલ.

જીયારે નાગ નાથીયો તીયારે કાન થયાતા કાલા,
પેહેલે તો ગોરા હતા મોરલીવાલા,
ગોરા પાણીના વહેછે નદી નાલા,
ગોરી ફુલોની પેરે મોહનમાલા.

મારીજાન=ગોરા જમે પ્રભુ દુધ ભાત,
ગોરી કહે હું ઉતંમ તારાથી ન કર વધારે વાત. ૨

ગોરીની વાત શમજીને કારી ચીડાઈ,
મારીજાન કાલાની હીકમત છે ભારી,
કાલો રંગ કોલશાનો કરેછે વેપાર વેપારી,
કોલશાથી ચાલે આગબોટ ગીરની આગગાડી,
મારીજાન=મેલે પાર શઉને ઉતારી,
કારી ટોપીવારો કરે શેહેરોની મુખતીયારી.

ચાલ.

ભારી નીશાન કારી ટોપીવારાનુ,
હર જગે નામ છે કીરશતાન કારાનુ,
કારૂ મોડું શીદીની નીયાત શારાનુ,
હરએકને કામ છે કુંચી અને તારાનુ,

મારીજાન=કારો રંગ હરએકને શાત,
ગોરી કહે હું ઉતંમ તારાથી ન કર વધારે વાત. ૩

ગોરી કહે કારી તું છે ગોરીની દાશી,
મારીજાન=ગોરી ખરી મઢંમ કેહેવાની.
ગોરીના ઘરમા કારી તું લોંડી રેહેવાની,
ગોરા છે શદા શીવ ગનપત ગોરી ગવરા,
મારીજાન=શું તું જવાબ લેવાની,
ગોરા રંગના દાખલા તુને ઘણા હું દેવાની.

ચાલ.

ગોરો રૂપીયો ચાંદીનો શઉ કોઈ ઝાલે,
તે રૂપીયો લઇને ખુડદો તુને આલે,
ગોરા કાપુશનો વેપાર હરજગે ચાલે.
ગોરી બઇરીને શઉ કોઈ ઘરમા ઘાલે.

મારીજાન=પાકે અન ગોરો પડે વરશાત,
ગોરી કહે હું ઉતંમ તારાથી નકર વધારે વાત. ૪

કાલી કહે ગોરી તુ જરા નથી શરમાતી,
મારીજાન=પેરી તે કારી શાડી શારી,

ગોરા ગાલપર તારા શોભેછે ટીપકા કારી,
કારો શુરમો તારી આંખમા પુતલી કારી,
મારીજાન=ગલામા કાલી પોત ભારી,
કાલી ચોલી પેરી તેથી દેખાયે જોબનવારી.

ચાલ.

કાલોજ઼ંમ ગોરી તુને કોઇદી લઇને જાશે,
તે વખતે ગોરી કાલીનો ઇયાંદ તુને થાશે,
તારી કરનીપર કાલાની માર તું ખાશે,
પછી ગોરી તું તો ઘણી ઘણી પશતાશે.

મારીજાન=કાલો કરશે તારાપર ઘાત,
ગોરી કહે હું ઉતંમ તારાથી નકર વધારે વાત. ૫

ગોરી કહે બાલ તારૂ કાલુ મોનુ ઇંહાથી,
મારીજાન=જા કાલા મોનાવાલી,
ગોરૂ જીયારે બુંદ પડીયું તીયારે પેદા થઇ કાલી,
તુ મારેથી થઇ હું તારેથી નહી થાવાની,
મારીજાન=બુંદથી પ્રીપટી શઉ ચાલી,
પશુ પખશી અઢારે વરણ નહીં બુંદથી કોઇ ખાલી.

ચાલ.

ગોરોની વાત શમજી કાલી શરમાઇ,
કાલી ચુપચુપ રહી જરા ન બોલી કાંઇ,
ગોરી કારીથી બુંદથી થઇ શવાઇ,
કારીએ માથુ મેલ્યું ગોરી પગ માંઇ.

મારોજાન=કારી ઉભી જોડી બને હાત,
ગોરી કહે હું ઉતંમ તારાથી ન કર વધારે વાત. ૬

ગોરોછે રૂખમણી ગોરી શીતા શતીજી,
મારીજાન=ગોરા લખમણને રઘુરાઇ,
ગોરા શેઠ શાપુર ખરશેદ ગોરા દાદાભાઇ,
કાલી ગોરીનો ખીયાલ આવી તરે ગાજો,

મારોજાન=જેટલી ચીજો અંમે ગાઈ,
ઓધવજી માહારાજ કહે એમાથી ન લીયો કાંઈ.

ચાલ.

કાવશજી નશરવાંન કહે ફરાંમજી માશા,
કાલી ગોરીનો ખેયાલ ગુજરાતી ભાશા,
ઊગ આવી કલગીવાલાને આપ્યા બગાશા,
મનીરાંમને શીવના ગોરા ચરનની આશા.

મારોજાન=ગુજરાતી ખેયાલ કહુ એકશો શાત,
ગોરી કહે હું ઉતમ તારાથી નકર વધારે વાત. ૭

ગુજરાતી—(સ્ત્રી ચરીંત્ર) (કલગીવાલાની ઉપર.)

(રંગત મારીજાન)

એક નારી હતી બહુ શતી પતીના મનથી,
મારોજાન=થઈ બેમાન તે અંતે નાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો ઇયાર,
એક વાત કહુ રજપુતની શાર શઉ શમજો,
મારીજાન=હતો પઇશાવાલો ભારી,
પન શગુ શાઈ કોઈ મલે નહી એક ઘરમા ફકત નારી,
તે નારનુભી કોઈ શગુ શમંદી નોતુ,
મારીજાન=તેથી બેઉ કરે મોજ શારી,
રજપુતખી બઇરીને શમજે પ્રાણજીવન પીયારી.

ચાલ.

કહે કવી બેઉના રૂપને શું હું વખાનું,
કોઈ કહે ચંદ્ર શુરીયે તોખી નહી માનુ,

મારીજાન=એવા રૂપવાન ગેયાન ગુણ ચાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાશીથી બચાવ્યો ઇયાર. ૧

એઉ નીત પ્રોતની રીતમાં રહે લપટેલાં,
મારીજાન=ન જાણે રાત ન જાણે દન,
વ્રીહે પ્રેમમા વીયાકુલ થયેલુ એઉનુ તનમન,
રજપુત શમજે બયરીને શતીના જેવી.
મારીજાન=કરે તનમન ધન શઉ અરપન,
જરા ન મુકે અલગી પ્રેમમા થાતા એઉ મગન.

ચાલ.

એકદી રજપુત કહે કદી આવે મોત મારૂ.
તો પછી પીયારી શું કરશે તું વારૂ.

મારીજાન=કેહે તારા મનનો ખરો વીચાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો યાર. ૨
એટલુ શમજી તે નારી રડવા લાગી,
મારીજાન=કહે એઉં શું બોલીયા જાન,
તમને કદી કંઈ થાયે તો હું ઝટ મારા કાડુ પ્રાન,
આ મારો જીવ તમ જીવ શાથે બાંધેલો,
મારીજાન=પતીથી મલે શતીને માન,
તમે છો બ્રંમાં તમે છો શંકર તમે છો શ્રી ભગવાન.

ચાલ.

તમો પ્રાણ પીયારા મારા અંનતર જાંમી,
ફરીથી એઉ નહી કેહેતા કોઇદી શવાંમી.

મારીજાન=જો કેહેશો તો હું મરીશ નીરધાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો યાર. ૩
તે દનથી પ્રોત એઉની વધતી ચાલી,
મારીજાન=પછી શું થયુ તે કહુ બયાન,
એક દાડે કોઈ દોશો શાથે ખાવા ગયો દીલજાન,
ખાઈ પીને રાતે ઘેર પોતાને ચાલ્યો,
મારીજાન=થઇને ચુર નશામા જુવાન,
આવતા એક ગુણકાયે તેડીયો રજપુતને કરીને શાન.

ચાલ.

કોઇએક શેઠની ગુંણકા હતી રાખેલી,
રજપુતનું રૂપ જોઈ મોહી ગઈ અલબેલી.

મારીજાન=કર ધરી લઈ ગઈ મેહેલમો જાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો ઇયાર. ૪
રજપુત પોતાનુ ઘેર જાણી ગયો ઉપર,
મારીજાન=નશામા કરીયો નહી કાંઈ કીયાશ,
પ્રેમ અલીંગન દઇને રજપુને બેશાડીયો પાશ,
રૂદીયેમા ચાંપી લીધા પ્રેમથી ચુંબન,
મારીજાન=થયો કાંમા તુર રજપુત ખાશ,
થઈ તાંહાં રંગની રેલ કીધો ગુણકાથી ભોગવીલાશ.

ચાલ.

ગયો ઉતરી નશો રજપુતને આવ્યુ ગીયાને,
જોઈ મેલ પારકો લાગો કેહેવા ગુણકાને,

મારીજાન=નથી દેખાતુ મારૂ દુવાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો ઈયાર. ૫
તું કોની નારને હું ઈહાં કાંહાંથી આવ્યો,
મારીજાન=કેહે જલદી તું વીશતારી,
કાંહાં મારૂ ઘરબાર ગયું કાંહા શતી નાર મારી,
કહે ગુણકા તમારી ખીના નહીં કાંઈ જાણું,
મારીજાન=ન જાણુ ઘરકે ઘર નારી,
ફકત તમારી વાગી મને એક મોહોની કટીયારી.

ચાલ.

આ તમારા મોહોબંધનને બાંધીઆ અમને,
હવે મરૂ તોખી જાવા નહીં દઊંજી તમને,

મારીજાન=ન જાતા હવે પીઉજી બાંહાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો ઈયાર. ૬

કહે રજપુત હું એક ઘડી નહીં રેહેવાનો,
મારીજાન=મારે ઘેર શતી નાર શીયાણી,
તે જો મને નહીં જોશે તો કદી પીશે નહીં પાણી,
કોઈ દાડે નારને કીધી નથી મે અલગી,
મારીજાન=નીશચે કરશે જીવની હાણી,
માટે મેહેર કરી રજા આપ મને દીલમા દયા આણી.

ચાલ.

તારીફ નારની બીજી ઘણીએક કીધી,
તે શમજીને ગુણકાયે શીખામણ દીધી.

મારીજાન=ન કર તારીફ તું ઈયાર લગાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો ઈયાર. ૭
ગુણકા કહે નારપર રાખ ન એટલો ભરોશો,
મારીજાન=કોઈ દી કરશે તે તારી ઘાત,
પડી હવે મને ખાપર મોત તારૂ છે નારને હાત,
કહે રજપુત ગુણકા એવું શું તુ બોલે,
મારીજાન=ન માનુ તારી હું એક વાત,
મને કદી કાંઈ થાય તો મરશે નાર તે મારી શાત.

ચાલ.

કહે ગુણકા તુને પોતે તે નાર મરાવે,
એ લખી આપ તુ પછી મારે ઘેર આવે,

મારીજાન=લખી આપીયા ઝટ દશકત ચાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો ઈયાર. ૮

એક કહું કામ તુને તે પીયારા કરજે,
મારીજાન=લઈ કોઈ માથુ બકરાનુ,
રૂમાલમાં બાંધી લઈ દેજે નારને તું છાનુ,
કેહેજે માથુ લાવ્યોછુ રાજકુવરનુ,
મારીજાન=કામ નહીં કોઈને કેહેવાનુ,
દાટ ચુલાની હેટ છેટ ખુણામા કરી કાનુ.

ચાલ.

પછી બે ચાર દાડા જાએ મારજે તારી વહુને,
પછી સાંભલજે તારી નાર શું કહેછે શહુને.

મારીજાન=જા હવે જલદી થશે શવાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો ઈયાર. ૯
માથુ બકરાનુ બાંધી ગયો તે ઘેરે,
મારીજાન=કહે પોતાની નારીને,
દાટ ચુલાની હેટ આ માથુ ઘણું શંભારીને,
કાપી લાવ્યો માથુ હું રાજકુંવરનુ,
મારીજાન=નારી રેહેજે મન માગીને,
કોઈદી કોઇને કેહેતી નહીં તું વાત વીશારીને.

ચાલ.

માથુ લઈ નારે દાટીયું ચુલા પાછલ,
પછી હાથ ધોઈ આવી શવાંમીની આગલ,

મારીજાન=કીધો રજપુતે તેને પીયાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો ઇયાર. ૧૦

પેલી ગુણકા પુરશને વેશે ગઈ શીકારે,
મારીજાન=તાંહાં આવી લાગો રાજકુવર,
કરી પ્રીત તેની શાથે લઈ આવી કુંવરને ઘર,
ઘેર લાવીને એબ પોતીકી ઓલી,
મારોજાન=કુંવર ગયો મોહી જોઈ શુંદર,
પડાયો ઇંહાં મોજમજામા તેની કોઇને નથી ખબર.

ચાલ.

રાજા તો કુવરની શોધાશોધ કરાવે,
ગયા દાડા ચાર તોબી કુંવર નહીં આવે.

મારીજાન=થયો કુલ શેહેરમા આહા આહાકાર,
એક અદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવ્યો ઇયાર. ૧૧

પણે રજપુતે પોતીકી નારને મારી,
મારીજાન=લાગી રડવા તે કરી ઉતપાત,
થઈ ભીડ માણશની બહુ જોવાને મલી શઉ જાત,
હાત લાંબા કરી લાગી શઉને કેહેવાને,
મારીજાન=કાંથી હું પડી કશાઈ હાત,
મુવે બે ચાર દાડા ભોર કરીછે રાજકુવરની ઘાત.

ચાલ.

હવે મનેભી તની પેઠે મારવા બેઠા,
કોઈ આવોરે મારોરે ઉતારો હેઠા.

મારીજાન=ખબર જાઈ પોહોચી રાજદુવાર,
એક અદના રાંડે શાબશી દઈ ફાંશીથી બચાવ્યો ઈયાર. ૧૨
રાજાએ તરત રજપુતને બાંધી મંગાવ્યો,
મારીજાન=દીધો ફાંશીનો તરત હુકમ,
મારા કુવરનુ કીધુ ખુન એને જરા ન લાગીયો ગમ,
પોપટ જેવી નારીયે આંખું બદલી,
મારીજાન=પાડીયો એકદીમા એવો જુલમ,
શગા ધણીને ફાંસી ચડાવે જરા ન લાગે વીલંબ.

ચાલ.

થઈ ખબર તે ગુણકાને ઝટ દોડી આવી,
આવીને બીના રાજાને શઉ શમજાવી,

મારીજાન=મંગાવી માથુ જુવો શરદાર,
એક અદના રાંડે શાબશી દઈ ફાંશીથી બચાવ્યો ઈયાર. ૧૩
રાજાએ નારને હાતે મંગાવ્યું માથુ,
મારીજાન=લાવી જે બાંધીયું રૂમાલેજી,
એમનુ એમ બાંધેલુ નાર રાજાને આલેજી,
શઉની શનમુખ માથુ છોડીને જોયું,
મારીજાન=કચેરી શઉ તીયાં ભાલેજી,
માથુ જોઈ બકરાંનુ રાજા ગુણકાને નીહાલેજી.

ચાલ.

કહે રાજા ગુણકા મારો કુવર કાંહાં છે જી,
કહે ગુણકા તમારો કુંવર મારે તાંહાં છે જી.

મારીજાન=આવ્યો કુંવર કેહેતાને વાર,
એક અદના રાંડે શાબશી દઈ ફાંશીથી બચાવ્યો ઇયાર. ૧૪

કહે રાજા નાર તુંને જરા દયા આવી,
મારીજાન=આ તારો વાહાલો પતી ભરથાર,
એને ચડાવા ફાંસી તયાર થઈ જરા ન લાગી વાર,
તુને જેટલી શજા હું કરૂ એટલી બશ થોડી,
મારીજાન=ચોટલો ને નાક કાપી કરી ખુવાર,
અવલે ગધેડે બેશાડીને કાડી ગાંમની બાહાર.

ચાલ.

કહે રાજા રજપુત તારો જીવ બચ્યો ગુણકાથી,
માટે જા ગુણકાને ઘેર થઇને શાથી.

મારીજાન=કહે રજપુત કરીને જુહાર,
એક અદના રાંડે શાબશી દઈ ફાંશીથી બચાવ્યો ઇયાર. ૧૫

કહે રજપુત રાજાજી એવું શું બોલ્યા,
મારીજાન=લગનની નહીં થઈ નાર મારી,
તો ગુણકા શું થાશે મારી વેશીયા પરનારી,
એટલુ બશ કહી બઈ લીધો વેશ જોગીનો,
મારીજાન=તજી ચાલ્યો દુનીઆદારી,
શમાંધી વનમા જઈ લીધી કીધી ભગતી પીયારી.

ચાલ.

તે જોઇને રાજાએબી ચીજ શઉ તીયાગી,
શોંપીને કુંવરને રાજ થયો વેરાગી.

મારીજાન=ગયો વંનવાશ તજી શંનશાર,
એક અદના રાંડે શાબશી દઈ ફાંશીથી બચાવ્યો ઇયાર. ૧૬
જોઈ રાજાને ગુણકાએ વાત વીચારી,

મારીજાન=થઈ ગયો જોગી જગપ્રતીપાલ,
તે જોઇને ગુણકાએ લુટાવ્યું પોતીકુ ધનમાલ,
કહે જરોપ ગુણકાભી જોગણ થઈ ચાલી,
મારીજાન=થયા ચારોના એવા હાલ,
દાદાભાઈ ઉશતાદ કહે કંલગીના એયાલપર એયાલ.

ચાલ.

કહે ઓધવજી કોઈ નારને મન નહી દેજો,
કદી મન દીયો તો વાત ન મનની કેહેજો.

મારીજાન=મનોરાંમ કેહેછે શાચો શાર,
એક અંદના રાંડે શાખશી દઈ ફાંશીથી બચાવયો યાર. ૧૭

———o———

ગુજરાતી—(રૂશતંમ શોગાદનો કીશો) (રૂશતંમના મોતનો હેવાલ)

(રંગત મારીજાન.)

જે મરવાનુ તે કદી નહી ટલવાનું,
મારીજાન=કોઈ વેહેલો કોઈ મોડેજી,
પાહા ફકીર પેલવાન કોઇને મોત ન છોડેજી,
રૂશતમના મોતનો કીશો કહુ હું તમને,
મારીજાન=કાંન દઈ શંમજો વાત મારી,
એક કનીંજ જાલેજરની રાખેલી હતી નારી,
જાલના તોખંમથી થયો એક તેને બેટો,
મારીજાન=નાંમ રાખીયું શોગાદ ભારી,
જાલે નજુમીને બોલાવી પુછી વાત શારી,

ચાલ.

કહે જાલ કરો શોગાદની તંમે તપાશે,
જુવો નશીબ એનુ કહો કરીને કીયાશે,
કહે નજુમી બેટા થશે એ શતીયાનાશે,
એ શોગાદથી કંઇએકોના જીવ જાશે.

મારીજાન=રેશે નહીં તારી શાડેજી,
પાહા ફકીર પેલવાન કોઇને મોત ન છોડેજી. ૧

કહે જાલ ખુદા એની બદી દુર શઉ કરજો,
મારીજાન=મદત તેની કરજો પરવરદીગાર,
કંઇએક દાડા વીત્યા પછી થયો શોગાદ બહુ હુશીઆર,
કાબુલ ષાહા પાશે મોકલ્યો શોગાદને જાલે,
મારીજાન=હદીઓ લેવાને નીરધાર,
શોગાદને જોઈ કાબુલ ષાહાએ દીધો ઘણો આવકાર.

ચાલ.

બેઠી પોતીકી આપી કીધો જમાઈ,
પડીયો મોજમજામાં શોગાદ ઈહાં પી ખાઈ,
શમજીને રૂશતમ આવ્યો કાબુલ માંઈ
કંઇએકને મારી દખલ લીધી ચોથાઈ.

મારીજાન=પાછો આવ્યો બેશી ઘોડેજી,
ષાહા ફકીર પેલવાંન કોઇને કજા ન છોડેજી. ૨

આવો જુલમ જોઈ રૂશતમનો શોગાદ ચીડાયો,
મારીજાન=કહેછે ષાહાને શમજાવી,
બેમુરવત રૂશતમને શરમ મારીબી નહીં આવી,
રૂશતમને મારવાનો ઈલાજ કહું તમને,
મારીજાન=કુવા મુકો શાત ખોદાવી,
ઉભા તેમા ખંજર ભાલા તીર મુકો ખોશાવી.

ચાલ.

ઉપરથી બેમાલુમ ઢાંકણું ઢાંકો,
હું જાઉંછુ તમે કરો બંદોબસ્ત પાકો,
રૂશતમને કહે થયો ષાહા મારેથી વાંકો,
મને લાઓ તાના દીધા રાખી મન ફાંકો.

મારીજાન=કાહાડી બુંનીયાદની ખોડેજી,
ષાહા ફકીર પેલવાંન કોઇને મોત ન છોડેજી. ૩

ઘણું કહયું શોગાદે આંખોમાં આંશુ લાવી,
મારીજાન=શમજીને વાત કહે રૂશતમ,

નો થા ભાઈ દીલગીર તું મનમા રાખ નહીં કંઈ ગંમ,
કાબુલના ષાહાને હું કેદ કરીને મારૂ,
મારીજાન=છે દંમમા જાંવેર મારો દંમ,
તાંવેર તારી ઉમેદ લાઉં બર ખુદાના મને કશમ.

ચાલ.

રૂશતમે કાબુલ જવાની કરી તયારી,
કેહેતોતો કાબુલની જઈ કરૂ ખુવારી,
મારા ભાઈ શારૂ હું નાખુ ષાહાને મારી,
ચાલ્યા શોગાદ રૂશતમ રખશપર કરી શવારી.

મારીજાન=લીધો જવાહરને જોડેજી,
ષાહા ફકીર પેલવાન કોઇને મોત ન છોડેજી. ૪

શઉ હલીમલીને આવ્યા કાબુલમાંઈ,
મારીજાન=ખબર થઈ જઈ કાબુલ ષાહાને,
પાંઉપીયાદો થઈ આવ્યો રૂશતમને લેવાને,
કહે નશામા મારેથી એવું બોલાયું,
મારીજાન=હું છઉં ઘણોજ નાદાને,
માફ કરો મારો ધુનો ખુશીથી ચાલો શેહેર મીયાંને.

ચાલ.

શમજીને વાત ષાહાની રૂશતમ થયો રાજી,
આવી ષાહાની શાથે કીધી ષરાબ બાજી,
ગઈ ગમી પેલેની મનમા ખુશી થઈ તાજી,
આશતેથી ષાહાને પુછે શોગાદ પાજી.

મારીજાન=ભાંગુ રૂશતમની ખોડેજી,
ષાહા ફકીર પેલવાન કોઇને મોત ન છોડેજી. ૫

ષાહા બીજે દાડે કહેછે શોગાદ રૂશતમને.
મારીજાન=ચાલો જઇએ કરવાને શીકાર,
શમજી વાત થયો રૂશતમ રાજી તરત થયો તયાર,
બનેના દીલનો કપટ નહીં કાંઈ જાણીયો,
મારીજાન=ચાલ્યા થઇને ઘોડે અશવાર,
રૂશતમખી શાથે ચાલ્યો મોતને થઈ અખતીયાર.

ચાલ.

બેઉ આજુબાજુ થયા ને વચમાં રૂશતમ,
જોઈ કુવા રખશ રૂશતમનો અટકીઓ એકદમ,
પછી રૂશતમ મારવા લાગો ચાબુક ચંમ ચંમ,
રૂશતમે રખશપર જરા નહીં ખાધો ગંમ.

મારીજાન=મારી એક છલાંગ ઘોડેજી,
ષાહા ફકીર પેલવાન કોઇને મોત ન છોડેજી. ૬

બે પગ ઘોડાના અંદર બે રહયા બાહારે,
મારીજાન=જેમ તેમ નીકલીયા બંને બાહાર,
પણ જઈ પડીયા બીજા કુવામા વીંધાઈ ગયું તનસાર,
એકમાંથી નીકલે પડે જઈ બીજામા,
મારીજાન=બદનથી વહે લોહીની ધાર,
એમ કરતાં શાતમા કુવામાં થઇને પડીયા લાચાર.

ચાલ.

તન પુરજે પુરજા થયું રહીયું નહીં કાંઈ,
કહે શોગાદને તારી શું કરી બુરાઈ,
હું તારી હીમાતે આવ્યો શમજી ભાઈ,
તુને મારી દયા નહીં આવી કેમ કશાઈ.

મારીજાન=કપટ કરી લાવ્યો જોડેજી,
ષાહા ફકીર પેલવાન કોઇને મોત ન છોડેજી. ૭

કાબુલ ષાહાને પછી કેહેવા લાગો રૂશતમ,
મારીજાન=ફશીયો પીંજરામા આવી શેર,
લેખ લખાએ તેવું થાએ પડે ન તેમાં ફેર,
હું મરૂશું શઉને અંતે છે મરવાનુ,
મારીજાન=તેમા શું થયું હવે ક્યાશ બૈર,
મારો બેટા ફરામરોજ લેશે તે મારૂ વેર.

ચાલ.

કહે શોગાદને એક તીર મને દે ભાઈ,
નહીં તો કોઈ જનાવર જાએ મારૂ તન ખાઈ,

હવે મરતી વખતે એટલી કર તું ભલાઈ,
દઈ તીર શોગાદ ગયો ઝાડ ઓઠ સંતાઈ.

મારીજાન=તીર જઈ ઝાડને તોડેજી,
ઝાડ તો શું તે શોગાદના શીનાને ફોડેજી,
જે મરવાનુ તે કદી નહી ટલવાનુ,
મારીજાન=કોઈ વેહેલો કોઈ મોડેજી.
પાહા ફકીર પેલવાન કોઇને મોત ન છોડેજી. ૮

ઝાડનો જોડે નાખ્યો શોગાદને વીંધી,
મારીજાન=મરતે મરતે માર્યો દુષમન;
કરી પુકરાના એજદાના પછી મુવો પોતે પીલતન,
આવ્યો જવાહર પડીયો જઈ કુવામાં,
મારીજાન=તેને પછવાડે પડીયા કંઈ જન,
જીવ જનાવર જંગલના જોઈ કરવા લાગા રદન.

ચાલ.

આગંમની વાત જીયારે શમજી પેરનર જાલે,
તે રડવા લાગો પીખી પોતાના બાલે,
એએ ખુદા જહશીમા મારા શું હાલે,
કહે ફરાંમરોજ હું જાઊં કાલનો કાલે,

મારીજાન=લડવા કાબુલ પાહા જોડેજી,
પાહા ફકીર પેલવાંન કોઇને મોત ન છોડેજી. ૯

બીજે દન ભેગુ કરી પોતાનું લશકર,
મારીજાન=ગયો કાબુલમા લડવા કાજ,
પડી પાહાને ખબર પાહાડમાં છુપીયો તજીને રાજ,
દોખમામા રૂશતંમ જવાહરના હાડકા નાંખ્યા,
મારીજાન=પછી કીધુ લશકર તારાજ,
પકડી પાહાને જીવતો લાવ્યો જાબુલમા આજ.

ચાલ.

લાવી જાલની પાશે નાંખ્યો પાહાને મારી,
બાપનુ વેર બેટાયે લીધુ ભારી,

મારે જરીફ દાદાભાઈ ગમની કટારી,
નશરવાંન નવલ પાલી ખુશરૂની ઇયારી.

મારીજાન=મનીરાંમ ગાયે મોડેજી,
ષાહા ફકીર પેલવાન કોઇને મોત ન છોડેજી. ૧૦

———o———

ગુજરાતી—(ઝડી) પતીનો વીચોગ.

(રંગત મારીજાન.)

ચોતરફ વાદલા વૈરી થઈ વરશેછે,
મારીજાન=ગયા પરહરી મુને પીઉ પ્રાંણ,
વેરણ વીજલી ચમકે બહુ જોઈ વાગે વીરેહેના બાંણ,
માહા અશાડને જોઈ આગ બરે મારા તનમા,
મારીજાન=ઘટા ઘનઘોર થઈ કારી,
ચારો દશાનો પવન ફુંકે તેમા વારી વારી,
રહી રહીને નંગારા ઇંદ્રાયેના વાગે,
મારીજાન=ચડે વાદલાંનું દલ ભારી,
મુશલધાર પછી વરશે મેહે થર થર દેહી મારી.

ચાલ.

જાયે દુખનો દાડો રાત નથી બાઈ જાતી,
જોઈ શુની શેજ ફાટેછે મારી છાતી.

મારીજાન=પીઉ થઈ બેઠાછે અંનજાણ,
વેરણ વીજલી ચંમકે બહુ જોઈ વાગે વીરેહેનાં બાંણ. ૧

શરાવંણ વરશેછે શરોવડે ચંઉ બાજુ,
મારીજાન=મોર કોકીલા કરે કીલકાર,
બપીયા પીઉ પીઉ કરે મારો પીઉ ગયોછે બાહાર,
મોહોલે મોહોલેની નારીયું ભેગી થઇને,
મારીજાન=શજે તન ઉપર શોલ શણગાર,
ઝુલે હીંડોલે હલીમલી શઉ ગાએ ઝોક મલાર.

ચાલ.

હું અભાગણી પીઉ વીયોગીણું દુખીયારી,
શરાવંણ વીતીયો તોયે શીવામેન વાત વીચારી.

મારીજાન=કહું કેને મનની મોંકાણ,
વેરંણ વીજલી ચંમકે બહુ જોઈ વાગે વીરેહેના બાંણ. ૨

ભાદરવો વરશે ભરપુર વાદલાં ગરજે,
મારોજાન=રાત અંધારી બીવરાવે,
અંધા બુંદ જલ જોઇ જોઇ મને પતી ઇઆદ આવે,
ભરીયા જલથી નદી તલાવ કુવા નાલા,
મારીજાન=મુને નહી અનજલ કંઈ ભાવે,
કોણ મનાવે બોલાવે કોણ પીઉને શમજાવે.

ચાલ.

ઓ પ્રભુ દયાલુ ક્રોપા કરો અબલાપર,
કરી લેહેર મેહેર મારા પીઉને મોકલો ઘર.

મારીજાન=જલદી જઈ કરો પીઉને જાંણ,
વેરણ વીજલી ચમકે બહુ જોઈ વાગે વીરેહેના બાંણ. ૩

આશોમા વાદલા પાછા ફરવા લાગા,
મારીજાન=વીતી ચાલ્યા આ ચારો માશ,
પાછા ફરયા નહીં પાંમ કીધી મને એટલી બધી નીરાશ,
બેઉ હાત જોડીને કરે પ્રભુની વીંનતી,
મારીજાન=દાદાભાઈ કહે પુરણ થઈ આશ,
આવ્યા શાંમ શુંદર ઘર થયુ અબલાનુ રૂપ પ્રકાશ.

ચાલ.

જમીયા ભાવતા ભોજન કીધી અતી રૂશનાઈ,
થઈ રેલછેલની મજા મેહેલની માંઈ,

મારીજાન=મનીરાંમ ગુરૂના કરે વખાંણ,
વેરણ વીજલી ચમકે બહુ જોઈ વાગે વીરેહેના બાંણ. ૪

ગુજરાતી—(પુછ ભેદી ખેયાલ.)

(રંગત મારીજાન.)

એક પુચ્છ ભેદનો ખેયાલ હાલ મીજલશમા,
મારીજાન=ગીયાનીઓ શમજી મન ધારો,
ચાર ચોકમા ચાર ભેદ ગુની જુવાબ દીયો મારો,
એક નવાઇની જોઇ ગાઇ મૈ અએ ભાઇ,
મારીજાન=હતા તેના બે મુખ દોલદાર,
ચાર પુછડા ચાર શીંગડા હતા આઠ પગ ઇયાર,
પાંણી પીએ નહીં ગાઇ ખાએ નહીં દાણો,
મારીજાન=વલી તેને હતા આંચડ બાર,
એક એક આંચડે શાઠ શાઠ બચ્ચાં ધાવે નીરધાર.

ચાલ.

તે ગાઇ અમર છે શદા ન કોઇથી મરતી,
કદી મરે તે પોતે થાય ફરીથી જીવતી,

મારીજાન=ચરે નહીં કોઇદી તે ચારો,
ચાર ચોકમા ચાર ભેદ ગુની જવાબ દીઓ મારો. ૧

કહું બીજો ભેદ એક જોગી અદ્‌ભુત જોયો,
મારીજાન=ઊંમર તેની એક મહીનાની,
બે બઇરીના પતી જતી તે હતો ઘણો ગીયાની,
બાર બાર વરશના તીશ છોકરા તેના,
મારીજાન=છોકરી તીશ હતી શીયાની,
હતા ચાર ચેલા જોગીના તેજ પુરશ ધીઆની.

ચાલ.

તે જોગી વશે ધરતી અકાશ જલ થલમા,
બઇ કુટંબ વશે વશતી ને પાહાડ જંગલમા.

મારીજાન=અમર તે જતી ગીયાનવારો,
ચાર ચોકમા ચાર ભેદ ગુની જુવાબ દીઓ મારો. ૨

કહું તીજા ચોકનો ભેદ કેદબંદીથી,
મારીજાન=તમે વીદવાન ઘણા ગુનવાન,
શાહ ઊંટ નવ ખુટથી બાંધો એકીએ દીલજાન,
કોઇ ઊંટ એકીથી નહી ખુંટથી બાંધો,
મારીજાન=બાંધો એકીથી કરો મંડાન,
શાહ ઉટ નવ ખુટથી બાંધી કરો પુરૂ બયાન.

ચાલ.

એક રોજ વાતનો હીશાબ પુછીયો તમને,
નહીં તમને મલે તો ફરી પુછજો અમને.

મારીજાન=કહીશ હું હીશાબ તે શારો,
ચાર ચોકમા ચાર ભેદ ગુની જુવાબ દીઓ મારો. ૩

કહુ ચોથો દાખલો હંનશ બે મૈય જોયા,
મારીજાન=હંનશપર ગેંદ શીંહ શાગર,
શાગરપર બે પાહાડ પાહાડપર કંમલફુલ શુંદર,
ફુલપર કોયલ કોયલપર પોપટ બેઠો,
મારીજાન=મીરગ બેઉ બેઠા પોપટ પર,
મરગ ઉપર ચંદ્રમા ચંદ્રપર શેશનાગ મણીધર.

ચાલ.

કહે જરીફ દાદાભાઈ દાખલા શાચા,
જે જુવાબ દીએ તે જનની ધન ધન વાચા.

મારીજાન=મનીરાંમ શત ગુરૂનો પીયારો,
ચાર ચોકમા ચાર ભેદ ગુની જુવાબ દીયો મારો. ૪

——o——

હીંદુસ્તાંની—ખુદાની તારીફ.

(રંગત મેરીજાન.)

મેહેબુબોકા મેહેબુબ જાંરહે દીલબર,
મેરીજાન=વાંહાપે દેવલ ધાંમ નહી,

શીવ નહી વાંહા શગતી નહી ઓર રાધે પીયાંમ નહી,
ઓ ધુંધુંકારમે આપ અકેલા રેહેતા,
મેરીજાન=વાંહા કોઇકા બીશરાંમ નહી,
પાની પવન આકાશ તેજ ધરતીકા નામ નહીં,
નહી ચંદ્ર શુરજ ઔર નહી વાંહા નવ લખ તારે,
મેરીજાન=વાંહાપર શુભહો શાંમ નહીં,
કાદર કરીમો નહીં વાંહાપર રહીમો રાંમ નહી,
નહી ઇશા મુશા મહમદ જરાતોશ વાંહાપે,
મેરીજાન=વાંહાપે ખત પએગાંમ નહી,
શીવ નહી વાંહા શગતી નહી ઔર રાધે પીયાંમ નહી. ૧

નહી પીર પએબર પેલવાંનભી વાંહાપે,
મેરીજાન=વાંહા રૂશતંમ એહેરાંમ નહી,
તંનતર મનતર જાદુ ટોના કુછ હીગાંમ નહી,
નહી બશતી બન ઔર પાહાડ ઝાહાડ જલથલ વાંહા,
મેરીજાન=વાંહા ગંમ ઔર આરાંમ નહી,
બાગ નહી બુલ બુલભી નહી વાંહા ગુલ અંનદાંમ નહી,
મૈયખાના નહી મૈય નહી નહી વાંહા શાકી,
મેરીજાન=વાંહાપર શીશા જાંમ નહી,
શીવ નહી વાંહા શગતી નહી ઔર રાધે પીયાંમ નહી. ૨

નહી ચાંદી શોના હીરે જવાહેર વાંહાપે,
મેરીજાન=વાંહાપર દીરમો દાંમ નહી,
શબજ નહી નલદમન નહી આષક ગુલફાંમ નહી,
નહી રાંજા હીર લેલી મજનુ શરમદ વાંહા,
મેરીજાન=આષકોકા કોઇ ઠામ નહી,
નહી વાંહા મજીદ નહીં વાંહા મંદર ઔર ઘર બાંમ નહી,
નહી કુરાન ભાગવત નહી પંડીત વાંહા મુલા,
મેરીજાન=વાંહા કલમા ઓ કલામ નહી,
શીવ નહીં વાંહા શગતી નહી ઔર રાધે પીયાંમ નહી. ૩

શખ બરનકો એકશા કરકે ઓ માને હએ,
મેરીજાન=હલાલો ઔર હરાંમ નહી,

ચાહ્ના નહી ઔર પીયાર નહી વાંહા કુછભી કાંમ નહી,
નહી જરીફ બંદા કરી ગુની કોઈ વાંહપર,
મેરીજાન=વાંહા દારાકા મુકાંમ નહીં.
નહી તુકન શાહેલી વાંહાપર પાહો ગુલાંમ નહી,
એ ઘટ ઘટ બીયાપીક શબકે નજરમે ફીરતા,
મેરીજાન=ઔર કેહેતા મનીરાંમ નહીં,
શીવ નહી વાંહા શગતી નહી ઔર રાધે પીયાંમ નહી. ૪

——o——

હીંદુશતાની—તારીફ માલકની, મદદ ખુદાની.

(રંગત મેરીજાન.)

કંઈએક દુશમના હંમે દેખ જુલતે હએ,
મેરીજાન=એ કબ અશીલકી મશતી હએ,
ઓફ નહીં દુશમનકા હમતો યેજદાપરશતી હએ,
ન દુષમન કીશીકે દોશ ન કીશીકો જાને,
મેરીજાન=જાને ઉશ માલકકા બશ હંમ,
હોગા મેહેરબા દયાર તો કોઈ કેયા માર શએગા દંમ,
જાને હંમ શનમકી કુદરતકો પેછાને,
મેરીજાન=નહીં હએ ઔર કીશીકા ગંમ,
દયાદ શનમકી કરે ડરે નહીં ચાહેતો શરહો કલંમ.

ચાલ.

હએ મરતબા શબશે મેરે શનમકા આલા,
એ શબમે રેહેતા ઔર વો શબશે નીરાલા,
ચાહે કોઈ દગેશે દેવે ઝેહેરકા પીયાલા,
પીઉં ઉશકા લે નામ ફીરૂં મતવાલા,

મેરીજાન=મેહેર મેરે દીલમે બશતી હએ,
ઓફ નહીં દુષમનકા હમતો યેજદાપરશતી હએ. ૧

ગર લાખ દુષમનના ઘેરે આકે મુજકો,
મેરીજાન=ફેકે ગર મુજપે કશકે તીર,

એક વીર ના લગે જખ્મ બીન શાખીત નીકલે શરીર,
રૂડે ભાઈબંદ દોશદાર એશ અકરૂબા,
મેરીજાન=ન રૂડે એક વો પેજદા પીર,
તો કોઈ દેવે ઝેરતો પીંઊં શમજકે ઉશકો ખીર.

ચાલ.

વો ગુલ હય્એ રંગીલા મૈય હું ઉશકા માલી,
શબ ગુલમે ઉશકી બુંએ શમાઈ આલી,
ઉશકી કુદરતશે ઝુકર હી હય્એ હર દાલી,
જાંહાં દેખો વાંહા નહીં કુદરત ઉશકી ખાલી.

મેરીજાન=અજબ કેયા જંગલ બશતી હય્એ,
ખોફ નહીં દુષમનકા હમતો પેજદાપરશતી હય્એ. ૨

દુનીયામે દેખે દોશ ઈયાર મતલબકે,
મેરીજાન=કરે વો મુશે મીઠી બાત,
દીલમે રખ્કે દગા શગા હો કરતા અપની ઘાત,
લીયાનત એશે દોશોપે પડોજી ઇયારો,
મેરીજાન=જો હોતે હયેં જાત કે કમજાત,
હોગા તુખ્મમે ફેર ઉનોકે બતલાતે અવકાત.

ચાલ.

દેખી હમને કોઇ ઇયારોમે નહી વફાઇ,
અજમાઇ બાત નહીં કેહેતા હું મૈય શુનાઇ,
પેહેલે તો કીશે રખના નહીં અષનાઇ,
રખ્કે અષનાઇ કરના નહી બુરાઇ.

મેરીજાન=દોશતી દીલમે ધશતી હય્એ,
ખોફ નહી દુષમનકા હમતો પેજદાપરશતી હય્એ. ૩

શબ છોડ જાંહાંકી જીકર નાંમલુ પેજદા,
મેરીજાન=જીશે શુધરે મેરા શબકાર,
ચાહે દુખ્ખ આફતમે તો ઓહી લગાવે પાર,
કહે જરીફ બંદા શુખ્ખન શબ નશીયતકે,

મેરીજાન=રહ્યો એક પેજદાકા આધાર,
ઉશકી મેહેર જો હોગી તો જાવે કંઇ દુષમન હાર..

ચાલ.

પ્રેમચંદ ઓધવ હરી કેશવકો લગે પીયારા,
પીયારા જીવાજી શંગ આદરજી નીયારા,
શબકો માલુમ મનીરામકા મુરષદ દારા,
દારાકો ફકત એક પેજદાકા હય્એ શાહારા.

મેરીજાન=કમરમે શુદરા કશતી હય્એ,
આફ નહીં દુષમનકા હમતો પેજદાપરશતી હય્એ. ૪

રંગત ઝડકી.

હીંદુસ્તાંની—મીઠાઇના નામ—ક્રીશનજીનો થાલ.

(રંગત ઝડકી.)

જશોદાજી કર બીચાર, નંદાજીશે પુછકે શાર,
કરી રશોઇ તયાર, ઝટ બુલાએ ગુવાલ બાલ*
તરા તરાકી મીઠાઇ, પરશે જશુમત માઇ,
જીંમે બલદાઉ કનાઇ, છોટે લાલનકે લાલ*
પતલ દોને તુર-તદારે, બૈઠે ગુવાલ હારો હારે,
દોનુ ભયા બૈઠે લારે, જીમનેકે લીએ*
લડુજલેબી મેશુબ, માલપુવે ધરે ખુબ,
ધીમે બાજે ઘમરતી દુબ, મોદક નીયારે કીએ*
હલવા આલા શુકાનીયારા, શુતરફેની શકરપારા,
ઘેવર ગગનભીદારા, ચપરા શાટે ધર દીએ*
બારમા બાલુશાઇ, પેઠા ગોપાપુરીલાઇ,
ખંજુરી નોકદીન શવાઇ, શેવ ખુબ ઘી પીએ*

બરફી પેડે લાએ ધને, એલચીદાંને શાકર ચને,
કાજુ મીઠે મીઠે બને, શંગમે ધરી શુવાલ*
તરા તરાકી મીઠાઈ, પરશે જશુમતમાઈ,
જીંમે બલદાઉ કનાઈ, છોટે લાલનકે લાલ* 1

શીંગાડે ગુલાબ જામન, ઓપરાપાક લાગે પરશન,
મોતી ચુરકા કર શમરન, ગુંજી શંગ પીયારી*
હલવા દુધીકાઆલા, ગુલાબ છડી ગુલકંદ કાલા,
માવા મીઠા શીકા દાલા, પરશી માંવેકી ધારી*
ચના પાપડી શાકુગોલે, રેવડી બતાશે અનમોલે,
વરીઆરીદાને ઘોલે ઘોલે, ગોરપાપડી નીયારી*
કેશરપાક શીરા શાક, દારી લપશીમે દરાક,
પુરનપોલી દુધપાક, જીમન હોએ ભારી*
શીકન બાશોદી કચોડી, શેવશંગ હએ પકોડી,
ઉશમે મીરચી ખુબ છોડી, દીએ ગાઠીએ ભજીયે ડાલ*
તરા તરાકી મીઠાઈ, પરશે જશુમતમાઈ,
જીમે બલદાઉ કનાઈ, છોટે લાલનકે લાલ* ૨

બુંદી મગજ ચુરમા ઇઆર, લીંબુ કેરીકા આચાર,
ખટા મીઠા દોનુ શાર, પરશે કડી ઔર ભાત*
પપડ બડી તલાઈ, ખુબ તરકારી મંગાઈ,
શબી પતલમે ધરાઈ, જીમે શબી હીલમીલ શાત*
ધરે મીલકે ભોગ છપન, શબી લાગે શીર જીમન,
જીંમે ગુવાલબાલ કીશન, ખડી જશુમત માત*
ભયા આંનંદ શબકે મન, જૈય જૈય કરે ધન ધન,
જીંમકે ઉઠે હએ શબ જન, ધોયા અપના મુંઓ હાત*
શીરશે જાજંમપર બીઠાએ, પાન બીડેભી બટાએ,
ગુલાબ અતરભી છટાઓ, શબ કોઈ ભએ ખુશાલ*
તરા તરાકી મીઠાઈ, પરશે જશુમત માઈ,
જીમે બલદાઉ કનાઈ, છોટે લાલનકે લાલ* ૩

લાએ તુરરે ગુજરે ઇઆર, દીએ ગલમે શબકે દાર,
હોત આંનંદ અપાર, કરતે નાચ ઔર રંગ*

હોત નાચ મચી ધુંમ, રહે આંનંદમે ઝુમ,
કોઈ ખારહે માજુંમ, પીતે શબજી ઔર ભંગ*
કહે જરીફ દાદાભાઈ, છપન મીઠાઈ ગાઈ,
એશી કરના ચતરાઈ, ફીરકે બજાના ચંગ*
ગઇ અમન ચમનમે રાત, અંગીયા દે જશોદા માત,
ગએ ગુવાલ બાલ શાત, ભયા આંનંદ ઊમંગ*
નવરોજ જીવાજી રંગ લાલ, નશરવાંનકી નીયારી ચાલ,
જેશી શાચેકી ઢાલ, ગાએ મનીરાંમ એયાલ*
તરા તરાકી મીઠાઈ, પરશે જશુમત માઈ,
જીમે બલદાઉ કનાઇ, છોટે લાલનકે લાલ* 4

---o---

હીંદુસ્તાંની—ચુરનના નામ.

(રંગત ઝડશી)

ચુરનવાલેકી દુકાન, જાનોતો ઓતીશામાન,
જીશકા ઓલુ મૈય બયાન, શુનલે ભાઇ*
મેરા ચુરીનીકા કાંમ, મતલબ શારા કહું તમાંમ,
શુનલે નીયારે નીયારે નામ કર ચતરાઈ*
શોંપ અજવાયન પીપર, જીરા શાજીરા ઔર હર,
ઉશ પાંચો મીલાકર, ખુબ કુટવાના*
ઓતો ચાર ચીજમે ભીજે, ઉશમે નીમક મશાલા દીજે,
ફીર ચુરન બના લીજે, છોડ અનાર દાના*
ખાતે જાવે તનકા દુખ, હોત શબી તનકા શુખ,
ઉશે લગતી જાદેભુખ, પાનીમે ખાના*
ઉશમે અમલબેદ ધુડલાના, જીશકો ખુબ તરે પીશવાના,
ફીરશે ગોલીયા બનાના, શુનલે શીયાના*
બનાઈ દાડમછાલ, શેંધાકાલી દરાક દાલ,
જીશમે ખુબ દીએ હએ માલ, શીલપે પીશવાઈ*
મેરા ચુરનીકા કાંમ, મતલબ શારા કહું તમાંમ,
શુનલે નીયારે નીયારે નામ, કર ચતરાઈ* 1

કેશરપાક હમ્મે શરનાંમ, ડારી ચીરોંજી બદાંમ,
ખાતે જીકોહો આરાંમ, પડા મશાલા*
પાકકે ચાર પરકાર, દીએ શબ્બી મશાલેદાર,
ખાતે બદન હો તયાર, બડા ગુનવાલા*
નીશકી રેહેતી માજુંમ, ખાતે આંખોમે ગઇ ધુંમ,
ગીરતા પડતા ઝુમ ઝુમ, રહેમતવાલા*
ઉશમે પીશ ડારી ભંગ, ખાતે આંખા હો ગઈ તંગ,
જીશમે તરા તરાકા રંગ, ધુટકે ડાલા*
ગોલી અમલબેદ લે જાવે, ઠંડે પાનીમે પીલાવે,
દીનમે તીન બખ્ખત ઓ ખાવે, જાવે ગરમાઈ*
મેરા ચુરીનીકા કાંમ, મતલબ શારા કહું તમાંમ,
શુનલે નીયારે નીયારે નાંમ, કર ચતરાઈ* ૨

જીને ખારક લેકે ખાઇ, જાવે પીત ઔર બાઇ,
ઓવે બાદીઓ કચાઇ, શેતમે ખા જાના*
શાલંમ મીશરી શાલંમ પાક, કાલી મીરચી કાલી દરાક,
ખાતે જાએ તન શુજાંક, હોવે મડદાના*
ધનીએ કુટવા કે પીલ હાલ, જીનકે છીલકે દીએ નીકાલ,
દીએ માલ મશાલે દાલ, ધીમે ભુજવાના*
ડાલા શેંધા કાલાલુન, જીનકુ ધીમે દીયા ભુન,
ધનીએ ખાતા બડતા ખુન, હોત મશતાના*
જબકે કાવડ ઓ શજાઇ, જીશકી કૈયા કરૂ બડાઈ,
જીશમે લાઓ હેં દવાઇ, મખ્ખન મીશરી મીલાઇ*
મેરા ચુરીનીકા કાંમ, મતલબ શારા કહું તમાંમ,
શુન લે નાયારે નીયારે નાંમ, કર ચતરાઇ* ૩

જરીફ મીર કહે એં છંદ, ખુબ હરફ કડીબંદ,
શુનકે હો શબ આનંદ, બડે શેયલાની*
તગ ઔર તબર, વહશી શંગ ગાતા ખંજર,
ગાયા કલગીકે ઉપર, શુન લે ગીયાની*
ગાતે દાદાભાઇ, કાનજી જીનકે શંગ શવાઇ,
જીકરી ચુરનકી બનાઇ, હીંદુશતાની*
તુને ગાયા હોતા ચુરન, જીશમે દવા નહીં શંમપુરન,

ગાએ બરશીદજી વોઝુરન, ઇમરતબાની*
મનીરાંમ કહેતા શીયાના, ચુરન મડદોકા હયે ખાના,
કલગી કેયા જાને જનાના બડીહરજાઇ*
મેરા ચુરીનીકા કાંમ, મતલબ શારા કહું તમામ,
શુન લે નીયારે નીયારે નામ, કર ચતરાઈ* ૪

——o——

ગુજરાતી—જનાવરોના નામ.

(રંગત ઝડપી.)

ચડે ઉડે એશે કાંમ, ધરતી પાણીમા વીશરાંમ,
એવા જનાવરોના નાંમ લખીશુ ભાઇ*
અનેક જીવજંત એનો મલે નહીં અંત,
કોઇ ગીયાની હોય મહંત શમજાવે ગાઇ*
ગરૂડ સીમુરગબાજ, હોમા ફરે મલેરાજ,
ચાટવના માથાપર તાજ, શોભે કલંગી અપાર*
ઢેચા દાદુર મોર, મેના પોપટ કરે શોર,
તીતર તુતી વયા ભોર, બોલે હીરામણ કંઇ વાર*
બગલા મુરગાબી શારશ, લાંબી પાહાડીને પારશ,
બતક પેનશો ને હંશ, તીતો કાગડીયો કુંમાર*
શકરો તુતી કબુતર, તીતવન પપઇયા કાબર,
બુલબુલ કુલંગ નુરી જબર, કરે કાગડો કીલકાર*
કડાને ગબડ ફાડો, કડીઆડી લકડકોડો,
ચકલા ચકલીનો જોડો, ભાલુતુરી જંગલમાઇ*
અનેક જીવજંત, એનો મલે નહીં અંત,
કોઈ ગીયાંની હોએ મહંત, શમજાવે ગાઈ* ૧

ઢેલને ગેરી દરો, હરીયા કાકાટવો ખરો,
હોલો કરે શરોપરો, કોયલ કારી*
ઝડપીયા ધુવડ શાથે, વડવાંદરી ઊંધે માથે,
હપ્પકો રાતરાની વાતે, ટીટોડી પીયારી*
વલી કાકન ને માંગ, મરગો મારે ખુબ બાંગ,
ગીદની ચાંચ મોટી ટાંગ, ખાયે મનુશ ભારી*

જલ કુકડીને ધાર, લવા તરકી તરાદાર,
લીલ ખરગોશ અપાર, પંખી પંખીયન શારી*
શીંહ ગેંદાની જોડ, ઘોડા મારે ઘણી દોડ,
વાઘ વરૂની ઓડ, શીંહ તોડે પલમાંઇ*
અનેક જીવજંત, એનો મલે નહી અંત,
કોઈ ગીયાનીયો મહંત, શમજાવે ગાઇ* ૨

ભેંશ ગોધો ઉટ હાતી, ગાઇ બેલ બને શાતી,
બકરી ઘેરી કારી રાતી, નહીં ચીતાનો પાર*
કોલા કુતરા ને ઊંદર, રીંછ ભુંદ મેંઢો ડુકર,
હરન વાંદર શાબર ખચર, જોયા રોઝ બેશુમાર*
ગોધો શશલો કાલુ પાડો, રાની બીલાડી બીલાડો,
શરડો નોલીયો કુંઓ જાડો, શીશોલીયું કાટાદાર*
ખલેડી શરપ મછર, વીછી પાટલાઘોઇ જબર,
માકડ જુ લીખ ચાંચર, તીરએતી કરે ખુવાર*
કીડી મકોડી કશારી, કમલો ડાંશ કરડે ભારી,
ભંમરો ભમે ફુલવારી, આશક ફુલનો શવાઇ*
અનેક જીવજંત, એનો મલે નહીં અંત,
કોઈ ગીયાનીયો મહંત શમજાવે ગાઇ. ૩

પતંગીયો આંગીયો ચમકે બહુ, ઘર કીડા માખી શહુ,
ગુજરી કરાડીયો પડેરૂ, છેમઘાનેમઘર*
અરાશીયા કંઇ હજાર, થાએ વરશાદમાં ઇયાર,
કાનખજુરીઆ અપાર, શાંવા બાગા ગોરખર*
મધમાખી મધ ચાટ, કરમ કાચબો શુશવાટ,
કરે દેડકો ગોગાંટ, ખીલ માકડી ને ખર*
દારા નવરોજ નશરવાંન, મુરાર જીવાજી જવાન,
જનાવરોનુ બયાન, ગાઇયું દંગલ અંદર*
કહે મનીરાંમ, જનાવરોના નામ તમાંમ,
તમે બોલો કવી આંમ, કરો ચતુરાઇ*
અનેક જીવજંત, એનો મલે નહીં અંત,
કોઇ ગીયાની હોએ મહંત. શમજાવે ગાઇ* ૪

———o———

વાંણીયા બ્રાંમણ વીશનવ આ બેયાલ વાંચે નહી.

ગુજરાતી.—હોટલનુ જમન, માથલીના નામ.

(રંગત ઝડશી.)

માથલીના શોકી જુવાન, ધાટી પારશી મુશલમાન,
ભેગો હતો કીરશતાન, ગયા હોટલમા જાર*
હોટલવાલાને બોલાવી, શઉ માથલી મંગાવી,
હોટલવાલે મેલી લાવી, ખાએ મલી દોશ ચાર*
ભીંગ ગોલ ને રામશ, હલવો શુરમાઈ શરશ,
છમના મેલ્યા આઠ દશ, બોઈ તેલમા તરી*
લીલા બોમલા તલેલા, લેવટા મેલ્યા તેને ભેલા,
માદરીયાએ વેલા વેલા, લાવ્યા તયારી કરી*
તુમડી મુકી પેલવેલી, જીભટી મેલી ભેલીશેલી,
ભનજી રકાબીમા મેલી, જુદી જુદી શઉ ધરી*
બાંદામુઇ ને શકરો, તાડમુડીયો જેમા ખરો,
પાહાડી છેવાર ગોદરો, લાવ્યા માથલી બીજી ફરી*
કુટો કોલમી કોલમકશ, મુકીયો અંમબારનો રશ,
ધી પાઇયું નશોનશ, કીધો પાટીયો તયાર*
હોટલવાલાને બોલાવી, શઉ માથલી મંગાવી,
હોટલવાલે મેલી લાવી, ખાએ મલી દોશ ચાર* ૧

કાલુનો પઈ દાબી, તેની ભરી ખુબ રકાબી,
નાખ્યો અરક માંઈ ગુલાબી, લાવી રાખી ટેબલપર*
બોરવા મુકીયા પકાવી, પરશાને ખુબ બનાવી,
ધીમાં તીરશાને તરાવી, મેલ્યા રકાબી અંદર*
લેડીફીશ માથલી પીયારી, તરી ગરભ રાખી શારી,
ગોઠવી રકાબીમા નીયારી, ટેબલ ઉપર શુંદર*
માંગનની રકાબી લેઈ, મેલી ટેબલપર જઈ,
કરવટીયાને તંઈ, લાવ્યા વેખરૂ પાખર*
કલચડા ને શાંઠ મુશી, ચાંન ખાવાની થઈ ખુશી,
શીંગાડા લઈ ધી ચુશી, ખાયે થાયે તાકતદાર*
હોટલવાલાને બોલાવી, શઉ માથલી મંગાવી,
હોટલવાલે મેલી લાવી, ખાએ મલી દોશ ચાર* ૨

ધુંમેર ને વાંમ, ઝીંગા ભેગો મુકીયો ટાંમ,
શલાવી માથલીનુ નાંમ, વાવટી મેલી તેની પાશ*
ભુદરા ને ગોવારો, ખજુરો મેલ્યો તો શારો,
કાગડો બાંગડો બહુ પીયારો, મુકીયા બાટલી ગલાશ*
ચોંડા મગર ને કાંટી, પીલશા માંઈ શરકો છાંટી,
ખાધો રશ ચાટી ચાટી, એવો માથલીનો શાશ*
કટલેશ કબાબ, મુકીયો બાટલીમાં શરાબ,
પોટવેંન બરાંડી ગુલાબ, ખાએ પીએ બેઠી હાંશ*
બતક પેનશાની વાની, ચાંપ મરઘીની બીરીયાની,
ઈંડા તરકીબી મજાની, કારી ચાવલ ખુશબોદાર*
હોટલવાલાને બોલાવી, શઉ માથલી મંગાંવી,
હોટલવાલે મેલી લાવી, ખાએ મલી દોશ ચાર* ૩

કીધા ખુશી ખુબ ખવરાવી, હાત પાણીથી ધોવરાવી,
મેલી ફરૂટ અનેક લાવી, ચીકુ પેર ગુલાબી જામ*
શંનતરા મોશંબી નારંગી, અંજીર તરબુજ જેમાં જંગી,
દાડમ મેલ્યાં તેને શંગી, રામફલ કેલાં આંમ*
ચીભડુ અંનદુશ પપેનશ, ભરીયો લીલી દરાકનો તશ,
શકુરચંદ ને કુનશ, વલી પશતા બદાંમ*
ઉઠીયા મોનુ શંમારી, ખાધા પાન ને શોપારી,
હોટલવાલાને મેહેનત ભારી, જોઈ આપીયું ઈનાંમ*
દારાની નીયારી ચાલ, કહે નવરોજજી રંગલાલ,
હોટલવાલાનો બેયાલ, ગાએ મનીરાંમ ઈયાર*
હોટલવાલાને બોલાવી, શઉ માથલી મંગાવી,
હોટલવાલે મેલી લાવી, ખાએ મલી દોશ ચાર* ૪

—o—

ગુજરાતી—શાક ભાજીના નામ.

(રંગત ઝડશી.)

મારા શમજો રાંમભટ, કરો રશોઈ ઝટપટ,
શાક શઉ જાતના શટ, દીજો હીંગનો વઘાર*

ધાંણા જીરૂ મરચુ વાટી, આદુ ઓપરૂ વાટી ઘાટી,
કોથમીર હરદર કુટી કાટી, નાખી કરો મશાલાદાર*
જાવો મારકીટને માંઈ, લાવો દુધીને તુરાઈ,
દાંગર બટાટા શવાઈ, ભેગા કાંદા શુરન*
વેગના રતાલુ ચોધારી, ભીંદા ગલકા હુલકર ભારી,
દબલબી ફરશબી શારી, ભેગા ગાજર શકરકંન*
લાવો કટોલાં કારેલા, શલગંમ કવડાબીટ ભેલા,
કોબી બીટ લાવો વેલા, જે જોઈ થાઉં મગન*
કાચા કેરાં બદીદ કરી, કાકડી ટીંદોરા ખુબ ભરી,
શક્કેત કોલુ ગુવાર ફરી, લાવો પદોરાબી તન*
વાલોર ચોરીને ફનશ, શરગવાની શીંગ શરશ,
કાચા ચીભડાં લાવો દશ, કાલી ફુલાવર ચાર*
ધાંણા જીરૂ મરચુ વાટી, આદુ ઓપરૂ વાટી ઘાટી,
કોથમીર હરદર કુટી કાટી, નાખી કરો મશાલાદાર* ૧

ગીરીંનશીશને ટાંબોટાં, ખીલમડી કોથીમડા મોટા,
ડાંભાની ભાજીના શોટા, લાવો શુવાનો ભાજી*
મેજીની ભાજી ચોલાઈ, પાલક બતુમડો ભાઈ,
ગોલની ભાજીબી શવાઈ, તાંદલજાની ભાજી તાજી*
લાવજો ભાજી ટાંકલાની, માંઈ નખાવજો મુલાની,
અલુની ભાજી મજાની, તે લાવજો ઝાંજી*
માચાની ભાજી વટાના, વાલ મગ મઠના દાના,
ચોરા ચણા બહુ મજાના, લાવજો થઇ તંમે રાજી*
લીલી હરડરને ફુદીનો, લેજો જોઈ ઝીનો ઝીનો,
જે હોએ પાંણીમાં બહુ ભીનો, લેજો કમરખ એક હજાર*
ધાંણાં જીરૂ મરચુ વાટી, આદુ ઓપરૂ વાટી ઘાટી,
કોથમીર હરદર કુટી કાટી, નાખી કરો મશાલાદાર* ૨

કરમદા મોગરી લેવા જાવો, રાઈ મેથી લશન લાવો,
લીંબુ કેરી લેતા આવો, ભેગા પાપડ વડી*
લાવો લોટ ચણાનો ખાશ, ભીંડા લીંબડો લેજો પાશ,
લાવજો ખાટા દહીની છાશ, તેનો કરીશુ કડી*

ભટ આવ્યા લઈ બજાર, કરી રશોઈ તયાર,
જમવા બેઠા શેઠ ને નાર, પીરશે ભટ ઘડી ઘડી*
શીરો પુરી ભજીઆ લાલ, કઢી ભાત ફુટી દાલ,
શાક શઉ જાતના હાલ, મજા જમવાની પડી*
ખાઈ પીને ભરીયું પેટ, ખુશી થયા શેઠાણી શેઠ,
ભટ તેં ખુબ કરી વેઠ, તારો વધારશુ પગાર*
ધાંણા જીરૂ મરચુ વાટી, આદુ ઓપરૂ વાટી ઘાટી,
કોથમીર હરદર કુટી કાટી, નાખી કરો મશાલાદાર* ૩

શેઠ થઈ ગયા પરશન, પગાર વધારીયો રૂપીઆ તન,
ભટના હશી ખુશીમા દન, લાગા જવાને*
ભટની ભટાણી, દુખણા લીએ હાથ તાણી,
મેલી ચુલા ઉપર પાણી, બેઠા નાહાવાને*
પછી કરી પાટ પુજન, કીધુ હરીનુ શમરન,
બનાવીને ખુબ ભોજન, લાગા ખાવાને*
દાદાભાઇની હુશીયારી, ગાઈ અનેક તરકારી,
નવરોજ જીવાજી જાયે વારી, બેઠા ગાવાને*
કહેછે મનીરાંમ, કહો શેઠ ભટનુ નાંમ,
નહીતો ગાઉછે હરાંમ, ઝટ પેરી લીયો હાર*
ધાંણા જીરૂ મરચુ વાટી, આદુ ઓપરૂ વાટી ઘાટી,
કોથમીર હરદર કુટી કાટી, નાખી કરો મશાલાદાર* ૪

રંગત છોટીજીની દોડકડી.

ગુજરાતી—આતમના શઉ શગાં.

(રંગત દોડકડી.)

જીવતાના શઉ શગા ભાઈ બેન સ્ત્રી બાપને માએ,
મુવાનુ શગુ ન કોઈ થાએજી,

બેન કહે ભાઈ મારો નારી કહેછે ભરથાર,
બાપ મા કરે હેતથી પીયારજી,
કોઈ કહે કાકો માંમો કોઈ કહે પ્રાંન આધાર,
જીવના શગાં કુટંમ પરીવારજી,
દોશ કહે દોશતાર તું મારો તુજવીન નહી શોવાએ,
મુવાનુ શગુ ન કોઈ થાએજી. ૧

અંનતે કોઈ નહી શગુ માટે નર તજીદે માન ગુમાન,
ધરીલે એક પેજદાંનુ ધીયાનજી,
જાંવેર પરગટ છે કાયામા પીયારો તન મન પ્રાંન,
તાંવેર નેકીકર નાદાનજી,
મારો મારો કહીને મીઠુ બોલી શાથ શઉ ખાએ,
મુવાંનુ શગુ ન કોઈ થાએજી. ૨

જીવતે જીવત પેરાવે દાગીના શોળ શનધાર,
ગલામા નાખે નવશરો હારજી,
મરી જાએતો શગા આવીને બોલે કરી અંહેકાર,
ઉતારો શાજ શરવે આવારજી.
કાહાડો કાહાડો એને ઉપાડો જલદી કરો વીદાએ,
મુવાંનુ શગુ ન કોઈ થાએજી. ૩

કહેવાનુ હતુ તે કહી ચુકીયો હવે કર નેકીનું કાંમ,
જેથી થાએ જગમા તારૂં નાંમજી,
દાદાભાઈ કહે દયા રાખી કરો ધરંમને ખરચો દાંમ,
એવી નશીયત દેછે મનીરાંમજી,
નવરોજજી જીવાજી લાવણી નર તુરાંની ગાએ,
મુવાનુ શગુ ન કોઈ થાએજી. ૪

—o—

ગુજરાતી—કલજુગ વીશે.

(રંગત દોડકડી.)

આવ્યો જમાનો કલજુગનો જાએ છોડી પતીને નાર,
કરે પર પુરશ વેહેવારજી,

બાપ જુવે દીકરાને દીકરો અંનતે ન બાપનો થાએ,
બાએ દીકરીની કંમાઈ માએજી,
બ્રાંમણ ભુખે મરે ભડવાવો માલ મલીદા ખાએ,
ભાઈ બેનોના ઘેરમાં જાએજી,
વીધવા કંઈ સ્ત્રી શજે તન ઉપર શોલ શણગાર,
કરે પર પુરશથી વેહેવારજી. ૧

નીચ કરેછે રાજ ઊંચા તે નમે જોડીને હાત,
કીધો કલજુગે શઉનો ઘાતજી,
વીષનવ બ્રામણ મરજાદીએ ખોલી પોતાની જાત,
થયા શઉ ભ્રષ્ટ શું કહું હું વાતજી,
મોડેથી કહે ભાઈ ભાઈ છાનો મન ગમતો યાર,
કરે પર પુરશથી વેહેવારજી. ૨

માહાદેવ તેત્રીશ કરોડ દેવતા વશીયા જઈ કેએલાશ,
લીધો વીશનુએ વંઇકુટ વાશજી,
પંડીતો પદ ભ્રષ્ટ થયા પીએ દારૂ ખાએ માશ,
કીધો કલજુગે શતીયાનાશજી.
બ્રામણને ઘેર તુલશી નહી ઢેડાને ઘેર અપાર,
કરે પર પુરશથી વેહેવારજી. ૩

જે ન જોયું હતું તે કલજુગમા શરવે જોયું,
શઉ અંધાપામાં ખોયુંજી,
અશરાપી લઈ લીધી બી કમજાતીનું બોયું,
મેલુ મન શાફ નહીં ધોયુંજી,
દાદાભાઈ મનીરાંમ કહે રાખો રાંમનો આધાર,
કરે પર પુરશથી વેહેવારજી. ૪

—o—

ગુજરાતી—કલગીવાલાનો જવાબ.

(રંગત દોડકડી.)

શપુત પુત જે હોએ તે માત પીતાની પુરે હાંમ,
આવે ઘડપણમા અંનતે કાંમજી,

કમાઉપુત ઇયા શપુતના પગ બચ્ચપનથી વરતાયે,
રૂપ નહી શપુતનુ શંનતાયેજી,
શીએ શીખાડે ખાએ ખવાડે દયાનો દાનો થાયે,
કરે નીત માત પીતાની શાયેજી,
ઇંદ્ર ચંદ્ર શુર નારદ શારદ ગંદ્રવ દેવ જશ ગાયે,
શપુતના ગુંણો નહીં વખાણાયેજી,
માતને શમજે શીતા શપુત પીતાને શમજે રાંમ,
આવે ઘડપણમા અંનતે કાંમજી. ૧

રાંમચંદ્ર જેવાએ પીતાનુ વચન કીધુ શનમાન,
ગયા વનવાશ તજી અશચાનજી,
પીતાના કેહેવાથી ઇંદ્રજીતે રંણુમા ખોયો પ્રાંન,
કપાવીયું માથુ ચેલઇએ જાનજી,
પાંચો પાંડવ માને વચન માતાનુ ધરે શઉ વેયાન,
હતું રોહીદાશને શાચુ ગીયાનજી,
શરવણ માત પીતાની એંગી લઈ ફરીયો ગાંમો ગાંમ.
આવે ઘડપણમા અંનતો કાંમજી. ૨

દેવોબી માત પીતાનો માનતા હતા આભાર,
શપુતનો એવો શફલ અવતારજી,
કપુત પુતને વાહાલી હમેશા લાગે ઘરની નાર,
માત પીતાનો કરે તીશકારજી,
માત તાતને દીએ દુખ સ્ત્રીને દીએ શુખ શાર,
અંનતે પડે નર-કમો જારજી,
કપુત પુત હોએ ભગત્ત તોખી નહી મલે વંઇકુટ ધાંમ,
આવે ઘડપણમા અંનતે કાંમજી. ૩

કપુત પુત હોએ પઈશાવાલો વલી હોએ ગીયાની,
તોએ તેની અંતે થશે હાનીજી,
ગરીબ શપુત પુત હોએ તેનેપર શઉના મેરબાની,
કદર તેની શઉએ જાનીજી,
દાદાભાઈ ઉશતાદની નશીયત લેજો શઉ માની,
હરી કહે શપુતની કાહાનીજી,

ટુટેલા તમે એયાલ ન ગાતા કહેછે એમ મનીરાંમ,
આવે ઘડપણમા અંનતે કામજી. ૪

——o——

ગુજરાતી—કલગીવાલાનો જવાબ.

(રંગત દોડકડી.)

શાગરીત કરૂ તો એવો કરૂં જેથી થાએ નાંમને કાંમ,
પુરન થાએ મારા મનની હાંમજી,
ધરંમગુરૂએ મને શીખવ્યું વાંચવા પોથી પુરાન,
જેથી મને મલેછે જગમા માનજી,
ઉશતાદ કીધો તો એવો કીધો હું જલદી શીખીયો ગીયાન,
લાગો કરવા નીત નવા બયાનજી,
ગુરૂ ગીયાંન આપેતો ચેલો થાએ ન નીમક હરાંમ,
પુરન થાએ મારા મનની હાંમજી. ૧

બાલપનમા મને મેલીને ગયા પીતા ને માત,
તીયારથી રહો હું દોશો શાતજી,
દોશતી મૈય એકની કીધી બશ એકનો પકડીયો હાત,
તેમા ના થાએ કોઇદી ઘાતજી,
એવા દોશતો ઘણાછે મારા બીજા ઠાંમો ઠાંમ,
પુરન થાએ મારા મનની હાંમજી. ૨

સ્ત્રી કીધીતો એવી કીધી જાણે કોઈ લગનની નાર,
ફરીયો હું ખુશીથી ફેરા ચારજી,
જાત ન થાએ આપણી કજાત દીએ માથુ કોઇદી ઘયાર,
એવો મૈય નીશચે કરીયો વીચારજી,
જોઈ ચુકીયો બશ ફરી ચુકીયો હું કંઈ એક ગાંમોગાંમ,
પુરન થાએ મારા મનની હાંમજી. ૩

માયા જગતની ખોટીછે એક શાચો તે કીરતાર,
રાખ તેનો તુ નર આધારજી,
દાદાભાઇનો દોશ એક તે શાહેબ શરજન હાર,
કહે નવરોજ નંમીને ઘયારજી,

ગાઉ બજાઉ કરૂં નાંમ મુરશદનુ કહે મનીરાંમ,
પુરન થાએ મારા મનની હાંમજી. ૪

———o———

હીંદુસ્તાંની—(કલગી કે ખેયાલપર ખેયાલ.)

(રંગત દોડકડી.)

આવે જીશદાંમ શનમ અપની ઝુલફોમે અતર મલકે,
લેવે દીલ કીતનો કે છલકેજી,
કારે કારે દોરે દીએ હએ નૈનમે કાજલકે,
પૈને પએજાંમે મખમલકેજી,
અંગીયાં બુટેદાર લટકતે લછે પાતલકે,
વજનમે ગુલશે થે હલકેજી,
એશે માશુક દેખે નહી ચીન લંડન કાબલકે,
લેવે દીલ કીતનોકે છલકેજી. ૧

હાલ લઓને કરલીના માનીંદ ઓ નલકે,
પૈને પોશાંગ હએ કમલકેજી,
પેએરામે પડ ગયે છાલે કંઈ લઓ ચલ ચલકે,
રહે મોવતાજભી અંનજલકેજી,
જાંહાં દેખુ વાંહા શામને આકે ષોકલ શનમ ઝલકે,
લેવે દીલ કીતનો કે છલકેજી. ૨

મેરાભી દીલ ભયા નાતવાં હીજરમે તલ મલકે,
ગઈ હડીયા બીલકુલ ગલકેજી,
કલ કલ કલ કલ કરકે શનમને કીએ બે કલકે,
તોભી બાઈદે કરે કલકેજી,
હાલ ફકીરાના કરકે ગએ તરફવો જંગલકે,
લેવે દીલ કીતનો કે છલકેજી. ૩

પાહાડો પાહાડ ઓર ઝાડો ઝાડ કંઈ બીજ ચએ ફલકે,
ગીન ચુકે તારે બાદલકેજી,
આયે લવટ બશતીમે થકેલે થે હંમ મનજલકે,
કીએ દરશન દીલ દેવલકેજી,

દાદાભાઈ મનીરાંમપે દુષમન લખો મરે જલકે,
લેવે દીલ કીતનોકે છલકેજી.

રંગત જુની ધુંન નવી.

ગુજરાતી.—ખુદાની શીફત (નશીયત.)

(રંગત જુની ધુંન નવી.)

તુંને કોઈ ચાહે તે શમજાવે રે, તુંને કોઈ ચાહે તે શમજાવે,
તું પાક નજર કરી જોશે તો તુને શાહેબ નજર આવે,
અગર કોઈ ચાહે કરે દીલશંગ, અગર કોઈ ચાહે કરે દીલશંગ,
તું કર દીલને મીન શરીખુ જો ઉલફતનો રંગ,
જમાનો મીશલે ઇયાર પતંગ, જમાનો મીશલે ઇયાર પતંગ,
કરે ઘડીમાં લીલા લેહેર ને કરે ઘડીમા તંગ,
અજબ કુદરતનો છે આ ઢંગ, અજબ કુદરતનો છે આ ઢંગ,
લાખો ફીલશુફ જોઇ જોઇને થઈ ગયાછે દંગ.

દોહેરો.

પેલેતો તુ ઝુરી ઝુરીને, થઈશ ઘણો લાચાર,
પછી તે શાહેબ દયા કરીને દેખાડશે દીદાર.

તુને કોઈ ચાહે તે ગભરાવે, તુને કોઈ ચાહે તે ગભરાવે,
તું પાક નજર કરી જોશે તો તુને શાહેબ નજર આવે. ૧

શદા નર ધર શાહેબનુ ધીયાન, શદા નર ધર શાહેબનુ ધીયાન,
છે કુદરતનો વાલી પોતે તાબામા બેઉ જાંહાન,
બનાવ્યા જમીનને અશમાન, બનાવ્યા જમીનને અશમાન,
ચંદ્ર શુરજ નવ લખ તારા શઉ ઉભા કીધા દરબાન,
અજબછે તારી શાહેબ શીયાન, અજબછે તારી શાહેબ શીયાંન,
તાબે તારે દેવ જીન પરી પશુ પંખશી ઈનશાન.

દોહેરો.

શઉ કોઇનો શરતાજ તે વાલી શાહેબ શરજન હાર,
જેપર મેહેર કરશે તે મેહેરબા ઉતરી જાશે પાર.

કાંમકર જેઉ તુને ભાવે, કાંમ કર જેઉ તુને ભાવે,
તુ પાક નજર કરી જોશેતો તુને શાહેબ નજર આવે. ૨

તુંજ કુલ ખલકતનો મુખ્તીયાર, તુંજ કુલ ખલકતનો મુખ્તીયાર,
જીવ જનાવર પરી જીન જન તારા તાબેદાર,
નથી કુદરતનો તારો પાર, નથી કુદરતનો તારો પાર,
લાખો આશક ફરી ફરીને થઈ ગયા લાચાર,
સમજ નર નાકર તું તકરાર, શમજ નર ના કર તું તકરાર,
નથી છુપ્યો તે રહીયો કોઇથી છે શઉમાં આષકાર.

દોહેરો.

દયાનો દાતા દાવર તુંછે પોતે દીન દયાલ,
જેનાપર તું કરે મેહેર તેને આપે ધનમાલ.

તુને કોઈ ચાહેતો ધંમકાવે, તુને કોઇ ચાહેતો ધંમકાવે,
તુ પાક નજર કરી જોશે તો તુને શાહેબ નજર આવે. ૩

જરીફ દારાપર થા મેહેરબાન, જરીફ દારાપર થા મેહેરબાંન,
તારી ઉપર શો શો શદકે કરેછે બેઉ જાન,
નથી કંઈ બીજો હવે અરમાન, નથી કંઈ બીજો હવે અરમાન,
જે કુદરતને ભુલશે તારી તે છે ઘણો નાદાન,
બોલાવી લેતુ હવે શત માન, બોલાવી લેતુ હવે શત માન,
તુજને મલવા ખાતર અમારો તરશે તનમન પ્રાંન,

દોહેરો.

મનીરાંમ કહે શમજો શાહેબની કુદરતનો ખેલ,
ખેલ ખેલવો ઘણો કઠણ છે નથી શમજો કંઈ શેહેલ.

દીદ દારાને દરશાવે, દીદ દારાને દરશાવે,
તુ પાક નજર કરી જોશે તો તુને શાહેબ નજર આવે. ૪

ગુજરાતી—કપુત પુત વીશે.

(રંગત જુની ધુન નવી.)

પુત્ર આ શમાના છે એવા, રે પુત્ર આ શમાના છે એવા,
ઇશ્ત્રીના કેહેવાથી લાગા મા બાપને દુખ દેવા,
શીખામણ દીએ માત ને તાત, શીખામણ દીએ માત ને તાત,
તે નહીં ધેયાનમા ધરે ઉલટો તે લડે કરી ઉતપાત,
બઈરી કહે જો ખોટી વાત, બઈરી કહેજો ખોટી વાત,
તે શાચી માનીને વેર રાખે મા બાપો શાત,
લાગા ઘર માંડી જુદા રેહેવા, રે લાગા ઘર માંડી જુદા રેહેવા,
ઇશ્ત્રીના કેહેવાથી લાગા મા બાપને દુખ દેવા. ૧

માતાએ જન્મ તુંને આપ્યો, રે માતાએ જન્મ તુને આપ્યો,
બચપનમા પાઇયું દુધ પ્રેમથી લઈ રૂદીએ ચાંપ્યો,
જોઈ પીતાને હરખ વાપ્યો, રે જોઈ પીતાને હરખ વાપ્યો,
તે મારગ મા બાપનો ચાલુ અધવચમા કાંપ્યો,
શહીયા દુખ માએ કેવા કેવા, રે શહા દુખ માએ કેવા કેવા,
ઇશ્ત્રીના કેહેવાથી લાગા મા બાપને દુખ દેવા. ૨

તમને ધવરાવ્યા ખવરાવ્યા, રે તમને ધવરાવ્યા ખવરાવ્યા,
લોકોનુ દેણુ કરી તમને પરનાવ્યા પશતાવ્યા,
હવે બઇરીના ભરમાવ્યા હવે બઇરીના ભરમાવ્યા,
પેલા ગુણના બદલામા મા બાપને વીશરાવ્યા,
થયા કેમ કશાઈના જેવા, રે થયા કેમ કશાઈના જેવા,
ઇશ્ત્રીના કેહેવાથી લાગા મા બાપને દુખ દેવા. ૩

બઇરી મલશે કંઈ લાખ હજાર, બઇરી મલશે કંઈ લાખ હજાર,
પન આ દુનીયામા માત પીતા નહીં મલશે વારંમવાર,
માટે નર મનમા કરો વીચાર, માટે નર મનમા કરો વીચાર,
દાદાભાઈ કહે કરો શેવા મા બાપની શાંજ શવાર,
ગાવો ખેયાલ મનીરાંમ જેવા, રે ગાવો ખેયાલ મનીરાંમ જેવા,
ઇશ્ત્રીના કેહેવાથી લાગા મા બાપને દુખ દેવા. ૪

હીંદુસ્તાંની--કલગી કે ખેયાલપર ખેયાલ.

(રંગત જુની ધુંન નઈ.)

પ્યાર કેઉ લગે હો દુખ દેને, પ્યાર કેઉ લગે હો દુખ દેને,
ગૈઅેરોકે એહેકાનેશે તુંમ અલગ લગે રેહેને,
પ્યાર એ દીન કેશે થેરે, પ્યાર એ દીન કેશે થેરે,
ષેઆરોજ આતે જાની તુંમ હંમરે ડેરે,
મારતેથે શો શો ફેરે, મારતેથે શો શો ફેરે,
કેયા જાને કીશ શબબ ભએહો તુંમ બૈરી મેરે,
પડા દુખ એ હંમકો શેહેને, પડા દુખ એ હમકો શેહેને,
ગેએરો કે એહેકાનેશે તુંમ અલગ લગે રેહેને. ૧

પ્યાર જદ આગે આતેથે, પ્યાર જદ આગે આતેથે,
ગલમે બંયાંદાર દાર મોશે મા લીલાતેથે,
હંમજો ગાલીયા શુનાતેથે, હંમજો ગાલીયા શુનાતેથે,
શમજકે વો ગાલીયોકે તુંમ જેઉ મીઠાઈ ખાતેંથે,
તેરા કેયા કુશુર કીયા મૈને, તેરા કેયા કુશુર કીયા મૈને.
ગૈએરોકે એહેકાનેશે તુમ અલગ લગે રેહેને. ૨

પાશ તેરે કોઈ ન આયેગા, પાશ તેરે કોઈ ન આયેગા,
ચંદ રોજ મે જુવાનીકા તેરા બાહાર જાયેગા,
જાની ફીર તું પછતાયેગા, જાની ફીર તું પછતાયેગા,
દોશ તેરે દુષમન હોગેં ફીર તું ગંમ ખાયેગા,
જાયેગા કીશકો ફીર કેહેને, જાએગા કીશકો ફીર કેહેને,
ગૈએરોકે એહેકાનેશે તુંમ અલગ લગે રેહેને. ૩

નહી પ્યારોમે હએ વફાઈ, નહી પ્યારોમે હએ વફાઈ,
એશા કભી હંમ જાનતે તો નહી કરતે અપનાઈ,
એંઉંકર કહે દાદાભાઈ, એંઉંકર કહે દાદાભાઈ,
ઇશ્ક મજાજી લાવની હમને નઈ બના ગાઈ,
મનીરાંમ કહે કેયા કીયા તેને, મનીરાંમ કહે કેયા કીયા તેને,
ગૈએરોકે એહેકાનેશે તુમ અલગ લગે રેહેને. ૪

——o——

હીંદુશતાની—કલંગીકે ખેયાલપર ખેયાલ.

(રંગત જુની ધુંન નઈ.)

કાગ કહે મત કર ઉદાશી, રે કાગ કહે મત કર ઉદાશી,
તેરે પ્રીતમકી ખબર લાઉં જાઉં દુવારકા કાશી,
નાર કહે ખીચારેકે મનમે, રે નાર કહે ખીચારેકે મનમે,
બનકે હો બાદશા કાગ તુમ રેહેતે હો બનમે,
લગી હે આગ મેરે તનમે, રે લગી હમ્એ આગ મેરે તનમે,
ગએ તીઆગ મોહે પીયાંમ દીઓ એ દુખ બાલાપનમે.

રેકતા.

શુના લગે હમ્એ ભવન હમારા,
ઘરકો નહીં હમ્એ પ્રીતંમ પીયારા,
કંઈ દીનોશે હોગા નીયારા,
બીદનાને કેયા એ લીખ ડારા.

લીખી કરમ ફાંશી, કાગ ભાઈ લીખી કરંમ ફાંશી,
તેરે પ્રીતંમકી ખબર લાઉં જાઉં દુવારકા કાશી. ૧

નાર કહે શુન ભઈયા કાગા, નાર કહે શુન ભયા કાગા,
બાંધી ગલેમે ચીઠી કાગકે ઔર બાંધા ધાગા,
કાગ ફીર વાંહાશે ઉડ ભાગા, કાગ ફીર વાંહાશે ઉડ ભાગા,
ફીરતા દેશોદેશ ઢુંડતા પ્રીતંમકી જાગા.

રેકતા.

ગોકુલ મથુરા દેખી દુવારકા,
ફીર દેખા ડુંગર ગરનારકા,
અજોધ્યા મેલા કર હર દુવારકા,
વાંહાભી પતા નહીં મીલતા ઇયારકા.

બીંદરાબન ઝાંશી, દેખી ફીર બીંનદરાબન ઝાંશી,
તેરે પ્રીતમકી ખબર લાઉં જાઉં દુવારકા કાશી. ૨

કાગ હીંગલાજશે ઉડ ધાયા, કાગ હીંગલાજશે ઉડ ધાયા,
બીઠલનાથ નાશક ત્રીંબક આ ગોદાવરી નાહાયા,
તીરથ અનશટ શબ ફીર આયા, તીરથ અનશટ શબ ફીર આયા,
દેશોદેશ ફીર ચુકા તોબી પીઉ નહીં પાયા.

ફેકતા.

લવટ કાગ ફીર પીછે આતા,
રશતેમે મીલા દીલ ચાહાતા,
ઉશે કાગ ફીર ચીઠી બતાતા,
બાંચકે ચીઠી આનંદ પાતા.

લવટે તીરથ બાશી, કાગ ભાઈ લવટે તીરથ બાશી,
તેરે પ્રીતંમકી બબર લાઉં જાઉં દુવારકા કાશી. ૩

કાગને બબરા પૌચાઈ, કાગને બબરા પૌચાઈ,
શુનકે પીઉકી બબર પ્રેમશે છાતી ભર આઈ,
શેજ ફુલોકી બીછવાઈ, શેજ ફુલોકી બીછવાઈ,
ઉતાર આરતી પ્રીતંમકી લે ગઈ મેહેલ માઈ.

ફેકતા.

શોઇશંગલે પ્રીતંમ પીયારી,
લેવેં બલીયા કાગકી વારી,
કાગ બીદીયા ફીર શોબી નારી,
દાદાભાઈ જાવે બલહારી.

કહે રંગત બાશી, મનીરાંમ કહે રંગત બાશી,
તેરે પ્રીતંમકી બબર લાઉં જાઉં દુવાકા કાશી. ૪

—o—

હીંદુશતાની—અધર, અંગોઠી કંલગીના કંગન ઉપર.

(રંગત જુની ધુન નઈ.)

(ભેદ.)

હતા એક કારાગીર ઇયારે, હતા એક કારાગીર ઇયારે,
દીલ અંદર કર ચાહા કરી એક આંગઠી તઇયારે,

આંગઠી થી નખશીદારે, આંગઠી થી નખશીદારે,
અશંક હીરે જડે આંગઠી કે અંદર લારે,
ધરતી આકાશકા આકારે, ધરતી આકાશકા આકારે,
ઝલક તેજ દેતે હએ જડે નખશી કે કંઈ તારે,
જલ એ અંગનીકા તેજ થારે, જલ એ અગનીકા તેજ થારે,
દીલ અંદર કર ચાહા કરી એક આંગઠી તઇયારે, ૧

આંગઠી થી એ કંકરકી, આંગઠી થી એ કંકરકી,
અનેક જડે હએ રંત્ન જેશી લેહેરા શાગરકી,
છટા કેઆ કહે કારીગરકી, છટા કેયા કહેં કારીગરકી,
કરના ઇનકા કીઆશ આંગઠી કીતને અછરકી,
રચા આંગઠીશે શનશારે, રચા આંગઠીશે શનશારે,
દીલ અંદર કર ચાહા કરી એક આંગઠી તઇઆરે. ૨

આંગઠી નરથી કે નારી આંગઠી નરથી કે નારી,
આંગઠીકા તેજ જેશે જલકા હએ તેજ જારી,
લાલ ઇયા રંગકીથી કારી, લાલ ઇયા રંગકીથી કારી,
જરદ હરા આંગઠીકે અંદર રંગ ધરે ચારી,
આંગઠી એશી કેહેજારે, આંગઠી એશી કેહેજારે,
દીલ અંદર કર ચાહા કરી એક આંગથી તયારે. ૩

ધરા દાખલા તેરે તાંઈ, ધરા દાખલા તેરે તાંઈ,
દાખલા કહે આંગઠીકા તેરી દેએ ચતરાઈ,
ધની આંગઠીકા કનાઈ, ધની આંગઠીકા કનાઈ,
દારાને દંગલ અંદર આંગઠી અધર ગાઈ,
શીકંદર છંદ એ લલકારે, શીકંદર છંદ એ લલકારે,
દીલ અંદર કર ચાહા કરી એક આંગઠી તઇઆરે. ૪

—o—

રંગત બીહુરની ચાલ જુની.

ગુજરાતી—બાલ લીલા—બે દરદી દગા તેરે દીલકા—એ રાહા.

(રંગત બીહુરની ચાલ જુની.)

શુણો શુણો જશોદા માડી, એજી શુણો શુણો જશોદા માડી,
તારો ક્રીશન મોહન ખાએ માખન મને દુખ દીએ દાડી.
અંમે પાંણી ભરવા જઇએ, એજી, અંમે પાંણી ભરવા જઇએ,
તીંયા કાનુડો આવે, ભલા તીંયાં કાનુડો આવે,
રશતો ઘેરીને ઉભે તે અમને ધંમકાવે,
આપો દાન મને દુધ દંહીનુ, એજી, આપો દાન મને દુધ દંહીનુ,
એમ કહીને શમજાવે, ભલા, એમ કહીને શમજાવે,
જાવા દીએ નહી અમને વારે ઘડીએ ફોશલાવે,
ઉભોછે પાલવ ઝાલી, એજી, ઉભોછે પાલવ ઝાલી,
ફાડેછે કાન શાડી, ભલા, ફાડેછે કાન શાડી,
તારો ક્રીશન મોહન ખાએ માખન મને દુખ દીએ દાડી. ૧

ચુપ ચુપ ઘરમાં આવેછે, એજી, ચુપ ચુપ ઘરમાં આવેછે,
રાંધણીઆંમાં જઇને, ભલા, રાંધણીઆંમાં જઇને,
તે માખન ખાએછે ચોરી છીકાપરથી લઇને,
જાએ ગાઇના ગોઠામા, એજી, જાએ ગાઇના ગોઠામા,
છાનો માનો ચોરો રહીને, ભલા, છાનો માનો ચોરો રહીને,
પીએ દુધ ગાઇનું દોહી નાશે કમાડ દઇને,
એમ હરરોજ આવેછે, એજી એમ હરરોજ આવેછે,
ગાઇયુને મુકે કાહાડી, ભલા. ગાઇયુંને મુકે કાહાડી,
તારો ક્રીશન મોહન ખાએ માખન મને દુખ દીએ દાડી. ૨

કહે જશોદા શમજો ગવલન, એજી, કહે જશોદા શમજો ગવલન,
તમે ઠગનીછો ઠગારી, ભલા, તમે ઠગનીછો ઠગારી,

એવા ખોટા આલ શીદ મુકો મારો એવો ન ગીરધારી,
મારા ઘરમા ઘણું દુધ માખન, એજી, મારા ઘરમાં ઘણું દુધ માખન,
ખાવાની ચીજ શારી, ભલા, ખાવાની ચીજ શારી,
શું મારા ઘરમા ઓછું જે ચોરી કરે તારી,
કહે કાન માતજી શમજો, એજી, કહે કાન માતજી શમજો,
ખોટી ખાએછે ચાડી, ભલા ખોટી ખાએછે ચાડી,
તારો ક્રીશન મોહન ખાએ માખન મને દુખ દીએ દાડી. ૩

ગવલન ખોટું બોલેછે, એજી, ગવલન ખોટું બોલેછે,
હું કંઈ નહીં જાણું, ભલા, હું કંઈ નહીં જાણું,
જાણછું ચરાવા ગાયનું હું શાંજે ઘેર આવું,
જે ઘરમા હોએ દુધ માખન, એજી, જે ઘરમા હોએ દુખ માખન,
તેમાંથી લઈ ખાણું, ભલા, તેમાથી લઇ ખાણું,
ગુરૂ દાદાભાઈ એમ કહેછે બાલ ક્રીશનના ગુણ ગાણું,
મનીરાંમ બાલ લીલા કહે, એજી, મનીરાંમ બાલ લીલા કહે,
તેને જાણે શું અનાડી, ભલા તેને જાણે શું અનાંડી,
તારો ક્રીશન મોહન ખાએ માખન મને દુખ દીએ દાડી. ૪

——o——

ગુજરાતી—બનશીલીલા—ઉપલીજ રાહા.

(રંગત બીદુરની ચાલ જુની.)

ગોપીયુંને પ્રેમમાં પાંડી, એજી, ગોપીયુંને પ્રેમમાં પાડી,
શંભલાવી ધુંન મીઠી, ભલા, શંભલાવી ધુંન મીઠી,
મુખ ધરી પ્રેમભરી બંશરી કાનાએ રે વગાડી,
એવી મોરલીની ધુંન પીઆરી, એજી, એવી મોરલીની ધુંન પીયારી,
શમજીને શઉ મોહીયા, ભલા, શમજીને શઉ મોહીયા,
ભુલીયા રૂશીમુની ધેયાન ધરવા તપ મુકીને તપ ધારી,
શુંણી ધુંન મોહીયા તીપુરારી, એજી, શુણી ધુંન મોહીયા ત્રીપુરારી,
લાગુ ડોલવા ઇંદ્રાશન, ભલા, લાગુ ડોલવા ઇંદ્રાશન,
થમી રહીયા પવન ને પાંણી એવી મોરલી લલકારી,
છ રાગ રાગણી છતરીશ, એજી, છ રાગ રાગણી છતરીશ,

ગાઈ જુદી જુદી કાહાડી. ભલા, ગાઈ જુદી જુદી કાહાડી,
મુખ ધરી પ્રેમભરી બંશરી કાનાએરે વગાડી. ૧

મોહીયા મોહીયા શકલ નર નારી, એજી, મોહીયા મોહીયા શકલ નરનારી,
થંભીયા ચંદા શુરજ તારા, ભલા, થંભીયા ચંદા શુરજ તારા,
લાગી ધરતી ખુબ ધંણુ ધંણવા દુલે નાગ મણી ધારી,
મોહી મોહી ગોપીયું શારી, એજી, મોહી મોહી ગોપીયું શારી,
થઈ પ્રેમના વશમા શઉ, ભલા, થઈ પ્રેમના વશમા શઉ,
લાગી ઉલટાશાજ શઉ શજવા એવી મતી ગઈ મારી,
કાનકારો જાદુવારો મને નીંદ્રાથી જગાડી, એજી, મને નીંદ્રાથી જગાડી,
મુખધરી પ્રેમભરી બંશરી કાનાએરે વગાડી. ૨

ઉલટી દેહેને શીનંધારી, એજી, ઉલટી દેહેને શીનધારી,
ચાલી કાનુડા પાશે, ભલા, ચાલી કાનુડા પાશે,
પેરી લીધી કાંનમાં નથની, ધાલી નાકમા વારી,
ગલાંમાં ચોલી ભારી, એજી, ગલામા ચોલી ભારી,
હાર મોતીનો કંમરમા, ભલા, હાર મોંતીનો કંમરમાં,
ભુલી ચાંદલો ચુડી આંજણુ, લીધી માથાપર થારી,
ઉલટાવી ધાધરો પેરીયો, એજી, ઉલટાવી ધાઘરો પેરીયો,
ઉલટી પેરી શાડી, ભલા, ઉલટી પેરી શાડી,
મુખ ધરી પ્રેમભરી બંનશીરી કાનાએરે વગાડી. ૩

મલી આવી જાંહા ગીરધારી, એજી, મલી આવી જાંહા ગીરધારી,
જોઈ કાનુડો કેહેછે, ભલા, જોઈ કાનુડો કેહેછે,
કેમ ઉલટી દેહે તંમે શાજી, જોઈ ભોહી પડી નારી,
ધંન ધંન મનમોહન મુરારી, એજી, ધંન ધંન મન મોહન મુરારી,
કરે શાહે તું ભગતોનો, ભલા, કરે શાહે તું ભગતોની,
ગુરૂ દાદાભાઈ જાએ વારી, કહે બંનશી લીલા તારી,
મનીરાંમ તુને નહીં ભુલે, એજી, મનીરાંમ તુને નહી ભુલે,
ઇયાદ કરે દાડી દાહાડી, ભલા, ઇયાદ કરે દાડી દાડી,
મુખધરી પ્રેમભરી બંનશરી કાનાએરે વગાડી. ૪

—o—

રંગત શામકલ્યાન.

હીંદુસ્તાંની—હોલી.

(રંગત શાંમકલ્યાંન.)

એલે હોરી કુંજ બીહારી હો,
ભયો કુંજમે આનંદ ભારી,
ભારી ભારી ભારીહો, ભયો કુંજમે આનંદ ભારી,
ગુવાલ બાલ શંગ એલે કીશોરી,
વાંહાં આઈ બ્રીખભાનકી છોરી,
શંગમે હએ શખીયનકી ટોરી,
કશુંમમે લી કેશર ઘોરી,
ભરભર મીટકી ઓર કમોરી, હારી શખીયાં શારી હો,
ભયો કુંજમે આનંદ ભારી,
એલે હોરી કુંજ બીહારી હો,
ભયો કુંજમે આનંદ ભારી. ૧

વાંહા કીશન ઇંહા રાધે ગોરી,
વાંહા ગુવાલ ઇંહા શખીએ ભોરી,
વાંહાશે ઉડે ભર અબીરકી ઝોરી,
ઇંહાશે દારે ભરભર રોરી,
કરતે હએં આપશે ઠીઠોરી, મારે ભર પીચકારી હો,
ભયો કુંજમે આનંદ ભારી,
એલે હોરી કુંજ બીહારી હો,
ભયો કુંજમે આનંદ ભારી. ૨

કોઈ પકડ કરતે બલજોરી,
કોઇને મુખપે અબીર મલોરી,

કોઇને રંગ મીટકીમે ભરોરી,
બીજી રંગમે કોઈ ન કોરી,
એલ હોરી છોરા છોરી, કીશન આ રાધે પીઆરી હો,
ભયો કુંજમે આનંદ ભારી,
એલ હોરી કુંજ બીહારી હો,
ભયો કુંજમે આનંદ ભારી. ૩

અએશો હરીને ફાગ રચોરી,
જેય જેય કાર કુંજમે ભયોરી,
દાદાભાઈ બરને લીલા થોરી,
કહે હરી શુધ લીજો મોરી,
મનીરાંમ કહે હોરી તોરી, તનમન ધન કરે વારીહો,
ભયો કુંજમે આનંદ ભારી. ૪

———o———

હીંદુસતાની—હોલી.

(રંગત શાંમકલ્યાંન.)

દંહી બેચન ચલી બ્રીજ નારી હો,
ફગવા માંગે ગીરધારી,
ગીરધારી ગીરધારી હો,
ફગવા માંગે ગીરધારી,
કીશકે મીટકી કીશકે શીર કમોરી,
કોઉ હમે કારી કોઉ હમે ગોરી,
ચલી હમે હીલમીલકે શબ ટોરી,
બીચ ઘેર ખડે કીશોરી, ટેર લલકારી હો,
ફગવા માંગે ગીરધારી,
દંહી બેચન ચલી બ્રીજ નારી હો,
ફગવા માંગે ગીરધારી. ૧

કહે ગુજર નહીં કરો ઠીઠોરી,
ઘર હમે શાશ નનદકી ચોરી,

મત હમકો રંગમે ભીંજોરી,
રખીયો હમકો કોરી, માનો મુરારી હો,
ફગવા માંગે ગીરધારી,
દંહી બેચન ચલી બ્રીજ નારી હો,
ફગવા માંગે ગીરધારી. ૨

કહે કીશન અબે આવો ઓરી,
કીશીકે મુખપે અબીર મલોરી,
કીશીકી બાંયા પકર મરોરી,
કીશીકી દંહીકી મીટકી ફોરી, ફાડી ચોલી શારી હો,
ફગવા માંગે ગીરધારી,
દંહી બેચન મલી બ્રીજ નારી હો,
ફગવા માંગે ગીરધારી. ૩

કેહેતી શખી ગુજરીયાં ભોરી,
છોડો હરી શુનો બીંનતીમોરી,
દાદાભાઈ કરે ભગતી તોરી,
મનીરાંમ ગાએ એશી હોરી, રંગત ધુંન લલકારી હો,
ફરવા માંગે ગીરધારી. ૪

રંગત બેહેરતવીલ.

ગુજરાતી.—શરાપો.

(રંગત બેહેરતવીલ.)

તારા ચેરાની ચંમક દમક છે ઘણી, ઉભી બારીએ તું શીંગાર કરી,
જો કોઈ જોયે કદી તારા ચેરા ભણી, તેની શુધબુધ તે એક પલમા હરી,

તારા ઝેરીછે માથાના કાલાએ બાલ, જોઈ બાલને નાગ શરમાઈ ગયા,
તારૂ ચંમકે વધારે શુરજથી કપાલ, જોઈ ચંદ્રને તારા છુપાઈ ગયા,
ગુલાબી ગુલાલા બને તારા ગાલ, જોઈ ગાલ ગુલાબ કરમાઈ ગયા,
તારી આંખ છે બેઉ તીર મીશાલ, જોઈ આશક શઉ ગભરાઈ ગયા,
શીધી શરખી લીટી જેવી નાકની અંણી, તેમાં નીચેનો વાંક દેખાએ જરી,
જો કોઈ જોએ કદી તારા ચેરા ભણી, તેની શુધ બુધ તેએક પલમા હરી. ૧

શું કરૂ પીયારી તારા હોટનુ બયાન, જોઈ હોટને લાલનુ ઘટી ગયુ માન,
તારા દાંત દાણુંમના દાંણા શમાન, જોઈ મોતીની હારપર જાએછે ધેયાન.
તારા નાજુક ઘણાં છે નરમ બેઉ કાન, ગલામાંથી દેખાએ ચાવે જે પાન,
પકડી પોચાને આશક થયાછે હેરાન, જોઈ હતે લીની મેંદી થયા શઉ બેભાન,
શું કરૂ હું તારીફ તારા નખતંણી, જોઈ શફાઈ હીરા શઉ ગયાછે મરી,
જો કોઈ જોએ કદી તારા ચેરા ભણી તેની શુધ બુધ તે એક પલમાં હરી. ૨

તારી છાતીછે નાજુક ગોલ બને, જોઈ નારંગી શઉ ઝાંખી પડી,
તારો વાંશો નથી દેખાતો તને, જાણે ભીત બીલોરની તેમાં જડી,
આંગ આરીશા જેવું દેખાએ મને, તે હું જોયા કરૂ પીયારી હરઘડી,
જાણે દુટી હરણુનીછે તારા કને, લઉ શુંગદી તો ધુંદી મગજમાં ચડી,
પેટની ચાંમડી છે તે લાશી ઘણી, શાફ મખમલના જેવી કશર નહીં જરી,
જો કોઈ જોએ કદી તારા ચેરા ભણી, તેની શુધ બુધ તે એક પલમાં હરી ૩

કમર મોવરા જેવી બારીક તારો, કોઈ કહે નથી દેખાતી તારી કમર,
બેઉ જાંગ બીલોરના થંમ ભારી, થાએ બેશુધ કરેજો તેનેપર નજર,
પગની આગલીયું તારી નરમ પીયારી, જે જુવે તે કરે નીત તારી ફકર,
પદમ તલીયાંમા છે શોભા શારી. જોઈ નાગ મંણી મેલી ભાગાછે ઘર,
દાદાભાઈ મનીરાંમનો માલક ધણી, બેઠા બેઉ જન તેનુ ધેયાન ધરો,
જો કોઈ જોએ કદી તારા ચેરા ભણી, તેની શુધ બુધ તે એક પલમા હરી. ૪

—o—

ગુજરાતી—પેચદાર શીંગાબીલોચન.

(રંગત બેહેરેતવીલ.)

ઘરમમા છે કાયા કાયામા છે જીવ, છે જીવમાં શીવ શીવમાં શંકર,
કરમા છે માલા માલામા છે ચીત, છે ચીતમા મન મનમા ગીરધર,

ગીરધરમા છે શત છે શતમા એ ગત, છે ગતમા જગત છે જગતમા જન
જનમા છે માયા માયામા છે મોહો, છે મોહોમા ધુલ ધુલમા જાએ તન,
તનમા છે તીરથ તીરથમા છે ફુલ, છે ફુલમા શવાદ શવાદમા ભજન,
ભજનમા છે ધન ધનમા છે એ ભુલ, છે ભુલમા મોહો મોહનમાછે મન,
મનમા છે મંદર છે મંદરમા હર, છે હરમા ધેયાન ધેયાનમા ફકર,
કરમા છે માલા માલામા છે ચીત, છે ચીતમા મન મનમા ગીરધર. ૧

ગીરધરમા છે છલ છલમાં બંનશી, છે બંનશીમા શુર શુરમા બહુ તાન,
તાનમા છે રાગ રાગમા છે બહુ રશ, છે રશમા રાશ રાશ લીલામા કાન,
કાનમા વાલી વાલીમા મોતી, છે મોતીમાં પાંણી છે પાંણીમાં પ્રાંન,
પ્રાનમા છે શાશ શાશમા શગતી, છે શગતીમા ભગતી ભગતીમા ધેયાંન,
ધેયાનમાં છે ધીરજ, ધીરજમા છે કંદ, છે કંદમાં દુધ દુધમા શાકર,
કરમા છે માલા માલામા છે ચીત, છે ચીતમા મન મનમા ગીરધર, ૩

ગીરધરમા બલ બલમા અગત રૂશી, છે રૂશીમા શત શતમા શાગર,
શાગરમા ખીર ખીરમા અંમરત છે અંમરતમા રશ રશમા છે તે ભર,
ભ્રમમા હર હરમા વીશનુ, છે વીશનુમા ગુણ ગુણમા ગુણી નર,
ગુણી નરમા નારાણ નારાણમા જગ, છે જગમા કલા છે કલામા હુનર,
હુનરમા ન પાર પારમાં પરી બ્રંમ, પરી બ્રંમમાં તેજ તેજમાં ભગતી કર,
કરમાછે માલા છે માલામા ચીત, છે ચીતમા મન મનમાં ગીરધર. ૩

ગીરધરમા છે કલ કલમા દારા, છે દારામા ગીયાન ગીયાનમા શીવજતી,
શીવજતીમા શતી છે શતીમા શીગંગ, છે ગંગામાં નીર નીરમાં શઉ ગતી,
ગતીમા છે પુન પુનમાં છે શરગ, છે શરગમા ઝલકછે ઝલકમા શતી,
છે શતીમા શીતા છે શીતામા શમજ, છે શમજ રમજ છે રંમજમા રતી,
રતીમા વજન છે વજનમાં આ છંદ, છંદમાં મનીરાંમ રાંમમાં મન વશકર,
કરમા છે માલા માલામા છે ચીત, છે ચીતમા મન મનમા ગીરધર. ૪

———o———

રંગત ત્રીકડીયાની.

ગુજરાતી—આગ ગાડીની તારીફ.

(રંગત ત્રીકડીયાની.)

અંગરેજની ઇયાર, હીકમત અપાર, કરે કલ હજાર, ભારી ભારી,
આગગાડી રેલ, માં ઘોડો એલ, શઉ કરે શેહેલ, દુનીયા શારી,
પાંણીને આગ, થી કીધો લાગ, રશતાના ભાગ, જુદા કીધા,
ખોલ્યાં કંઈ ઝાડ, રશતા ઉજાડ, ઓદાવી પાહાડ, તે કંઇ દીધા,
ઓદાવી પાટ, પટાનો ચાટ, કીધા ઘાટો ઘાટ, રશતા શીધા,
પુલ બાંધી પાર, જંગલમો જાર, બંધાવી તાર, વશ કરી લીધા,
જગે જગે ઠાંમ, કંઈ ગાંમો ગાંમ, ડેશનના નાંમ, જુદા જારો,
આગગાડી રેલ, મા ઘોડો એલ, શઉ કરે શેહેલ, દુનીયા શારી. ૧

જગે જગે ભાઈ, ચોકી શીપાઈ, રાખ્યા શવાઈ વાવટા આપી,
લઈ લઈ નીશાન, ઉભા તે જુવાન, કરે અનેક શાન, રશતા માંપી,
ચડે નરને નાર, લઈ ટીકીટ દુવાર, જોયે કંઈ શરદાર, ટીકીટ કાપી,
ઘંટાનો ઘોર, શીટીનો શોર, થાએ શોર બકોર, ગાડી ચાંપી,
ભરી માલ શાલ, શાથે ટપાલ, ચાલે મારે ફાલ, કરે કીલકારી,
આગ ગાડી રેલ, મા ઘોડો એલ, શઉ કરે શેહેલ, દુનીયાં શારી. ૨

બંબાથી ગોટ, ધુવાડાના ઘોટ, ચાલે મારે દોટ, બુંમો પાડે,
જાંહા ડેશન શઈ, ઉભે તાં જઈ, હતરે શઉ તંઈ, શામન કાહાડે,
ફરી ચાલે ચાલ, આગલ તે હાલ, બરે ફાંનશ લાલ, તેની પછવાડે,
લીલા કાલા થાએ, ઘડી ઘડી બદલાયે. ગાડી આવે જાયે, રાતે દાહાડે,
કંઈ શેહેરો શેહેર, કરે હેર ફેર, પવનની લેહેર ચાલે અદકારી,
આગ ગાડો રેલ, માં ઘોડો એલ, શઉ કરે શેહેલ, દુનીયા શારી. ૩

બતીમાં તેલ, બલે નહી દીવેલ, ધુવાડાની ડેલ, જોત ભડકાની,
ઘેરે ઘેરમાં કલ, પાંણીના નલ, ઇનશાફ અદલ, જીવો માહારાની,
રાંણીના કાજ, કરજો માહારાજ, એની રાખો લાજ, શત નીરવાની,
કહે દાદાભાઈ, શું કહું બડાઈ, રાખો ભલાઈ, શઉથી ગીયાની,
કહે મનીરાંમ, શઉનો ગુલાંમ, બ્રીટીશના કાંમ, પર જાઉં વારી,
આગ ગાડી રેલ, માં ઘોડો બેલ, શઉ કરે શેહેલ, દુનીયાં શારીજી. ૪

---o---

હીંદુસ્તાંની—હોલી કલંગીના જવાબમા.

(રંગત ત્રીકડીયાની.)

નંદાકે કાન, જમના પે આન, કરતે તોફાંન, નંદ કીશોરી,
શખીયાવો આઈ, ધુંમ મચાઈ, કુવર કનાઈ, ખેલે હોરી,
આઇ બ્રીંજકી નાર, કર કર શીંઘાર, શોભા અપાર, અપરંમ પારી,
ફેકે ગુલાલ, મારે ઉછાલ, બાજે કડ તાલ. ઝાંજ ઝનકારી,
લીએ અબીર, આએ રઘુબીર, મલતે શરીર, શંખીએ કારી,
શંગમે ગુવાલ, ઔર હેગેબાલ, લાલન લાલ, મારે પીચકારી,
ચંઉ ઔર રંગ, ખડી શખી શંગ, હોંરહા જંગ, કરે બલજોરી,
શખીઆંએ। આઇ, ધુંમ મચાઈ, કુવરકનાઈ, ખેલે હોરી, ૧

નંદાકે નંદ, હોતે આનંદ, ઓષાંમ ચંદ, હોરી ખેલે,
ભઈ રંગકી કીચ, શખીયન કે બીચ, દેખે ઉતમ નીચ, શખી ભેલે,
શખી આઈ ઝટ, લે રંગકા મટ. જાંહા નાગર નટ, ખડે અકેલે,
મોહન મુરાર, રંગોકી માર, ઓએ શુમાર, તનપર ઝેલે,
દોડે ગીરધર, પીચકારી કર, રંગોકી ભર, ઝટપટ છોરી,
શખીઆં એ આઈ, ધુંમ મચાઈ, કુવરકનાઈ, ખેલે હોરી. ૨

કોઈ ગાવે રાગ, કોઇ ગાવે ફાગ, હરી દેખ લાગ, ફાડે શારી,
કુંદે મોહન, શખીઓકે તન, મશલે જોબન, દેવે ગારી,
કાંહા બજે ઝાંજ, શીઠી પખવાજ, ઘંટા અવાજ, હોતા ભારી,
શખીયા બેહાલ, હો ગઈ તતકાલ, શુનો ગોપાલ, કહે બ્રીજનારી,
છોડો કીશન, છીવે ચરન, એ અરજમન, માનો મોરી,
શખીઆ એ આઈ, ધુંમ મચાઈ, કુવરકનાઈ, ખેલે હોરી. ૩

એશે વો નંદ, કાટે હએ ફંદ, હએ શ્રીજચંદ, નાગર નટવર,
જેય નંદ કીશોર, તુજબી નહીં ઓર, બનશીમે શોર, ગાવો ધર મુખપર,
જરીફુકી ચાલ, દારાંકે એપાલ, ઝડતી ટકશાલ, દંગલ અંદર,
શુન એશે છંદ, હોજા પરશંદ. કાશીએ બંદ, પર કરો નજર,
મનીરાંમ ગાએ, શીશકો નવાએ, લીલા શુનાએ, હરકી થોરી,
શખીઆ ઓ આઈ, ધુમ મચાઈ, કુવરકનાઈ, એલે હોરી. ૪

રંગત ચોતાલી.

ગુજરાતી—છેલ બટાઉ મોહોના રાણી.

(રંગત ચોતાલી.)

મલી શઉ નારી, મલી શઉ નારી, નખશખથી દેહ શણગારી, ગોરી કોઈ કારી
મારીજાન=ગોરી કોઇ કારી, ચાલી પનીહારી, શાથે શેહેલીયુ શારી,
મોહોના રાણી, મોહોના રાણી, શોભા શું કહુ વખાણી, રશીક રૂપાલી,
મારીજાન=રશીક રૂપાલી, ચંદરવાલી, ચાલી ભરવા પાણી,
મીઠી વાંણી, મીઠી વાંણી, બોલે ઘુમટો તાણી, બેડા શોનાના,
મારીજાન= બેડા શોનાના, મોટા નાના, લઈ ચાલી શઉ શીહાણી.

ફેકતા.

જરકશની ચુંબલ વલી દોલ રૂપાની,
શોનાની ઝારી હાતમા નાની નાની,

લટલટકારી, લટલટકારી, નખરારી જોબન વારી, ગોરી કોઈ કારી,
મારીજાન=ગોરી કોઈ કારી, ચાલી પનીહારી, શાથે શહેલીયું શારી.
મલી શઉ નારી, મલી શઉ નારી, નખશખથી દેહેશણધારી, ગોરી કોઈ કારી,
મારીજાન=ગોરી કોઈ કારી, ચાલી પનીહારી, શાથે શહેલીયું શારી. ૧

કુવા ઉપર, કુવા ઉપર, આવી શરવે શુંદર, લાગી ભરવા જલ,
મારીજાન=લાગી ભરવા જલ, કરવાને છલ, આવ્યો બટાઉ દીલભર,
પુછીને ખબર, પુછીને ખબર, આવ્યો હું અમદાનગર, પાંણીપા મોહન,
મારીજાન=પાંણીપા મોહન, મારી જીવન, છઊં આશક તારાપર.

બેકતા.

છોડીયું મૈ દીલી શેહેર પીયારી તુંજ શારૂ,
શપનામા મોહો પાંમીયો જોઈ મુખ તારૂ.

હવે મલ પીયારી, હવે મલ પીયારી, મરીશ હું ખાઈ કટારી, ગોરી કોઈ કારી,
મારીજાન=ગોરી કોઈ કારી, ચાલી પનીહારી, શાથે શેહેલીયું શારી. ૨

દયા લાવી, દયા લાવી, બ્રામણનો વેશ કરાવી, શાથે લઈ ગઈ,
મહોના ઘર જઈ, શાશુને શમજાવી, મને તેડાવી, મને તેડાવી,
મારા પીયરથી ચીઠી આવી, આ પંડીત લાવ્યા, મલવા આવ્યા,
છે આ શગુણ શતભાવી

બેકતા.

શાશુએ માન દઈ પડીતને બોલાવ્યા,
મંગાવી જલ બ્રાંમણનાં પગ ધોવરાવ્યા.

કરી તયારી, કરી તયારી, જંમવાની પીરશી થારી, ગોરી કોઈ કારી,
મારીજાન=ગોરી કોઈ કારી, ચાલી પનીહારી, શાથે શેહેલીયું શારી. ૩

બીશમીલા કહીઈ, બીશમીલા કહીઈ, બટાઉવે કોળીયો લઈ, જમે નરશોકી,
મારીજાન=જમે નરશોકી, શાશુ ચોકી, પુછે વહુને જઈ,
કેમ મતી ગઈ, કેમ મતી ગઈ, છે આ મુશમાન શઈ, મૈ મનથી જાણીયો,
ઘરમા આણીયો, મોહોના ભ્રસ્ટ તું થઈ.

બેકતા.

બોલે બીશમીલા મુશલમાનની શોહોબતથી.
શાશુજી ખરોછે બ્રાંમણ કહુંછું શતથી.

છે ગુણકારી, છે ગુણકારી, વલી માતાનો પુજારી, ગોરી કોઈ કારી,
મારીજાન=ગોરી કોઈ કારી, ચાલી પનીહારી, શાતે શેહેલીયું શારી. ૪

થઈ રાત ખરી, થઈ રાત ખરી, શેજ ફુલની કરી, શુતી જઈ શાથે,
મારોજાન=શુતી જઈ શાથે, હાથમા હાથે, શુતા બેઉ બાથ ભરી,
પરભાતે ફરી પરભાતે ફરી, શાશુ કને શુંદરી, શમજી ગઈ શાશુ,
ગારીજાન=શમજી ગઈ શાશુ, વહુજી આ શું, કશર ન રાખી જરા.

બેકતા.

લઈ શાશુને મોહોના ગઈ પછી દેવલમાં,
બની શાશુ બટાઉ ધકો મારીયો પલમાં.

એક પત પીયારી, એક પત પીયારી, આ બીજો જોયો ભીખારી,
ગોરી કોઈ કારી, ચાલી પનીહારી, શાથે શેહેલીયું શારી. ૫

શમ ખાયે શતી, શમ ખાયે શતી, શાશુની ભંગમતી, થઈ રદ વાતે,
મારોજાન=થઈ રદ વાતે, વલી તે રાતે, આવ્યો ઘરમા પતી,
પુત્રને અતી, પુત્રરને અતી બીના જણાવી હતી, બાગમા જઇને,
ખંજર લઇને, કીધી બટાઉની ગતી.

બેકતા.

ઝટ પડી ખબર મોહોનાને બાગમા આવી,
લઈ બટાઉને મોહોનાએ ચેહે શલગાવી.

શતી થઈ નારી. શતી થઇ નારી, નીભાવી ઇયારની ઇયારી, ગોરી કોઈ કારી,
મારીજાન=ગોરી કોઈ કારી, ચાલી પનીહારી, શાથે શેહેલીયું શારો. ૬

કહીછે કાહાની, કહીછે કાહાની, છેલ બટાઉ મોહોના રાની, બળ્યાં બેઉ જોડે,
શઉને મોહોડે, રહી ગઈ નામ નીશાની, શમજો ગીયાની,
શમજો ગીયાની, રીત પ્રીતની જાની. દોશતી કરજો,
મારીજાન=દોશતી કરજો, શાથે મરજો, છે દુનીઆં આ ફાંની.

બેકતા.

કહે ઇશક મારફત જરીફ દાદાભાઇ,
મનીરાંમ શઉને ખુશી કરેછે ગાઈ.

જાએવારી, જાએવારી, ગુરૂનો મેહેમા ભારી, ગોરી કોઈ કારી,
મારીજાન=ગોરી કોઈ કારી, ચાલી પનીહારી, શાથે શેહેલીયું શારી. ૭

હીંદુસ્તાંની—પનીહારી.

(રંગત ચોતાલી.)

નાજુક નારે, નાજુક નારે, કરતી તનપે શીનધારે, જોબનકી બાહારે,
મેરીજાન=જોબનકી બાહારે, બની તયારે, તંગ ચોલી બુટેદારે,
ખીલ રહી લાલી, ખીલ રહી લાલી, શોભા ઉશકી નીરાલી, તનપર શારી,
મેરોજાન=તનપર શારી, ઓડીજર તારી, દાંતપે મીશી કાલી,
ચોલી દાલી, ચોલી દાલી, ઉશમે નરંદમ જાલી, પેની ઉને જખી,
મેરીજાન=પેની ઉને જખી, શીનધારશજે શખી, નાકમે બેશર આલો.

ફેકતા.

દાલી ગલેમે પેની મોતન માલે,
બની ચંદ્ર બદન માહાતાબ ગુલાબશે ગાલે.

શુરમા શારે, શુરમા શારે, નૈન દોઉ તલવારે, જોબનકી બાહારે,
મેરીજાન=જોબનકી બાહારે, બની તયારે, તંગ ચોલી બુટેદારે. ૧

નાર કુમલાતી, નાર કુમલાતી, પેની ચોલી તડકે છાતી, ઇયાદ ઉશે પડા,
મેરીજાન=ઇયાદ ઉશે પડા, શીર લેકે ઘડા, ચલી પનઘટકો આતી,
દીલમે ચાહાતી, દીલમે ચાહાતી, પાની ભરનકો જાતી, જેશી ખીલી ચંદની,
મેરોજાન=જેશી ખીલી ચંદની' હમે હીરકંગની, મગનભાઈ મદતાતી.

ફેકતા.

પનઘટ પર આકર ખડીઓ નાજુક નારી,
નખરેશે પાની ભરેવો માશુક પીયારી.

નાર હુશીયારે, નાર હુશીયારે, પનકંથખીના લાચારે, જોબનકી બાહારે,
મેરોજાન=જોબનકી બાહારે, બની તયારે, તંગ ચોલી બુટેદારે. ૨

અબ કહુ કાહાની, અબ કહુ કાહાની, કોઈ મુશાફર જાની, આયા વાંહા ચલકર
મેરોજાન=આયા વાંહા ચલકર, બોલા હશકર, પીલા મુજે તુ પાની,
નાર થી શીયાની, નાર થી શીયાની, કેહેતી જબાશે બાની, કાંહાંશે તુ આયા,
મેરોજાન=કાંહાંશે તું આયા, નહીં શરમાયા, માંગતા મુજશે પાની.

ફેકતા.

ફીર કહે મુશાફર દો દીનકી તેરી જવાની,
હમ પીયાશે મુશાફર ઘાહીલ નીગાહાકે જાની.

મેરે દીલદારે, મેરે દીલદારે, શંગ ચલો તુમ પીયારે, જોબનકી બાહારે,
મેરીજાન=જોબનકી બાહારે, બની તયારે, તંગ ચોલી બુટેદારે. ૩

ઘરકો લાકે, ઘરકો લાકે, ફુલન શેજ બીછાકે, પ્યાર શંગ લેતી,
મેરીજાન=પ્યાર શંગ લેતી, શારો ઓતી, રેન ફજર હો તાકે,
આનંદ પાકે, આનંદ પાકે, ભોજન ખુબ બનાકે, જીમે દોઊ શંગે,
મેરીજાન=જીમે દોઊ શંગે કરતે રંગે, કેહેતે જરીફ મીર ગાકે.

ફેકતા.

કહે દાદાભાઈ આનંદમે નારી વો નરે,
કહે મનોરાંમ હએ કઠન ઈશકકા ઘરે.

રબ આધારે, રબ આધારે, નીત નયે છંદ લલકારે, જોબનકી બાહારે.
મેરીજાન= જોબ નકી બાહારે, બની તયારે, તંગ ચોલી બુટેદારે. ૪

રંગત નાટકની.

ગુજરાતી—માશુકની જુદાઇ (દેખી તેરી વફાદારી એ રાહાપર.)

(રંગત નાટકની.)

કીયાં ગઈ અરે તું પીયારી, હાએ જાન જીગર મારી ઇ ઇ ઇ ઇ ઇ ઇ ઈ,
કીયાં ગઇ અરે તું પીયારી,
વચન આપી ગઇ પરહરો મુજને દઇ દગો દીલજાન,
મારી વીહ મોહોનાબાન, મારો વીહ મોહોનાબાન,

ગઈ કીયાં જાન, ભુલ્યો હું ભાન, ઇયાદમા તારી ઇ ઇ ઇ
હાએ જાન જીગર મારી.
કીયાં ગઈ અરે તું પીયારી, હાએ જાન જીગર મારી, ઈઈઈઈઈઈઈ,
કીયાં ગઈ અરે તું પીયારી. ૧

અએ વનના વાશીયો, પખશીઓ કરોછો વનનુ રાજ,
કાંહા ઉડી ગયું મારૂ બાજ, કાંહા ઉડી ગયું મારૂ બાજ,
આ તનનો શાજ, દેખાડો આજ, જાઉ હું વારી ઈઈઈ,
હાએ જાન જીગર મારી. ૨

પ્રાન જીવન અએ પવન, જતનથી જલદી દેજે ખબર,
જાંહાં હોએ તે જાની જીગર, જાંહાં હોએ તે જાની જીગર,
વાર નહીં કર આવજે ઘર, ખીના કહી શારી ઇ ઇ ઇ
કીયાં ગઈ અરે તું પીયારી, હાએ જાન જીગર મારી ઇ ઇ ઇ ઇ ઇ ઇ ઇ,
કીયાં ગઈ અરે તું પીયારી. ૩

અએ પાહાડોને ઝાડો, ફુલ ફુલ વીંનતી કરૂ તંમપાશ,
કાંહા કીધો પરીએ વાશ, કાંહા કીધો પરીએ વાશ,
બતાવો ખાશ પુરી કરો આશ, દાશની શારી ઇ ઇ ઇ,
કીયાં ગઈ અરે તુ પીયારી, હાએ જાન જીગર મારી ઇ ઇ ઇ ઇ ઇ ઇ ઇ,
કીયાં ગઇ અરે તું પીયારી. ૪

દાદાભાઈ કહે અંત શમામા, મલ્યા બેઉ જીવજાન,
ગયા જોતા બેઉના પ્રાન, ગયા જોતા બેઉના પ્રાન,
રહી નામ નીશાન, મનીરાંમ જુવાન,
ગીયાન પરવારી ઇ ઇ ઇ, કીયાં ગઇ અરે તું પીયારી. ૫

—o—

હીંદુશથાની—મંડોધરીબોધ રાવન પ્રતે

(રંગત નાટકની.)

કહે મડો ધરી આકે, દશ કંધકો શમજાકે, એ એ એ એ એ એ એ,
કહે મડો ધરી આકે, ટેક.
બાર બાર પગ પરૂ તું માર માનો માનો પીયાંમ,
દેશીયા મીલો જાએ રાંમ, દે શીયા મીલો જાએ રાંમ,
તો શુધરે કાંમ, રહે તોરા નાંમ,
મીલો પીઉ જાકે, એ એ એ, કહે મડો ધીરી આકે. ૧

તમામ તેત્રીશ ક્રોડ દેવતા હારે પ્રીયા મંમ દુવાર,
કેઉ ભિભીત હોત તું નાર, કેઉ ભિભીત હોત તું નાર,
દો મનુજ કુમાર, દારૂ કલ માર,
તોરે કને લાકે, એ એ એ, કહે મડો ધરી આકે,
દશ કંધકો શમજાકે, એ એ એએએએએ, કહે મડો ધરી આકે. ૨

ઉને મનુજ નહી જાનો પીયા હએ શીયાપત શ્રી ભગવાન,
શબ રૂશી મુનીધરે ધીયાન, શબ રૂશી મુની ધરે ધીયાન,
કરત કલીયાન, રહે બન આન,
શરન ગહો ધાકે એ એ એ, કહે મડો ધરી આકે. ૩

બાર બાર કેયા કેહે રહી મુજકો, જાનકે તું અનજાન,
કોઉ જોધા નહી મોશમાન, કોઉ જોધા નહી મો શમાન,
લુ છીનમે પ્રાંન, લગે નહી આન,
ભગે ચીલાકે, એ એ એ, કહે મંદોધરી આકે. ૪

અનેક બોધ કર કરકે, થકી નહી માનાવો દશ કંદ,
ભયા કાલકે બશમતી મંદ, ભયા કાલકે બશમતી મંદ,
દારાકે છંદ, કાપીયા બંદ,
કહે મનીરાંમ ગાકે, એ એ એ, કહે મડો ધરી આકે,
દશ કધકો શમજાકે, એ એ એ એ એ એ એ, કહે મડો ધરો આકે. ૫

——o——

રંગત શોરઠની.

હીંદુસ્તાંની—પરભાત.

(રંગત શોરઠની.)

ઉઠો ઉઠો પીઉ ભોર ભયોરી, ગલ છાંડોની બાં મોરા,
એજી, ગલ છાંડોની બાં મોરી, હાંહાં, ટેક.
છુપે ગગનમે નવ લખ તારે, જાગો જાગો ને પીઉ પીયારે,
મુરગા તો બાંગ દેતારે, બેઠે બગલે નદી કીનારે.

ઝડશી દવડ.

જાગે બ્રામન શનંતશબ કરે ગંગ અષનીયાનજી,
કોઈ પુજા કર રહે કોઈ બાંચે પોથી પુરાનજી.

દોહેરો.

ભયો ભોર ચંઉ ઔર શોર કરત હેએ નર ઔ નાર,
બોલત દાદુર મોર પોર ચકીકા હોરહા પયાર.
કોઇ ભજતે હર હર કીશોરી, ગલ છાડોની બાં મોરો,
એજી, ગલ છાંડોની બાં મોરી, હાં હાં. ૧

કાગ કાકા કરે કીલકારી, જાગી જાગી ખીલખત શારી,
ભરને પાની ચલી પનીહારી, માંગનેકો ચલે ભીખારી.

ઝડશી દવડ.

હોત પ્રભાત ધરતી એ માતકા રથ નીકલતા બાહારજી,
જાગે છપન કરોડ દેવ શબ કરતે જૈય જૈય કારજી.

દોહેરો.

જાગી શાલા શેશત્ર શબ્બી ઔર જાગે શ્રી ભગવાન,
જાગે શનંતજન ભગત્તશબ ધરે શીવકા ધીયાન.

કોઇ શોતે રહે હમ્એ અધીરી, ગલ છાંડોની બાં મોરી,
એજી, ગલ છાંડોની બાં મોરી, હાં હાં. ૨

બીત ગઇ નીંદમે રતીયા, જાગો પ્રીતંમ ભઇ પરભતીયા,
કોઇ લીખ્કે ભેજે પતીયા, કોઇ ભેજ રહી શવગતીયા.

ઝડશી દવડ.

કોકીલા બુલ બુલ મેના પોપટ ભજે પ્રભુકા નામજી,
ધંધેદારી લોક શબ કરે અપને અપને કાંમજી.

દોહેરો.

કરે કીલોલ પખ્ખશીયો શબ મીલ, શુરીયે નીકલતે બાહાર,
અબલા બીંનતી કર રહી, જાગો પ્રાંન આધાર.

મૈય લેઉં બલીયા તોરી, ગલ છાંડોની બા મોરી,
એજી, ગલ છાંડોની બાં મોરી, હાં હાં, ૩

ઉઠો ઉઠો મોરે શજનવા, શુરીયે નીકશા બીલા ગગનવા,
બંદ પડા અપના ભવનવા, દરપત હમ્એ મોરા મનવા.

ઝડશી દવડ.

જો પલબીતી કલ નહીં આતી, જાગો મોરે ષીયાંમજી,
પડી નીંદકી જાલ જીશીપે, ભુલા રાંમકા નાંમજી.

દોહેરો.

ઉઠે પી દંત ધાવનકર, નાએ ધોયે ભજનકર ખાત,
દાદાભાઈ શત ગુરૂ મોરે, નીત ઉઠ પ્રભાત એ ગાત.

મનીરાંમ કહે ખુશ ભઈ ગોરી, ગલ છાંડોની બાં મોરી,
એજી, ગલ છાંડોની બાં મોરી હાં હાં. ૪

હીંદુશતાની—હોલી.

(રંગત શોરઠની.)

રાહા રોક હો કેઉ કંધીયાં, છાંડો છાંડોની મોરી બંયા,
એજી, છાંડો છાંડો ને મોરી બંયા, હાં હાં હાં,
દંહી બેચ્યન ચલી શીરધર કમોરી, ધર શાશ નંનદકી ચોરી,
જાને દેવો હમકો કોરી, મતરંગમે ષીયાંમ ભીજોરી.

ઝડશી દવડ.

કહે કીશ્ન મનમોહન ગવલન બચ્યન કહે કુછ ઓરીજી,
મૈય નહી માનુ બાત તુમારે શાથ એલુગા હોરીજી.

દોહેરો.

કહે ગુજર શબ મથુરામે કંનશ કરત હએ રાજ,
ઉનશે કહે હમ જાએકે ઓ કરે તુમે મૌવતાજ.

શાવગી તોરી જશોધા મંયા, છાંડો છાંડોની મોરી બંયા,
એજી, છાંડો છાંડોની મોરી બંયા, હાં હાં હાં. ૧

કેઉ કંનશકા ડર દીખલાવો, એ ઓરેકો જાકે ડરાવો,
ચાહે ઇંહાં કંનશકો લાવો, તોભી નહીં બચ્યને પાવો.

ઝડશી દવડ.

મેરા કેયા કોઈ કરે કંનશશે ડરે ન કીશ્ન મુરારજી,
અગા શુર ઓર બગા શુર નરખા શુરેકો કરૂ ઠારજી,

દોહેરો.

દલમલ ઓર કંનશકી કરૂ તીનોકી ઘાત,
તોભી જાને ના દેઊં તુમે, ઓરી ગુજરકી જાત,

મૈય હું બલદાઉકા ભયા, છાંડો છાંડોની મોરી બંયા,
એંજી, છાંડો છાંડોની મોરી બંયા, હાં હાં હાં. ૨

ભઈ છક વો ગુજરા શારી, ઉને ઘેર ખડે ગીરધારી,
હાતોમે ભર પીચકારી, ધશકે ગુજરીપે મારી.

ઝડફી દવડ.

કીશકો ખીલગે કીશકો પટકે કીશકે મલતે ગાલજી,
ચુમા ચટકી ઝુમા ઝટકી કરકે મલે ગુલાલજી.

દોહેરો.

શબકો રંગોમે બોરદી, કીના હાલ બેહાલ,
ફીર કર જોડ ગુજર કેહેને લગી માનો નંદકે લાલ,

હંમ પડે તુમારે પંયા, છાંડો છાંડોની મોરી બંયા,
એજી, છાંડો છાંડોની મોરી બંયા. હાં હાં હાં. ૩

ભાઈ ગુજરી શબ લાચારે, ફીર કહેતે નંદકે દુલારે,
જાવોં હીલમીલ શંગ શબલારે, કહો બીથા કંશશે જારે.

ઝડફી દવડ.

મોરલીધાર મુરાર ગાએ મીઠીશી મધુરી તાનજી,
તીન લોકકો બશકીનો મોહી હએ શકલ જાહાનજી.

દોહેરો.

દાદાભાઈ ઉશતાદકા નયા નીરાલા ગીયાન,
નશવાન નવરોજ એંઉ કહે જય જય શ્રી ભગવાન.

મનીરાંમ ગાએ હોરી એલીયા, છાંડો છાંડોની મોરી બંયા,
એજી, છાંડો છાંડોની મોરી બંયા હાં હાં હાં. ૪

રંગત શરોદની.

ગુજરાતી—ધુંન મલારીના તમાશાની.

(રંગત શરોદનો.)

પીતલડી કરી હવે કેમ પીઉ શરમાવોછો,
મારા પ્રીતમજી પ્રાંન મને મુકી કાંહા જાવોછો,

જાવોછો જાવોછો જાવોછો રે,
મારા પ્રીતમજી પ્રાન મને મુકી કાંહા જાવોછો=ટેક.

ચોરીના ફેરા ચાર, ફરીયા મારેથી ભરથાર,
હવે જાવોછો કાંહા બાહાર, મને મેલી પ્રાંન આધાર,
એવી મલી કોન નાર, મારી ના કરતા દરકાર.

મારા ખોટા શોગન તમે ખાવોછો,
મારા પ્રીતંમજી પ્રાંન મને મુકી કાંહા જાવોછો,
પીતલડી કરી હવે કેમ પીઉ શરમાવોછો,
મારા પ્રીતંમજી પ્રાન મને મુકી કાંહા જાવોછો. ૧

જાવોછો ફરવા આખી રાત, કીધી પ્રીત કોઈની શાત, મને મેલીને એકાંત
કોને કહુ દુખની વાત, કીધી મારો તમે ઘાત, જીયારે થાયછે પ્રભાત.

પછી મોડા મોડા ઘેર આવોછો,
મારા પ્રીતમજી પ્રાન મને કાંહા જાવોછો. ૨

શુખની શગી શઉ છીનાલ, દુખમા દેશે તમને ગાલ, મારો કરો નહીં હાલ
છોડો રંડીબાજી લાલ, ચાલો શારી જગમા ચાલ, છીકે અડવાના નહીં વાલ

અમથા ભુલ્યા ભુલ્યા ભરમાવોછો,
મારા પ્રીતમજી પ્રાન મને મુકી કાંહા જાવોછો. ૩

જાઉં મારા પીયર માંઈ, કરૂ જમથી શગાઈ, જઈ મરૂ વીખ ખાઈ,
ઇયાદ આવશે ભલાઈ, એમ કેહેછે દાદાભાઈ, મનીરાંમે રંગત ગાઈ.

કલગીવાલા તમે શું ગાવોછો,
મારા પ્રીતમજી પ્રાન, મને મુકી કાંહા જાવોછો. ૪

———o———

મરાઠી—ધુંન મલારીના તમાશાની.

(રંગત શરોદની.)

પતી વાચુન મજા જરા હા થીર મન રાહીના,
ગેલા પતી શ્થુન માજે કડે પુના પાઈના,

અરે પાઇના, પાઈના, પાઈનારે,
ગેલા પતી રૂશુન માજે કડે પુના પાઇના.

માજા અનીયાવ કાઐ ઝાલા, માજે પદરી તુમી ધાલા, એવડા રાગ કશા આલા,
શોડુન ગેલે તુમી માલા, બરે વાટલે જીવાલા, કશી કીવ નાઐ તુમાલા.

માજા પાતકી જીવહા જાઇના,
ગેલા પતી રૂશુન માજે કડે પુના પાઇના. ૧

હોતી આગોદર મી લાહાન,અતા ઝાલો ભરજુવાન, ભિટા માજે ગલ્યાચી આન
પાની પાજુન ઇજિવા તાન,નાહીતર દેઈન માજા પ્રાંન, નુતકે આલે માલા નાહાન
,

નકા કામ કરૂ ધાઈ ધાઈના,
ગેલા પતી રૂશુન, માજે કડે પુના પાઈના. ૨

કરૂન કૃપા મજવરી, શખીયા દયા વેં તુમી ધરી, ઠેવુન મયા અનતરી,
મનતી તુમાશ ખરોખરી, ઠુઉન મરજીમ જવરબરી, અશી વીંનતી મી કરી.

મી રડતે શખીયા ધાઈ ધાઈના,
ગેલા પતી રૂશુન માજે કડે પુના પાઈના. ૩

પાજબા દાદાભાઈની જામ, ઝાલો ચુર શુટલા ધાંમ, શખ્યા નકો એઉ થાંમ,
તુજા નાહી માલા કાંમ, કેલે ધરમ શમદે દાંમ, અશા મનતો મનીરાંમ.

કલગીવાલા માજે વાની ગાઈના,
ગેલા પતી રૂશુન માજે કડે પુના પાઇના. ૪

રંગત છોટી.

ગુજરાતી—પેગંબરની તારીફ.

(રંગત છોટી.)

હું આશકછું એક નુરે નુરાની પર,
મારૂ મનછે ફીદા તારા રોષન પેશાની પર,

તુને બખશી ખાલકે બેઉ જાહાની શરદારી,
તે દીને માજદીઅશની કીધી જારી,
તે કરામતો દેખાડી ભારી ભારી,
દીન ગુશતાશપેએ કબુલ કીધીછે તારી.
મન શદા મગનછે તારી મેહેરબાની પર,
મારૂ મનછે ફીદા તારી રોષન પેષાની પર, ૧

દીલ હરેક શખશનુ ફીદા થાએછે કીયારે,
દીન માજદીયશની જોયે આંખથી જીયારે.
જેને જોઈ માજદીયશનો થયો તઈયારે,
તે નરના જેવો બીજો ન કોઈ હુશીયારે,
મન શદા મગન તારી આબાદાની પર,
મારૂ મનછે ફીદા તારી રોષન પેશાની પર. ૨

તું જેવો જાહામે બીજો નથી કોઈ પીયારો,
જે શક લાવે તારાપર હશે નકારો,
કીયામતના વખતપર હાત પકડજે મારો,
હું ગુનાગારનો જલદી થાએ છુટકારો,
મારૂ ખીયાન નથી હવે આ દુનીયા ફાની પર,
મારૂ મનછે ફીદા તારી રોશન પેષાની પર, ૩

કર મેહેર નજર ખાલક તું હવે મારા પર,
શદા નજર રેહેમની રાખજે તું દારાં પર,
તું દયા રાખજે ફરાંમજી પીયારા પર,
કર દશત તું લાંબો તારો એ બીચારા પર,
શદ આં ફરી છે દારાંની શખુનદાની પર,
મારૂ મનછે ફીદા તારી રોષન પેષાની પર. ૪

—o—

ગુજરાતી—નશીયત.

(રંગત છોટી.)

કોઈ શાંથે જગતમા પ્રીત ન કરશો ભાઇ,
આ પ્રીત કરેથી થાશે દુખ શવાઈ,

પેલથી પ્રીત શઉને લાગેછે પીયારી,
પાછલથી લાગે મીઠા કરતા ખારી,
શાચુ કહુછું નહી રહી ઇયારીમા ઇયારી,
નહી માનોતો તમે મનમા જુવો વીચારી,
હવે દોશ્તોની રહી પઇશા શાથે શગાઈ,
આ પ્રીત કરેથી થાશે દુખ શવાઈ. ૧

મેંય ઘણાવો શાથે કીધી હતી દોશતારી,
ભુલેથી મેંય મનની વાત કહીતી શારી,
આખર દોશ્તોએ કાપી ગડદન મારી,
નાદાન દોશ દાનાને દીએ દુખ ભારી,
માનેથી શું કહું શમજાઉ છઉ ગાઈ,
આ પ્રીત કરેથી થાશે દુખ શવાઈ. ૨

હું જાની જોઇને ફશીયો તો મારે હાતે,
પેલથી મે કોઇની માની નહી વાતે,
શમજો તો ન કરીયે પ્રીત નીચનો શાતે,
આ નીચ વરણ કરે અંત ઉંચના ઘાતે,
હવે દગાખોર રીહીયા દોશ આ દુનીયા માંઈ,
આ પ્રીત કરેથી થાશે દુખ શવાઈ. ૩

ભુલેથી કોઈ દોશતારને મન નહી દેજો,
કદી મન દીએ તો વાત ન મનની કેજો,
આ દાદાભાઇનો શખુન શમજી લેજો,
નાદાન દોશથી હમેશા છેટા રેજો,
મનીરાંમ કહે કેમ શફેદ થાએ શાઈ,
આ પ્રીત કરેથી થાશે દુખ શવાઈ. ૪

———o———

ગુજરાતી—નેકીની તારીફ.

(રંગત છોટી.)

સત નેકીનુ ફુલ કદી ન કરમાએ છે,
રેશતો બેશતનો નેકો નરને પાએ છે,

જગમા જશ મેલવે કસ્ટ કરો નેકો નર,
મરતા વેર મેહેરબાની રાખે તે શત્રુ પર,
શેહાઈ ભોગવે નહી નેકો નર આખર,
દમમા દમ હોએ તાંવેર રાખે શત્રુનો ડર,
જીભાયાથી લોકો જશ તેનો ગાએ છે,
રશતો બેસ્તનો નેકો નરને પામે છે. ૧

જીતી પાંચો ઇંદ્રીને મન વશ રાખે,
જીવતા વેર ભોગવે શુખ રાંમ રશ ચાખે,
ભાવથી બોલાવે શત્રુને ન ભુંડુ ભાખે,
ઇશવરની ઇયાદમા માલ લુટાવી નાખે,
બાહાદુરી ભોગવીને તે ગંમ ખાએ છે,
રશતો બેસ્તનો નેકો નરને પામે છે. ૨

ટલે નેકોના નહીં જગમા વચન કદાપી,
લીએ દુખમા ભાગ પોતાનો ગડદન આપી,
વાહાલા થઇને જો કોઇએ ગડદન કાપી,
લાવે નહીં મનમા કશુ ન કહે તેને પાપી,
નો કર તેના બદલામા તે થાએ છે,
રશતો બેસ્તનો નેકો નરને પામે છે. ૩

મોટા વેપાર કોઇ હર ઘરનો કરો જાશે,
ટોટા ન જણાશે તેમા નફો બહુ થાશે,
ધરી ધેયાન દાદાભાઈ કહે હરી ગુણ ગાશે,
રઘુનાથ તે નરની પુરણ કરશે આશે,
મનીરાંમ કહે શીધ તેના કાજ થાએ છે,
રશતો બેસ્તનો નેકો નરને પામે છે. ૪

———o———

ગુજરાતી—નશીયત શનંતદાર.

(રંગત છોટી.)

વાહાલા દાદા તારામા ખાવાના,
આ કાકા મામા ના તારા થાવાના,

વાહાલા તારા નાના થાતા શાંમા,
તાજા ખાજા ખાનારા તારા માંમા,
કાવા દાવા માયામા માકા કાંમા,
કાયામા કાના લાલા કાલા રાંમા,
કાલા વાલામા દાડા આજાવાના,
આ કાકા માશા ના તારા થાવાના, ૧

માલામા છાનામાના નાહાતાતા,
પાકા કાચ્ચા દાના દાણા ખાતાતા,
આ નાણામા થાતાતા રાતા માતા,
રાજા ગાનારા વાજામા ગાતાતા,
ખાવાના તાના મા બાના બાવાના,
આ કાકા માશા ના તારા થાવાના, ૨

દાડામા દાડા માઠા ખાટા ખારા,
બા આડા થાવા લાગા શારા શારા,
ખાવાવાલા ઝાંઝા ચાહાતા તારા,
ફાંદા શાંદાના કાંટા કારા કારા,
બાપા તારા માયામા ચાહાવાના,
આ કાકા માશા ના તારા થાવાના, ૩

માથાના ખાડા જાડા ફાંશા ફાંશા,
માયાના પાંણા ઝાઝા લાશા લાશા,
શાચ્ચા બાના દારાના ખાશા ખાશા,
શારા ગાણા ગાતાતા નાના માશા,
દાના દારાના શામા આ ગાવાના,
આ કાકા માશા ના તારા થાવાના. ૪

———o———

ગુજરાતી—પઇશાની તારીફ, કલગી ઉપર

(રંગત છોટી.)

થાએ માણશની દાનત હરાંમ પઇશાથી.
નહીં કરવાનુ તે કરે કાંમ પઇશાથી.

માણુશનુ બદલાઇ જાએ મન પઇશાથી.
કાપવી હોએ કાપે ગડદન પઇશાથી.
પઇશાવાલાનુ મન મગન પઇશાથી.
કરે અનેક કાજ અધરની લગન પઇશાથી.
વગડાવે વાજા થાએ ધુમધાંમ પઇશાથી.
નહી કરવાનુ તે કરે કામ પઇશાથી. ૧

બાંધે વાડી બંગલા ને ચાલી પઇશાથી.
રાખે બાગ બગીચા ને માલી પઇશાથી.
ગએલી ફરી આવે લાલી પઇશાથી.
ક્રોધબી ચીજ નથી ખાલી પઇશાથી.
મલે અંજીર દરાખ ખારક બદાંમ પઇશાથી.
નહી કરવાનુ તે કરે કાંમ પઇશાથી. ૨

ગએલુ મલેછે ફરી રાજ પઇશાથી.
હાતીપર બેશે મુકી તાજ પઇશાથી.
તનપર પેરે શોનેરી શાજ પઇશાથી.
મલે માનપાન ને રહે લાજ પઇશાથી.
હજામતબી કરેછે હજામ પઇશાથી.
નહીં કરવાનુ તે કરે કાંમ પઇશાથી. ૩

દારાં કહે કલગીવાલા ગાયે પઇશાથી.
લોકોના તાબેદાર થાયે પઇશાથી.
નવરોજ મુરાર મુલજીને શોહાયે પઇશાથી.
શઉ મલીને ખાવા પીવા જાયે પઇશાથી.
નહી ગરવ કરો કહે મનીરાંમ પઇશાથી.
નહીં કરવાનુ તે કરે કાંમ પઇશાથી. ૪

—o—

ગુજરાતી—પઇશા વીશે નશીયત.

(રંગત છોટી.)

મલે આબરૂ ઇજત ઠાંમોઠાંમ પઇશાથી,
મલે ખેતીવાડી મેડી ગાંમ પઇશાથી,

આ જગમા મલેછે માનપાન પઇશાથી,
મુરખનેબી આવેછે શીયાન પઇશાથી,
પઇશાવાલો કરેછે ગુમાન પઇશાથી,
દાતાબી કરેછે પુન દાન પઇશાથી,
નહીં થાશે તમારૂ ઉપર નાંમ પઇશાથી,
મલે ખેતીવાડી મેડી ગાંમ પઇશાથી. ૧

બેશે હાતી ઘોડા ઉપર પઇશાથી,
લડવા જાએ લઇને લશકર પઇશાથી,
જીતે ગાંમ તાજ ને છતર પઇશાથી,
પરણે નારી રાખે ચાકર પઇશાથી,
નહી મલશે તમને શવરગ ધાંમ પઇશાથી,
મલે ખેતીવાડી મેલી ગાંમ પઇશાથી, ૨

આ દુનીયામા પઇશાની માયા ખોટી,
શઉથી ઉતમ એક હરની ભગતી મોટી,
તે ધણીના ઘરમા પઇશા અશંખ કોઠી,
તેને ભુલશો તો ખાશો જમની શોટી,
નહીં થાશે તમારૂ ઉપર નાંમ પઇશાથી.
મલે ખેતીવાડી મેડી ગાંમ પઇશાથી. ૩

તે રલી રલીને પઇશો ખુબ કમાવ્યો,
અંતને શમે તારે કાંમ ન પઇશો આવ્યો,
શું લઈ જાવાનો છે તું ઈહા શું લાવ્યો,
એમ દાદાભાઈએ ઘણો મને શમજાવ્યો,
નથી રાખતો મનીરાંમ કાંમ પઇશાથી,
મલે ખેતીવાડી મેડી ગાંમ પઇશાથી. ૪

—o—

ગુજરાતી—જશનના મહીનાની મુબારખી.

(રંગત છોટી.)

તમે શરવે અનજુમન શમજો જરતોશતી ભાઈ,
આ મહીનો જશનનો કરૂં હું તેની વધાઈ,

આ મહીનામા કોઈ નેક કામ જો ચાહાએ,
જે મુરાદ મનમા ચાહાએ તે પલમા પાએ,
હર આફતમા તે કધુ નહીં ગભરાએ,
જે તે કરવા ચાહે તે ઘડીમા થાએ,
જે કોઈ આવે આ જશનમા શમજો ચાહાઇ,
આ મહીનો જશનનો કરૂ હુ તેની વધાઈ. ૧

આ જશનની કીરીયા જે કોઈ કરવા ચાહાશે,
એક બાલબી તેનો કધુ ન વાંકો થાશે,
તે શાહેબ હમેશાં રેશે તેની પાશે,
ખાઈ ખવરાવી પોતેબી શઉ ખાશે,
અંતનો વાતમાં શઉ કોઈ આપે ગોવાઈ,
આ મહીનો જશનનો કરૂં હું તેની વધાઈ. ૨

શઉ કોઈ જાએ આ જશનમા એકટા થઇને,
એક નામ શાહેબનું ફકત જબાપર લઇને,
શઉ ભનઉ ગનઉ કરેછે તાં શઉ જઇને,
બેશાડે એક એકને આદરમાં દઇને,
આ નેક કામમા શઉ કોઈ લેછે ભલાઈ,
આ મહીનો જશનનો કરૂં હું તેની વધાઈ. ૩

આ નેક મહીનો જશનનો છે શત માનો,
આ મહીનામા આ એયાલ લખાયો જાનો,
છે આશક દારાંપર શરવે જમાનો,
બશ કલમ રોકીને બેશી રેહે હવે છાનો,
એવા નેક કાંમમા શદાછે દાદાભાઈ,
આ મહીનો જશનનો કરૂ હું તેની વધાઇ. ૪

——o——

ગુજરાતી—કલજુગ વીશે.

(રંગત છોટી.)

કલીજુગમા હજારો પાપ હવે થાએ છે,
ઉચા નીચાની ચાલ ન પરખાએ છે,

માંગવાને બ્રાંમણ ઘેરો ઘેર જાએ છે,
ભડવાઓ બેઠા માલશાલ ખાએ છે,
દીકરો બાપ શાંમો બોલી ઇતરાએ છે,
દીકરી બાપથી વર માંગે ન શરમાએ છે,
હલકા હલકાઇ કરીને ઉભરાએ છે,
ઉચા નીચાની ચાલ ન પરખાએ છે. ૧

દોશા દોશાને જોઇને અકડાએ છે,
જોઈ ભાઇ ભાઇને મનમા અકલાએ છે,
કથાવો ઢેડાને ઘેર વંનચાએ છે,
તુલશી ફુલોના તોરન બંધાએ છે,
પુજા પત્રી કરી ગંગામા નાહાએ છે,
ઉચા નીચાની ચાલ ન પરખાએ છે, ૨

પીએ દારૂ પંદીતનું મો ગંધાએ છે,
વીશનવો ને તીંયાં પરમાટી રંધાએ છે,
બ્રાંમણોને ઘેરે તુલશી કરમાએ છે,
ઉચાવોને જોઈ નીચા હરખાએ છે,
નીતીને જોઈ અનીતી પંથરાએ છે,
ઉચા નીચાની ચાલ ન પરખાએ છે. ૩

આંખ છતાં આંધરા થયા ન દેખાએ છે,
હવે પછી શું થાશે તે નહી શમજાએ છે,
ગુરૂ જરીફ દાદાભાઇને હર શાએ છે,
કલગીવાલા ફુલનજી ફુલાએ છે,
મનીરાંમ અરદેશર નવા ખેયાલ ગાએ છે,
ઉચા નીચાની ચાલ ન પરખાએ છે, ૪

ગુજરાતી—શેર જમશેદજી જીજીભાઇ બાટલીવાલાનો ધરમ મોટો.

(રંગત છોટી.)

સત પુરશોના નાંમ જગમા રહી જાએ છે,
રેબ શાહેબ વાલી અંત તેનો થાએ છે,

જગતમા કાંમ જેને નેકીનુ કીધુ,
મરતબો વધારી પર દુખને હરી લીધુ,
શેહેરો શેહેરમાં પ્રશીધ નામ થયું શીધુ,
દેશ ખંડમા દાતા થઇને દાન બહુ દીધુ,
જીભાયા પર તેનું નાંમ ન કરમાએ છે,
રબ શાહેબ વાલી અંત તેનો થાએ છે, ૧

જીતી પાચો ઇંદ્રોને વશ કરી નાખી,
જીવતા વેર પર ઇશ્ત્રીપર આંખ નહી રાખી,
ભાવો ભગતીમા ઉમર ગમાવી આખી,
દેનિકાર ન કીધો લીધો બોલ શઉ શાંખી,
બાહાદુરી એવી કરી જગમા દુખ પાએ છે,
રબ શાહેબ વાલી અંત તેનો થાએ છે, ૨

ટલશે આફ્રત જો એવા કાંમ નર કરશો,
લીમડાની ડાલી પકડી ન શાગર તરશો,
વારંમવાંર નેકી કરો ધીયાન જો ધરશો,
લાખો આફ્રતથી પછી કદી નહી ડરશાં,
નોધાયું નામ ઉપર ઇંહા જશ ગાએ છે,
રબ શાહેબ વાલી અંત તેનો થાએ છે, ૩

ધરો ધેયાન નરો તરો કરો નેકી કાંઇ જગમા,
રમી રહીયો હરીહર ઘટ અંતર રગો રગમા,
મનની તજો મંમતા બેશો શારી કોઈ વગમા,
મોટા તે રબ કહે દારા પડો તેના પગમા,
ટોલી બદોની મનીરાંમથી ગભરાએ છે,
રબ શાહેબ વાલી અંત તેનો થાએ છે. ૪

—o—

ગુજરાતી—ઓ ઇશવર માહારાંનીજીનુ રાજ શદા શલાંમત રાખજો.

(રંગત છોટી.)

ઓ દીનાનાથ દયા રાખજો માહા રાની પર,
ઇશવરી નજર કરો એની રાજધાની પર,
શરવે પાંતીનુ શુખ રાજમા એના,
વલી નીયાએ અદલછે ખરો રાજમા જેના,
રજભરખી પછી કોઇ દુખ ભોગવે શેના,
માટે ભાઇયો ગુણ ગાવો શદા તમે તેના,
હાવ ભાવ રાખજો હરી અદલ દાની પર,
ઇશવરી નજર કરો એની રાજધાની પર. ૧

રાનીનુ રાજ પ્રભુ તપો શુરજના જેઉ,
નીતીનુ ભરેલું બેજુ રાજ નહી એઉ,
જીવતાં વેર રાજમા શુખ ભોગવી લેઉ,
નુકશાની ન તલભર થાએ મારૂં એ કેહેઉ,
રાખેછે પ્રેમ શદા ધરતી પવન પાની પર,
ઇશવરી નજર કરો એની રાજધાની પર. ૨

જશ ગાએ કવીતામા કવીઓ નર ગીયાની,
શત પુરશો શમજે રૂપ ઇશવરી રાની,
દાતાર એવી કોઈ નહીં થઈ નહી થાવાની,
શતવંતી શાધવી શીતલ શંમુદ્રી શીહાની,
લાવજો ન આફત એવી મનમાની પર,
ઇશવરી નજર કરો એની રાજધાની પર. ૩

મનશા પુરણ કરજો એની જદુરાઈ,
તન મનથી જગમા રાખો એની બડાઈ,
રાખો લાજ આજ પ્રભુ કહેછે દાદાભાઈ,
ખરશેદજી શુરતીની રહી જગમા ભલાઈ,
જોતા ન કોઈ મનીરામની નાદાની પર,
ઇશવરી નજર કરો એની રાજધાની પર. ૪

રંગત શીકશતાની.

ગુજરાતી—ઇશવર તું જગતનો પાલનહાર શરવેના ઉપરછે.

(રંગત શીકશતાની.)

ઇશવર તું દીલભર છો દીલને અંદર નજર ન આવે તું કોઇના જાની,
શરવેમા વીયાપીક અલગ તું શઉથી છો ગીયાનીયોમા તું શ્રેશ્ટ ગીયાની,
વજગી આ માયાની મોહની શઉને ભુલી ગયા તુજને શઉ શીહાણા,
રલી રલી રખડી રખડી રઝલી માયામા પઇશા ઘણા કમાણા,
તુ ચાહે અમીરને ફકીર કરે બશ વલી કરે રંકમાથી રાણા,
જને ન તારી કલાને જાણી લપરી પડીયા જોઈ માયાના પાંણા,
ગગનને શુરજ ચંદરને ધરતી પવન પાણી પાંચોએ નીશાની,
શરવેમા વીયાપીક અલગ તું શઉથી છો ગીયાનીયોમાં તું શ્રેશ્ટ ગીયાની. ૧

તને તો ભુલીને ભટકે ઇંહાવાંહા બની કોઈ શાધુ ને કોઈ શનીયાશી,
નોચીને તારા નાંમના ખરડાં તીરથ કરે કંઇએક ત્રીથવાશી,
પાશેના પરમેશવરને ભુલીને જાએ શોધવા હર દુવાર કાશી,
લપટાવી લાલચમા તનને મનને દેખાડે શઉને વલી ઉદાશી,
ન શમજે તારી કલાની કીર્તી કે જગમા તારીછે આબાદાની,
શરવેમા વીયાપીક અલગ તું શઉથી છો ગીયાનીયોમા તું શ્રેશ્ટ ગીયાની. ૨

હાજર હજુરીમા ઉભા તારા કંઇએક ગીયાની ગુનીને ચાતર,
રંગીલુ રૂપ જોવા તારૂ તરશે કરે તપેશા છોડીને ઘર જર,
શદા તું ભગતોને ઘટવશેછે ઓં મારા જાની ઓ પીયારા પરવર,
રહેછે તન મનથી જાનો દીલથી થઈ શદા ભગતનો તું ચાકર,
વેરભાવથી ભજે તને કોઈ તેનેબી ઉપર છે મેહેરબાની,
શરવેમાં વીયાપીક અલગ તું શઉથી છો ગીયાનીયોમા તું શ્રેશ્ટ ગીયાની. ૩

નામપર તારા વારી જઈછે તેની મદત કરજે જાનો તનથી,
ઉશતાદ મારો છે દાદાભાઈ તને ભજેછે અંતષ કરનથી,
પકડ હાત તું એનો પ્રેમથી ઉતાર પાર પ્રભુ પાપીને મનથી,
રેહા જઇ ખરશેદજી શુરતી મુલજી પ્રેમચંદ જીવાજી શઉ તુજ શરનથી,
છે આશ તારી મનીશંમને ઓઠી આ માયાછે શરવે ફાની,
શરવેમાં વીપાપીક અલગ તું શઉથી છો ગીયાનીયોમા તું શરેસ્ટ ગીયાની. ૪

—o—

ગુજરાતી—શરાપો.

(રંગત શીકશતાની.)

ઓ પયાર દીલભર ઓ જાની પીયારા જીગરમા લાગીછે આગ મારા,
શું કહુ હકીગત હું મારા મનની તું મારા મનમા વશેછે પીયારા,
અજબ રશીલી શુરત એ તારી જોઈ ચંદ્રમાને લાગે કટારી,
જોયે આંખ તારીને કોઈ આશક તો તેને તન થાએ જખમ એ કારી,
એ ગાલ તારા ગુલાબ જેવા હોટોની લાલી લાગેછે પીયારી,
એ નાક શીધુ તારૂછે શરખુ શરવે એ મનમા જુવે વીચારી,
ફીઆરે શુરત જોશુ અમે બશ એ આશ મનમા રહી અમારા,
શું કહુ હકીગત હું મારા મનની તું મારા મનમા વશેછે પીયારા. ૧

જબાની બોલીછે તારી મીઠી કે બોલી બોલેછે જેવો પોપટ,
જો બાગમા બોલે કોઈ બુલ બુલ તો બોલી તેનીછે શરવે ફોકટ,
જો રાગથી બોલે જાની મારો તો તાંથી કોયેલ ઉડેછે ઝટપટ,
એ જોઇ મેએના પોતાના દીલમા લજાઇ કહેછે ન કર તું ખટપટ,
એ રોષની તારી શરવે જાની છે તારા બકશીશના શઉ ખીઆરા.
શું કહુ હકીગત હું મારા મનની તું મારા મનમા વશેછે પીયારા, ૨

જો કોઈ જોયેછે દાંત તારા તો કહેછે એ શઉ મોતીના દાના,
ગડદનને તારી જોએજો આશક તો થાએ તન મનથી શઉ દીવાના,
એ શાફ્રશીનુ આરીશા જેઉ તે ચમકે પારાના જેમ પાના,
એ તારી કુદરત છે શરવે જાની ફીદાછે તારાપર શઉ શીહાના,
એથી વધારે કરૂ શું તારીફ નથી જબામા એ દંમ અમારા,
શું કહુ હકીગત હું મારા મનનો તું મારા મનમા વશેછે પીયારા. ૩

એ શરવે તારીફ કીધીછે હુંએ ફકત શમજો છે મારા મનની,
કોઈ વધારે કરે શું તારીફ ન તાકત એવી છે કોઈ જનની,
કર રેહેમ ખાલક તું મારા ઉપર આ હાલત જોઇને મારા તનની,
બોલાવી મુજને લે આ જાહાંથી દેખાડી દે રાહા તારા વતનની,
આ ખેયાલ પુરા કીધોછે હુંએ જરીફ કહેછે બશ કર તું દારા,
શું કહુ હકીગત હું મારા મનની તું મારા મનમા વશેછે પીયારા. ૪

——o——

ગુજરાતી—કલગીના ખેયાલપર ખેયાલ.

(રંગત શીકશતાની.)

હું તારો રાજા તુ મારી રાણી હું તારો જાની તું જાન મારી,
હું છેલ તારો તું મોહના મારી દગો કરીશ નહીં હું જોડે તારી,
નહીં જાવા દઉ હું જુવાની તારી કરીશ આવી કોઇદી મેહેરબાંની,
હવડે તું જાવા દે મુજને જાની પછી લઇશ તારી વાત માની,
મનેછે ધંધાની હાંમ ઝાઝી માટે તું ઘેર બેશી રેજે છાની,
ન તું ભટકતી ન તું રખડતી ન ઘેર કોઇને જતી દીવાની,
હું ફુલ તારો તું વાશ મારો હું બાગ તારો તું મારી કીયારી,
હું છેલ તારો તું મોહના મારો દગો કરીશ નહીં હું જોડે તારી. ૧

ન દોશ દેતી નશીબને તું ન કોઇને કેહેતી કે જેહેર ખાઉ,
ન ઝેર ખાતી ન જીવથી જાતી ફરીને હું થોડા દનમા આઉ,
ન કાશી જાતી ન ગંગા નાહાતી ન જાતી દશવીશ પચાશ ગાઉ,
જીયારે કમાઉ તીયારે હું આઉ પછી આ તારા મનને મનાઉ,
હું જીવ તારો તું કાયા મારી હું પીઉ પીયારો તું પ્રાંન પીયારી,
હું છેલ તારો તું મોહના મારી દગો કરીશ નહીં હું જોડે તારી. ૨

ન દુખ દેતી આ તનને મનને ન પડતી ઝાજી તું નાર ગંમમા,
મન રાખી હરમા રેજે તું ઘરમા શદા શાશુ શશરાના હુકમમા,
ભરોશો દીલમા રાખી હરીનો શદા ચીત રાખજે ધરંમમા,
તારૂ ધરમ મુજને કાંમ લાગે હરેક હરકત ને હર વીલમમા,
તુ મોહેની મારી હું તારો મોહન તું મારી રાધા હું કુંજબીહારી,
હું છેલ તારો તુ મોહના મારી દગો કરીશ નહીં હું જોડે તારી. ૩

કહે દાદાભાઈ શમજ તું અબલા ન જા તું હરને મનથી વીશારી,
એવો ક્રીપાલુ છે દીન દયાલુ હર કોઈના કારજ નાએ શુધારી,
કહે શુરતી ખરશેદજી જીવાજીને તજીને ચાલો આ દુનીયાદારી,
કહે દાશ ઓધવજી બેહેર શીકશતો ગાઇને દુશમનની નરદમારી,
હું એયાલ તારો શખી તું મારી મનીગંમ કહે હું નર તુ નારી,
હું છેલ તારો તું મોહના મારી દગો કરીશ નહીં હું જોડે તારી. ૪

ગુજરાતી—શરાપો તથા નાયેકા વરણન.

(રંગત શીકશતાની.)

અલબેલી છબેલી રંગેલા પીયારીને જોવાથી જાએ મનની ઉદાશી,
બારીએ બેશે તો વાદલ ફાડીને જેમ ચંદ્રમાની જોત પ્રકાશી,
જેમ વલખાઇને નાગ બેઠા એવા લટકે કાલા વાલ તેના,
શફેદી ઉપર રતાશ મારે એવા ગુલાબી છે ગાલ તેના,
મોનામા ચાવે પાન ગીલોરી જેથી દેખાએ હોટ લાલ તેના,
આંખોના કાણા આભોના તારા ચંમકે રાતના મશાલ તેના,
દાંત શોહાણા દાડંમના દાંણા ઉભી દાંડી નાકની છે ખાશી,
બારીએ બેશે તો વાદલ ફાડીને જેમ ચંદ્રમાની જોત પ્રકાશી. ૧

જો પાન શોપારી ખાએ પીયારી તો તેના ગલામાથી દેખાએ,
બાંએ બાજુબંદ રતન જડીતના પોચાની તારીફ શું કોઇથી થાએ,
હતેલીમાંઈ મેદી રચી ખુબ હીરાબી નખની શોભે ન જાએ,
છાતીએ નાજુક છે ગોલાબને નારંગીબી દેખીને શરમાએ,
પેટ નરમ કાપુશથી વધારે મખમલ જેવી ઉપર ચામડી લાશી,
બારીએ બેશે તો વાદલ ફાડીને જેમ ચંદ્રમાની જોત પ્રકાશી. ૨

શુંગદી દુટીથી તર અતરની કમરખા તેની બાલથી કંમછે,
પીઠ તેની બીલોરની ભીત બેઉ જાંગો જાણે બીલોરના થંમછે,
ગુઠણથી વાંક ઉતરયો નીચે બારીક આંગલીયો તેની નાજુક નરંમછે,
લંગર એ પગમાં વાગેછે ઝમઝમ પગના એ તલીયાંમા બે પદમ છે,
નખથી તે માથા શુધી શજીયોશાજ ઉભી બને બાજુ ચાર દાશી,
બારીએ બેશે તો વાદલ ફાડીને જેમ ચંદ્રમાની જોત પ્રકાશી. ૩

જો બોલી બોલે મારી પીયારી તો મેના કોયલ બેઉ શરમાઈ,
ગુજરાતી બોલીમા બેહેર શીકશતો કહો તમે એમ કહે દાદાભાઈ,
છે શેઠ શાપુર ફરાંમજી બેઉ કાનશજી રાખે શઉથી ભલાઈ,
નખથી તે માથા શુધીની તારીફ એ કાનજીએ શભામા ગાઇ,
મનીરાંમ કહે પીયારીને જોઇને શરવે મારા મનની ચીંનતા નાશી,
બારીએ બેશેતો વાદલ ફાડીને જેમ ચંદ્રમાની જોત પ્રકાશી. ૪

—o—

ગુજરાતી—શરાપો.

(રંગત શીકશતાની.)

શું એક નારી જોઈ પ્રાન પીયારી જાણે પરી ઇંદ્રની અકાશી,
શું તેનો ચેરો શું તેનુ રૂપ કહુ શું બોલી બોલે તે મુખ વાશી,
શું તેજ કપાલનુ શુરજ જેવું શું લટકે માથાથી નાગ કાલા,
શું વાદલા ઘેરે ચંદ્રમાને તેમ તે ગાલને ઘેરે મોવાલા,
શું ગાલ ગોરા ગોરા બેરંગી દેખાએ ગુલાબી તે ગુલાલા,
શું તેની ભવ કહુ શું તેનો નખરો શું આંખના મારે બરછી ભાલા,
શું કાન નાજુક શું નાક શીધું શું દાંતપર મશી કાલી ખાશી,
શું તેનો ચેરો શું તેનુ રૂપ કહું શું બોલી બોલે તો મુખવાશી. ૧

શું લાલ હોઠ તેના પરવાલા જેવા શું મોડામા પીયારી પાન ચાવે,
શું તેની ગડદન શીત્રી એ શરખી શીશાની ગડદન તે લજાવે,
શું તેનો ખંભો શું તેનો પોચો શું હતેલીમાં મેંદી જમાવે,
શું તેના નખની શફાઇ કહું હું હીરાનેબી જોઇને મોરછા આવે,
શું આંગ આરીશા જેવું ચમકે શું આંમડી ઉપર લાશી લાશી,
શું તેનો ચેરો શું તેનુ રૂપ કહુ શું બોલી બોલે તે મુખવાશી. ૨

શું તેની છાતી છે કાચી કેરી શું ગોલ બને નારંગી જેવી,
શું કહું શફાઈ હું પેટની તેની નથી શફાઈ મખમલમા એવી,
શું વાંશો તેનો ખીલારની ભીત શું તેની તારીફ મોનાથી કેહેવી,
શું દુટી તેની હરનના જેવી છે વાશના કશતુરીમા તેવી,
શું તેની કમર બાલથી બારીક જોવાથી આશકની જાએ ઉદાશી,
શું તેનો ચેરો શું તેનું રૂપ કહું શું બોલી બોલેછે મુખવાશી. ૩

શું તેની જાંગુ ખીલાર‍ના થંમ જોઈ ફ્રશીયા આશક ભોલા ભાલા,
શું તેની પગની આંગલયું તલવા શાધુ જોઈ ભુલ્યા ફેરવી માલા,
શું દાદાભાઈ કહે પ્રેમથી જરીક ગુરૂના છે બોલ બાલા,
શું કાનજી શીવજી મુરાર મુલજી ઓધવજી પાંચોછે તુરાવાલા,
શું તેનો મટકો મનીરાંમ કહે શું તેના લટકાની કહું મીજાશી,
શું તેનો ચેરો શું તેનુ રૂપ કહું શું બોલી બોલે તે મુખ્ખવાશી. ૪

હીંદુસ્તાની—ફુલોના નાંમ ક્રીશન લીલા.

(રંગત શીકશતાની.)

હએ કેવડેમા કાલા ક્રીસ્નજી કુવર કનાઈકા કીજે શુમરન,
ચંપામે ચત્રભુજ બીરાજે ચકોર ચીત કરકે ચેહતે શબ જન,
ગુલાંબમે રહે ગોવીંદ ગંગાધર ગેંદામે રેહતા હએ ગીરવર ધારી,
રહે શવેતીમા શાંમ શુંદરજી શાંમ શલોના શ્રી કુંજબીહારી,
દવનેમે દામોદર દાતા દીન દયાલ એ હએ દ્રશન કારી,
મોહન હરન મન રહે મોગરેમે મુકંદ મીલે હએ કર મેહેમા શારી,
હએ ગુલાલામા લાલા કનીયા લાલનંદકા કરે તું દરશન,
ચંપામે ચત્રભુજ બીરાજે ચકોરચીત કરકે ચેહતે શબ જન. ૧

કમલામા રહે કમલા પતીજી જીને રચી હએ એ શ્રીસ્ટી શારી,
બેલામે બાલાજી બીરાજે બલરાંમપે બશ હું મૈય બલહારી,
જુઇમે રહે જગનનાથજી જીભીયાશે જશ ગાતે નરવો નારી,
જાઇમે જગજીવન જગપતી જગતમે જૈય જૈયકી જુગત ભારી,
મુરારી મરવેમે હએ મનોહર મુરાદ મનકી કરે હે અરપન,
ચંપામે ચત્રભુજ બીરાજે ચકોર ચીત કરકે ચેહતે શબ જન. ૨

કનેરમે કીરતાર કાનજી નંદ કીશોરકી ક્રીપા હએ જારી,
શેહેલીમે શાવરીયા શાંમજી મગન એ મનકર મદન મુરારી,
ગુલબાશમે રહે ગોકુલવાલા ગોકલાદીશકી છટા હએ નોયારી,
ચંબેલીમે ચનચલ એ કરે છેલ બજાકે બીન ચત્ર કરઓધારી,
રહેતા છબીલા એ ગુલછડીમે કરકે એ છલબલ લુટે હએ તનમન,
ચંપામે ચત્રભુજ બીરાજે ચકોર ચીત કરકે ચેહતે શબ જન. ૩

હજારામેં હરેક દેવ રેહેતા હર તરફશે હો રહી જૈય જૈય કારી,
દેતે હએ દરષન દુરવામે ગનપત જીનોકી મુશેપે હએ શવારી,
તુલશીમે ત્રોભોવનનાથજી પુજે જીશે ઘર ઘર નર ઓ નારી,
રહે આંકડેમે અલબેલા બજરંગ હએ દાદાભાઇકો ભગતી પીયારી,
ગાતે મનીરાંમ શીફત ફુલકી શદા હરીહર હએ જીનેપે પરશન,
ચંપામે ચત્રભુજ બીરાજે ચકોર ચીત કરકે ચેહેતે શબ જન. ૪

રંગત બેહેરે ગજલ ધુંન ઝીઝોટીની.

હીંદુશતાની—નહી આગાહા જો મુજશે (એ રાહાપર.)

(રંગત બેહેરે ગજલ ધુંન ઝીઝોટીની.)

જો દીલકી કદર નહીં જાને, ઉશે કેહેતે હએં શંગે દીલ,
માન કુછ અએ બુતે કાફીર, જો મીલના હો તો હમશે મીલ,
જો મીલના હો તો હમશે મીલ, જો મીલના હોતો હમશે મીલ,
દરદ દીલકા હી દીલ જાને, ઔર કોઈ કૈયા જાને નાંદા,
નબ્જકો છુતે હી મેરી, ભગે અફલાતુ ઔર લુકમાં,
દવા એ દરદકી નાંહી, છાન મારી હએ શારી જાંહાં,
મરે કંઈ ઇશમે હએ ઇયારો, અમીરો પાહા ગદા પેહેલવાં.

શેર.

એ દરદ ઓ હએકે જીશકી નહી દવા હોતી,
શીવા માહાબુબ કે ઇયારો નહીં ઉશકો શફા હોતી,
મરે લાખો તબીબો જો કેહેતે થે ઓ હોતા થા,
એ દરદ એશા હએ કે મુકાબીલ નહીં કજા હોતી.

રેહેમ દીલ હોતો પેચાને, જાને કેઆ હોજો દીલકે શીલ,
માન કુછ અએ બુતે કાફીર, જો મીલના હોતો હમશે મીલ. ૧

દરદ એ અબભી કંમતી હએ, બડેગા ગરચે એ બીયારે,
આંહાશે મેરી ટુટેગે, શબી આશમાનોકે તારે,
જલા દુંગા બીઆબાંકો, ઔર જલાઉંગા કોહો શારે,
આશકોમેભી અપના નાંમ, કરૂંગા અબતો આશકારે.

શેર.

શુનેગા જો અગર મજનુ બીયાબાંમે મેરી કાહાની,
કહેગા જાકે લૈલાશે શબી મેરી વો હૈરાની,
કહે ફરહાદ ષીરીંકો ઔર જાકે દમનશે નલ,
હુવા કોઈ આશકે પયદા જાંહામે અપનેહી શાની.

મેરી હાલતકો દેખે જો, આ હોતે જાનશે બીશમીલ,
માન કુછ અએ બુત કાફીર, જો મીલના હોતો હમશે મીલ. ૨

દરદ નહીં એ શફા હોગા, દવા કોઈ લગતી નહીં કારી,
વશલ બીન જાએગી નહીં, મેરે દીલકી એ બીમારી,
શફા હોગા તો તુજશે હો, દુર કર એ આહોજારી,
ન કર અઇયારી મુજશે તું, રેહેમ બાકે તું કર ઇયારી.

શેર.

ગલીમે આએકે તેરે શનમ મૈય તીનકે ચુનતા હું,
બઓ રોજ દરબદરમૈય જાકે અપને શરકો ધુનતા હું,
કભી વઇશીબના ભટકા કોહો શેહેરોમે જાજાકે,
કરૂ બાતે કોહોશે ઔર ઉશકી બાતે શુનતા હું.

ઇશ તરેહ દીલકો શમજાતા, તોભી નહીં શમજે દીલએક તીલ,
માન કુછ અએ બુતે કાફીર, જો મીલના હોતો હમશે મીલ. ૩

કહુ હાલત કીશે જાકે, જો એ દીલપે ગુજરતી હએ,
કુશુર નહીં ઇશમે હએ કીશકા, જો એ તકદીર કરતી હએ,
એ આશકોકે કભી આગે, કજા કુછ દંમ ન ભરતી હએ,
જરીફ કહે આષકોશે હી, હમેશાં મોત દરતી હએ.

શેર.

કહે દારાં ઓ શંગે દીલકો દીલ દેના નહીં અછા,
ન જાને કદર જો દીલકી ઉશે કેહેના નહીં અછા,

કહે નવરોજ એ નશવાં શદા કાવશજીકો એઊ,
ખુદાકો છોડ કરના કીશકી ઔર ચેહેના નહી અછા.

મનીરાંમ મુફતીલા દીલશે, હુવા આશાન કર મુશકીલ,
માન કુછ અએ બુતે કાફીર, જો મીલના હોતો હમશે મીલ. ૪

રંગત બેહેરે ગજલ ભેરવીની મીલાવટ.

હીંદુસ્તાની—માશુકની બે વફાઇ વીશે.

(રંગત બેહેરે ગજલ ભેરવીની મીલાવટ.)

તેરે ઇશ્કોમે અએ પીઆરે, ફીરતે શરપે મેરે આરે,
એક રોજ આરે તું આરે, મરતા હું ગમકે મૈયે મારે,
દર્દ દીલ કીશે કહું જાકે, કોઈ શુનતા નહીં મેરી,
જીશે મૈય જાનતા અપના, ઓહી હોતા શનમ બૈરી,
કરૂ દીન રાત મૈય આકે, કુચએ જાનામા ફેરી,
કોઇ કાશીદ નહી દેતા મુજે આકે ખબર તેરી,
તબીયત મેરી ગભરાતી, કજા મુજકો તુ લે જારે,
એક રોજ આરે તું આરે, મરતા હું ગંમકે મૈય મારે. ૧

વસ્લકા વાયદા મુજશે, કીયા પબકો ન આયા હએ,
તુને કુછ દીલમે એ જાલીમ ખુદાકા ઓફ ન ખાયા હએ,
મુરગ બીશમીલકે તરહશે, મુજે પબભર તડપાયા હએ.
તોભી કુછ હાલપે મેરે, તુને નહી રહમ બતાયા હએ,
જો જાનાથા તુજે જાના, તો નહી કરનાથા લાચારે,
એક રોજ આરે તું આરે, મરતા હું ગંમકે મૈય મારે, ૨

જો એશા જાનતા મૈતો, તો અવલ દીલ લગાતા નહીં,
શંગે દીલ જાનતા તુજકો, તો મૈય કુછ ચાહા બતાતા નહીં,

ખતાકે ચાહા ગીરા ચાહામે, તીશપે તું એકભી ખાતા નહીં,
ખુદાકો જુવાબ કેશા તું, દેગા જો તું ચાહાતા નહીં,
માન કુછ અએ બુતે બેપીર, ગલેશે મેરે લગજા રે,
એક રોજ આરે તું આરે, મરતા હું ગંમ કે મૈય મારે. ૩

આપ મીલના હોતો પીઆરે મીલ, નહી મુજકો તેરી પરવાહા,
ખુદા હાફીજ હમારા હએ, કરેગે ઉશકી હમતો ચાહા,
જરીફ દારા મેરે મુરષદ, જો રખતે મુજપે મહેર નીગાહા,
જાનો દીલશે મૈય શદકેહું, બતાઇ જીશને મુજકો રાહા,
મનીરાંમ કેહેતે શુન ગીયાની, બેહેર કોઈ એશી તું ગારે,
એક રોજ આરે તું આરે, મરતા હું ગંમકે મૈય મારે. ૪

રંગત લંગડી.

ગુજરાતી—કલગીવાલાની શલામપર શલાંમ.

(રંગત લંગડી.)

પેલાં નમું પ્રમેશવરને બ્રંમા ષંકર, કરૂ શલાંમ.
પાછલ તેના=ભગતો જન મુનીષવરને, કરૂ શલાંમ.
છપન ક્રોડ જાદવ કુલને શઉ દેવશતાનને, કરૂ શલાંમ.
છ શાશતરને=વેદ ચારોના બીયાનને, કરૂ શલાંમ.
શાત શમુદ્ર શાતો દીપ શાતો અશમાનને, કરૂ શલાંમ.
નવ ખંડ ધરતી=ગીઆશ પંડીતના પુરાંનને, કરૂ શલાંમ.
અગીઆરા આતષ બેહેરાંમ મશજીદ મંદરને, કરૂ શલાંમ.
પાછલ તેના=ભગતો જન મુનોષવરને, કરૂ શલાંમ. ૧

ચંદ્ર શુરજ નવ લખ તારા નારદના તાનને, કરૂ શલાંમ.
શવ્રશતીને=ને ગનને ગુરૂ ગીયાનને, કરૂ શલાંમ.
નવ કોઠી નાગને પવનપુત હનુમાનને, કરૂ શલાંમ.
શઉ શ્રીશીદીને=નમું પ્રાનીના પ્રાંનને, કરૂ શલાંમ.
ઇશા મુશા મહમદ જરાતોંશત ચારો નરને, કરૂ શલાંમ.
પાછલ તેના=ભગતો જન મુનીષવરને, કરૂ શલામ. ૨

પશુ પખ્ખસી જીવજંતને વરનુ શઉ પાશાનને, કરૂ શલાંમ.
જીવતા મુવેલા=ઓલીયા કાગ્રશતાનને, કરૂ શલાંમ.
અઢારે વરનને નમુસ્કુ ભાઇયો મુશલમાનને, કરૂ શલાંમ.
શઉ તપશીને=નમુ રૂશીયોના ધ્યેયાનને, કરૂ શલાંમ.
અંડશઠ તીરથ નવધાંમ દીશા ચારોના ઘરને, કરૂ શલાંમ.
પાછલ તેના=ભગતો જન મુનીષવરને, કરૂ શલાંમ. ૩

દેવતા જલ જંગલ ડુંગર માટીની ખાનને, કરૂ શલાંમ.
શઉ શાહોને=નમુસ્કુ પેહેલવાનને, કરૂ શલાંમ.
જરીફ દારાં કહે માત પીતાના માનને કરૂ શલાંમ.
પછી ગુરૂને=નમુ હું એઉ જાંહાનને કરૂ શલાંમ.
મનીરાંમ કહે નમી નમી હું શઉ શાહરને કરૂ શલાંમ.
પાછલ તેના=ભગતો જન મુનીષવરને કરૂ શલાંમ.

—— o ——

ગુજરાતી—ખુદાની તારીફ.

(રંગત લંગડી.)

મારતાર મુખ્તીયાર ઇયાર મેં કરીયું નથી કંઈ ધરમ કરમ,
માટે ઉગારો=વીશારો મંમતાને રાખો શરમ ભરમ,
માયાલુ ક્રીપાલુ દયાલુ મનના મારાછો હમ દમ,
મારો જીવારો=મટાડો માહા દુખ્ખ દેખાડો અગંમ નીગંમ,
માત તાત ને બ્રાત તમે મારાપર કરો નહીં જુલંમ શીતંમ,
માહારાજ શંભારો=તારો મને દુખ્ખમાથી થઈ નરંમ ગરંમ,
માલમતા જોઈ મોહી પડીયો બશ આયો વ્રેથ આ જનમ શનંમ,
માટે ઉગારો=વીશારો મમતા ને રાખો ષરમ ભરંમ, ૧

માફ પાપ કર મારા બાપ મને આપ બોધ પ્રથમ ઉતમ,
માયાનો ભારો=ઉતારો મારો વધારો ન ગમ માહતંમ,
માલક ખાલક પ્રતીપાલક મારાપર કરો તમે કાયમ રહેંમ,
માધવ શુધારો=કાજમમ પ્રાનજીવન શુખ્યશંમ બાલંમ,
માહા અગીઆરશ રાંમ નવમી કરી ન કોઈ શાતમ આઠંમ,
માટે ઉગારો=વીશારો મંમતાને રાખો શરમ ભરંમ. ૨

માલા હાથમા લઈ ફેર છગો માટે કરો કંઈ હાકંમ હુકંમ,
માન વધારો=મારૂ મને દેખાડો રૂપંમ અનુપંમ,
માંગુશ્ચુ વર મોરલીધર તમે થાવો પરશોતંમ હાતંમ,
માહા દુખીયારો=છગો હવે માંગુ મોત થયો દંમ બેદંમ,
માનીયું નહીં મેં કોઇનુ ભુલ્યો તમને કરી હું ટાકમ ટીકંમ,
માટે ઉગારો=વીશારો મમતાને રાખો શરંમ ભરંમ. ૩

માણક મોતીમા ગુથી લડી ખેયાલોની કરૂશ્ચુ રકમ ખતંમ,
મારો પીયારો=પ્રભુ પ્રેમાનંદના મલુ કદમ પદંમ,
માહેની મતલબ દાદાભાઇની શમજો નથી કંઈ રૂશતમ કંમ,
માગી બીચારો=માગી અરદેશર ગાએ મધમ પંચંમ,
માત કીધા વૈરીને એવી કરે મનીરાંમનો કલમ જખંમ,
માટે ઉગારો=વીશારો મમતાને રાખો શરમ ભરંમ. ૪

---o---

ગુજરાતી—કલગીના ખેયાલપર ખેયાલ.

(રંગત લંગડી.

ઇશ્ક ચીજછે બુરી ચડાવે શુલી કરાવે કુડા કરંમ,
ઇશ્ક ફશાવે=શતાવે ઇશ્ક તજાવે શગાં કુટંમ,
ઇશ્ક મરાવે માર ખવારે ગાર વધારે દીલનો ગંમ,
ઇશ્ક બજાવે=ફુલોને ઇશ્ક મુકાવે જાતી ધરંમ,
ઇશ્ક પીવાડે ઝેર છોડાવે ઘેર ઉઘાડો કરે ભરંમ,
ઇશ્ક લુટાવે=માલ ધન ઇશ્ક કરે નતનવા જખંમ,
ઇશ્ક કાહાડે જંગલમા ડુબાડે જલમા લગાડે આંગ ભશંમ,
ઇશ્ક ફશાવે=શતાવે ઇશ્ક તજાવે શગાં કુટંમ. ૧

ઇશ્ક નચાવે નાચ જનાવે આંચ શાચને કરે નરમ,
ઇશ્ક ભુલાવે=ભાન ને શીયાન કરે બુધ્ધીના કંમ,
ઇશ્ક શુવાડે ભોઇએ વધારે રોગ ખવાડે ઓટા શંમ,
ઇશ્ક હશાવે=ને રોવરાવે રખડાવે પાડી જુલંમ,
ઇશ્કના મારીયા ફરીયા કરે ઉતર દખન પુરવ પછંમ,
ઇશ્ક ફશાવે=શતાવે ઇશ્ક તજાવે શગાં કુટંમ. ૨

ઇશ્ક ચલાવે કાંટામા ને ઇશ્ક શુજાડે અગંમ નીગંમ,
ઇશ્ક મંગાવે=ભીખ ને કાલજુ બારે કરી શીતંમ,
ઇશ્ક દેખાડે નર્ક કરાવે આપઘાત નહીં લાગે વીલંમ,
ઇશ્ક અપાવે=ફકીરી ઇશક ભુલાવે ઇયાર શનંમ,
ઇશ્ક આ લાઓ તરાની આફત પાડે અપાવે નવો જનંમ,
ઇશ્ક ફશાવે=શતાવે ઇશ્ક તજાવે શગાં કુટંમ. ૩

ઇશ્ક કરો નહી ડરો જરીફ ઉશતાદનો માનો ઇયાર હુકંમ,
ઇશ્કી બનાવે=ખેયાલ દાદાભાઈ કરે કાંહાવેર રકમ,
ઇશ્ક જગાડે રાતને દાહાડે ઇશિક બગાડે રાહા રશંમ,
ઇશ્ક એક આવે=કાંમ હરનો માટે નર હરને નમ,
ઇશ્ક કરો માલકનો કહે મનીરાંમ જાંવેર દમમા દંમ,
ઇશ્ક ફશાવે=શતાવે ઇશિક તજાવે શગા કુટંમ. ૪

——o——

ગુજરાતી—તારીફ માલકની.

(રંગત લંગડી.)

તનછે તેનુ જીવબી તેનો તેમા તારૂ મારૂ શું છે,
ભજ તું તેને=કે તેના વગર બીજુ શારૂ શું છે,
રાતને દાહાડો ભુલો ન તેને લીયો હરીનુ નામ નરો,
મારૂં મારૂ=કરીને જગમા નહી બે ફાંમ ફરો,
અનેક ધંધો તજી કરીને પેલ આ તંમે કાંમ કરો,
રશતો નરકનો=તજીને રશતો વંઇકુટ ધાંમ ધરો,
શતછે મારૂ કેહેઉ ભાઇયો તેમા કહો નઠારૂ શું છે,
ભજ તું તેને=કે તેના વગર બીજુ શારૂ શું છે. ૧

દાનાની કરો શંગત ભાઇયો નહી કાહાડો નાદાનમા દન,
મુગતી તંમારી=ન થાશે રાખો નહી ગુમાનમા મન,
કાશી દુવારકાં અનશટ તીરથ કાયામા વશી જાનમા જન,
ભગતી કરોનો=અફલ નહી જાશે મલે હર ધીયાનમા ધન,
ભગત જનોને દુનીયામાં હરનામ વગર પીયારૂ શું છે,
ભજ તુ તેને=કે તેને વગર બીજુ શારૂ છે. ૨

મુગતી તંમારી કદી ન થાશે જગમા નર એંહેકાર કરે,
ભગતી કરેથી=પાછી જંમ રાજાની તલવાર વરે,
કાંમ ક્રોધ મધ લોભ મોહો તજોતો નર કંઈ શાર શરે,
જનમ મરનથી=છુટે જે નર હરનો આધાર ધરે,
જે કોઈ હરીના ઇશકનો બાહેલ તેની દવા દારૂ શું છે,
ભજ તું તેને=કે તેના વગર બીજુ શારૂ શું છે. ૩

લઈ જોગીનો વેશ તજીને દેશ કરો વનવાશમા વાશ,
પ્રેમનો દારૂ=પીઇને થાવો એક ગલાશમા લાશ,
દાદાભાઇનો ખેયાલ શમજી દુશમન મુકે નીશાશમા શાશ,
ભગતી કરીયાનો=એક આવે છે બારો માશમા માશ,
કહે મનીરાંમ રાંમ નામ વલી પ્રેંમ વગર પીયારૂ શું છે,
ભજ તું તેને=કે તેના વગર બીજુ શારૂ શું છે. ૪

——o——

ગુજરાતી તથા હીંદુસ્તાંની બે બોલીમાં—નાજની પઠાનનો કીશો.

(રંગત લંગડી.)

નવી કરૂંછું જુનો વાતને નર નારી શંમજો દઇ કાન,
નગરશેઠની=છોકરી તેને વરી ગયો એક પઠાન,
નાના મોટા અનેક શેહરપન નોતુ શેહેર કોઈ શુરત શમાન,
નીયાએ નવાબી=ચાલતો હતો નીત શુરત દરમીયાન,
નાહાવા નદી તાપીને કીનારે જાતા તા તીયાં શઉ ઇનશાન,
નારી નર શઉ=મલી તાપીમા કરતાતા અશનીપાન.

શેર.

નાંમવંતુ શેહેર શુરતનુ કરૂ શું હું વખાન,
નીયાતો અઢારે વરણુની રેહેતી હતી કરે પુનદાન,
નાંમ શમજી શેહેરનું જોવાને આવ્યો જાફરખાન,
નદીની શોભા જોવા ઉભો તીંયા નર જાફર જુવાન.

નાહાતી નદીમા જોઈ કેશરને જાફરખાનનો ગઈ શુધ શીયાન,
નગરશેઠનો=છોકરી તેને વરી ગયો એક પઠાન. ૧

નાજુક જુવાની નાની ઉમર રૂપ કેશરનું ચંદ્ર શમાન,
નાહી ધોઈને=નાર તે ચાલી થયો જાફર શાવધાન,
નીરલજ થઈ નાજનીનો પલો પકડી ઉભો રશતામા નાદાન,
નૈપનકા ખંજર=માર કાંહા ચલી નાર મેરી દીલજાન.

શેર.

નહી મૈપ જાને દેઉ તુજે અએ જાન મૈપ બકશુગા જાન,
નાજો નખરાં દેખકે ભુલાહું મૈય દીનો ઇમાન.
નાગાહાની નઈ બલા એ પડી મેરે શરપે આન,
નીમજાં અબ નાતવાંકો નહી શતા ચલદે મકાન,

નાર નીહાલી કહે પઠાનને મુક મારો પલો અગનીયાન,
નગરશેઠની=છોકરી તેને વરી ગયો એક પઠાન. ૨

નગરશેઠની હુંછું દીકરી બાપ મારો ધનવાન નીધાન,
નીયાત જાતનો=વડોછે શેઠ ઘણો ગીયાની બલવાન,
નવાબનુ છે હેત એનાપર જે નર શુરતનો શુલતાન,
ન જીવતો છોડે=તુને નર મારોબી લેશે ઝટ પ્રાન.

શેર.

ના ડરૂ તેરે બાપશે ના ડરૂ નવાબશે મેહેરબાંન,
નાજુક બદન એક નીગાહાકા તું માર તીર કશકર કમાન,
ના તું જાનો હાની કરતો અએ મુરખ મારૂ તું માન,
નવનાથ બજરંગ બીરને કરૂ ઇમ્માદ તો થાશે હેરાન.

નીયાત નાગરની છે ધરંમવંતી તું છે જાતનો મુશલમાન,
નગરશેઠની=છોકરી તેને વરી ગયો એક પઠાન. ૩

નાબુત કરૂ નવનાથ નેમકો નીકાલડાલુ શબ કુફરાન,
નાંમહી અલા=કા લુ અલી હશન હુશન પર હું કુરબાન,
નાદાની દે છોડ નાજની નબીકા કલમા પડ શુભહાન,
નીશાર કરદું=તુજપે ધનમાલ જાન મુજે કુશમ કુરાન.

શેર.

ના તડકડા જા ઇહાંથી માનતો નથી કેમ હેવાંન,
નથી દયા તુંને આવતી તું જાતનો છે એ ઇમાન,
નબલી હાલત જોઈ પોતાની નારીએ પછી બદલ્યું ધીયાન,
નાગર ગયા પાશે નવાબને કેહેવા વીતેલું બયાન.

નાગરની ફરીયાદ ન શમજી ઘણી કીધીછે ધનની હાન,
નગરશેઠની=છોકરી તેને વરી ગયો એક પઠાન. ૪

નીયાત જાતને તજીને કેશર પુરો કીધો મનનો અરમાન,
નીકાહા પડીને=ગઈ જાફરની જોડે હીંદુશતાન,
નશીબનો નહી ટલે લેખ એક રહી જાએછે નાંમ નીશાન,
નવા કથે છંદ=જરીફ દાદાભાઈ ગાએ નવરોજ નશરવાંન.

શેર.

નવી રંગત રાગની આ એયાલમા છે પુરન ગીયાન,
નાક કાપી કુટંમનુ ચાલી ગઈ તજી માન પાન,
નારી જાતી કલગીમા છે અનેક રાગને શુર તાન,
નાનાભાઈ કાવશજી કહે ના કર ભરોશો એએ જવાંન.

નાંમ હરીનું ભજો કહે મનીરાંમ જાંહાનનુ તજ તોફાન,
નગરશેઠની=છોકરી તેને વરી ગયો એક પઠાન. ૫

—o—

ગુજરાતી—શુરતની નવી આગનો ખેયાલ.

(રંગત લંગડી.)

પછંમ હીંદુસ્તાંનમા પેલે નોતું શેહેર કોઈ શુરત શમાન,
રેલ ને આગે=શેહેર શુરતને કરી મુકીયું શમશાન,
શુરત શોનાની મુરતપર પડવા લાગા નત નવા જુલંમ,
કોઇદી રેલમા=તણાએ કોઇદી આગમા થાએ ભશંમ,
શંવત અઢારશે તાણુમા લાગીતી આગ પેહલે પ્રથંમ,
ચઈતર માશમા=થયો તો કોપ તેજ અતી ગંમ માહતંમ.

શેર.

પનચીયાશી લાખ રૂપીઆની નુકશાની તેમા થઇ શઈ,
અડી હજાર માંણશોના જીવની હાની થઈ,
વલી શાવણ માશમા રેલ આવી તે થોડું તાંણી ગઈ,
આહાકાર વરતી રહીયો તો એવો જુલમ દીઠો નહીં કંઈ.

શન અઢારશે તીઆશીમા ફરી આવી રેલે કરીયું તોફાન,
રેલ ને આગે=શેહેર શુરતને કરી મુકીયું શમશાન. ૧

પેલો ગંમ વીશરાયો નોતો કે બીજો ગંમ વલી થયો તયાર,
અગની દેવે=ફરી વરતાવ્યો પુરમા આહા આહાકાર,
શન અઢારશે નેવીયાશી એપરેલની છઠી તારીખ ધાર,
ચઈતર શુધ છઠ=શનીવારે લાગી આગ શુરતમો જાર.

શેર.

કાંહા કાંહા લાગીતી આગ કહુ તેનો શરવે હાલજી,
લાગી પ્રથંમ ફેલાપીટમા મારી મોઠી ભાગોલે ફાલજી,
કાટપીઠીયાવાડમા હોલી શલગી દીશે જબરી જુવાલજી,
અગની માતા જોતા જોતામા વધી તતકાલજી.

હાએ વાએ ને કરે રડાપીટ વ્રીધ બાલ નર નાર જુવાન,
રેલ ને આગે=શેહેર શુરતને કરી મુકીયું શમશાન. ૨

થઈ દોડા દોડ અતી પુરમા બંબા આવ્યા શરકારી,
તેખી આગમા=ભોગ થઈ પડીયાં નહી આવી છયારી,
બુરાનપુરી ભાગોલ બોલ પશતાકીયાની શલગી ભારી,
અગની માતા=વંચી લીધી પોલ શુખડીયાની શારી.

શેર.

કંશારા બજાર કાપડ બજારપર પાડી આગે ધાડજી,
ગોલવાલાનો શલગી દુકાંનો કરે ગાંડો ગાંડજી,
બલ્યો ટેકરો ૨ વાલાનો બંગડીવાડ કાંશકી વાડજી,
પછી શલગીયું દાગડવાડ કીધી આગે માગ ફાડજી.

હરી પર ઘાંચી શેરી માલી ફલ્યું ગલ્યું આગે નીધાન,
રેલે ને આગે=શેહેર શુરતને કરી મુકાયું શમશાન. ૩

નવા પરાનો અરધો ભાગ લઈ કોઈના ટાલ્યા નહી ટલ્યા,
અનેક જીલા=લઈ અંગની માતાએ ભોગ ગલ્યા,
કાંહા કાંહાથી અટકીયા ઓલાણા વલી જઈને કાંહા મલ્યા,
પછીંમ તરફના=લીંમડા ચોકથી માતા પાછા વલ્યા.

શેર.

શાંભી હારે મુગતી ફોજના ઘેરથી અટકી ખરી,
ઉતર દીશા રાંણી તલાવથી આગ તે પાછી ફરી,
કાંશકીવાડમા અટકી શટકી હરી પુરીથી તે જરી.
દશા પુરવ ઘોબીશેરી પીરની છડાથી પાછી વરી.

દાદા શાહેબના ડેરાના પાછલા ભાગથી અટકી જાન,
રેલે ને આગે=શેહેર શુરતને કરી મુકીયું શમશાન. ૪

અગનોમાતા તીંવાથી ચાલ્યા પોતા દખ્ષીણ દીશા ભણી,
બુડેલવાડના=નાકાથી અટકી ગઈ કરી મેહેર ઘણી,
હીંગલોકવાલાની પોલથી અટકી થાએ બુંમ બહુ આગ તણી,
ચારો દીશામા=આગ માતાએ ફેરવી પોતે ફંણી.

શેર.

ઠેક ઠેકાંણે તારો મેલ્યા જુદી જુદી જાતના,
ખાશ ત્રેનો મુકાઇથી મુંબઇથી વલી તે રાતના,

પછી એકદમ થયા બંદ તાર રહીયા આશાબંદ કંઈ વાતના,
શઉ એ શબર થઇને કરે વીચાર ભાતો ભાતના.

કોઈ કહે તાર હારીશ શલગી કોઈ કહે શેહેર બલ્યું આખુ નીધાન,
રેલ ને આગે=શેહેર શુરતને કરી મુકીયું શમશાન. ૫

ફરી આગ રવીવારે લાગી શલાટપરનો બાલ્યો ભાગ,
વલી તે દાહાડે=નવા પુરામા લાગી પાછી આગ,
એક ઓલાએ ને બીજી શલગે ઠેક ઠેકાંણે જાગો જાગ,
દશ ઠેકાંણે=લાગી તે દાહાડે આગ થઈ ભાગા ભાગ.

શેર.

શોંમ, મંગલ, બુધ, ગુરૂ, બાકી ન શુકરવારજી,
જાંહા જોઇએ તાંહા આગની બુંમ પડી પુરમા ઇપારજી,
વીશ દન શુંધી જારી રહી બાલ્યા કંઈ ઘર દુવારજી,
વીગત કહું શઉ દનની કેહેતા ન આવે પારજી.

ત્રણ હજાર ઘર ભશ્મ કીધાં પોણા ક્રોડનુ થયુ નુકશાન,
રેલ ને આગે=શેહેર શુરતને કરી મુકીયું શમશાન. ૬

થયો અતી ગભરાટ હીંમત હારીને ધ્રુજે નરને નાર,
બાલક બચ્ચાં=લઈ ગયા શેહેર બાહાર તજી ઘરને દુવાર,
તડકો તાપ શઉ શેહેવા લાગા મનમા આગની બીક અપાર,
પેટી પેટારા=કાહાડી શામાન રાખ્યા રશતામો જાર.

શેર.

પછી માંનતા દેવીની થાવા લાગી પુરને માએજી,
કોઇએ માતાવોને ભાંડી કોઈ કહે થાવો શાએજી,
ઘણા હોંમ હવન શરવેકોઇના આગણામાં થાએજી,
વલી શાથે બ્રંમ ભોજનની થઈ તયારી જમવા જાએજી.

એવી રીતે ઉથલ પાથલ બહુ થઈ શેહેર શુરત દરમીયાન,
રેલ ને આગે=શેહેર શુરતને કરી મુકીયું શમશાન. ૭

શુરતીયોના દુખ હરો હરીહર કરો કીપા શઉના ઉપર,
પેહલુ દુખછે=પાણીનું થાએછે હાંણી પાણી વગર,

શતાવાલા શમજીને લાગો પાંણી શુરત અંદર,
નલ પાંણીના=મુકવા જોઇએ શઉ કોઇના ઘરો ઘર.

શેર.

થોડામા મૈય આગનો છંદ કીધો ભાઇયો તંમામજી,
બંદા જરીફ શાહેર એઉ કરે શાહેરીના કાંમજી,
શાહેરીમા નામ તેનું પ્રશીદ ગામો ગાંમજી,
ઉશતાદ મારો પ્રશીદ જેનું દાદાભાઈ નાંમજી.

મનીરાંમજી ખીયાલ બનાવે મનમા ધરી ઉશતાદનું ધીયાન,
રેલ ને આગે=શેહેર શુરતને કરી મુકીયું શમશાન. ૮

———o———

ગુજરાતી–વીજલી આગબોટનો ખેયાલ.

(રંગત લંગડી.)

જેય જેય રતનાગર શાગર તમે અનેક પાપીયોને તાર્‍યા,
હવે નીરદેહ થયા કેમ=દુબાડી વીજલી મનુષોને માર્‍યા,
કાન દઇને શમજો ભાઇયો કહુ હું વીજલીનો વીશતાર,
શંવત ઓગણીશશો=પીશતાલીશ કારતક શુધ પાંચંમ ગુરૂવાર,
શન આઢારશે છઠીઆશી નવેંબરની આઠમી તારીખ ઇયાર,
કછ માંડવીથી=ઉતારૂ શાડાશાતશો થયા શવાર.

શેર.

ઉતારૂ દુવારકાં પોડબંદર વેરાવલ મુંબઇના ભરી,
વીજલી વેરણ થઇને શઉની કાલચંદ્રમા નીકરી,
રૂપેણ બંદર થઇ પછી તે દુવારકાં આવી ખરી,
ખરે બપોરને બાર વાગે ઉભી તીંયાં લંગર કરી.

થોડા ઘણાએક ઉતારૂવોને દુવારકાં બંદરપર ઉતાર્‍યા,
હવે નીરદેહે થયા કેમ=દુબાડી વીજલી મનુષોને માર્‍યા. ૧

તાંથી વેરણ વીજલી ચાલી એકશો પનચીયાશી ઉતારૂ લઈ,
આગલ ચાલતાં=થયો બહું પવન ઘટા ઘંનઘોર થઈ,

વલી વાદલાં વેરો થઈ લાગાં ગાજવા એકપર એક થઈ,
વીજ ચ'મકે બહુ=વરશે વરશાદ પોતી પોડ બ'દર જઈ.

શેર.

લેલી શાહેએ ઉભુ રેહેવા જણાવ્યું કાલા નીશાનમા,
પણ વીજલી તાં થોભી નહીં એકદ'મ પડી તોફાનમા,
દેખાઈ વેરાવલ શુધી તે આવતી તી ધીયાનમાં,
પછી દ્રસ્ટીથી તે ગુ'મ થઈ પડી દરીયાઈ મેદાનમાં.

જનના ધાર્‍યા ન થાએ કાંમ થાએ કાંમ પ્રભુના મન ધાર્‍યાં,
હવે નીરદેહે થયા કેમ=ડુબાડી વીજલી મનુષોને માર્‍યાં. ૨

વીજલીયોના બહુ થાએ કડાકા ગભરાયા જોઈ નરને નાર,
બાલક બચ્ચાં=રૂવે કરી જોર શોર ગભરાટ અપાર,
કોઈ કહેછે ખુદા ખુદા કોઈ કહે રાંમ કોઈ કહે મુરાર,
કપતાંન શઉને=ધીરજ આપતો હતો તાં વાર'મવાર.

શેર.

મા રૂવે જોઈ બાલને બાલક રૂવે જોઇ માતને,
ભાઈ રૂવે જોઇ બેનને ભગની રૂવે જોઇ ભ્રાંતને,
જોઈ પતી નારી રૂવે રોએ પતી જોઇ અબલા જાતને,
પાશ થનારા વીદીયાર્થી રોએ પટકી પટકી હાતને.

જે જે ચડીયા તે પડીયા ભોગ થઈ એકેને પાછા નહી વાર્‍યા,
હવે નીરદેહ થયા કેમ=ડુબાડી વીજલી મનુષોને માર્‍યા. ૩

ઉપર આભ નીચે પાંણી હાએ હાએરે શુરતની બારો,
જોઈ જોઇને=અતી તોફાન રોએ તાં નરનારી,
જોઈ રડાપીટ બોંમ બરાડા કપતાંન ગભરાયો ભારી,
ઉઘાડી ફાડકુ=પુરીયા તેમાં શઉને ધીરજ દઇ દઇ શારી.

શેર.

અ'ધકાર શરવે થઈ ગયું ધરોયું કાલે રૂપ વીકરાલજી,
અધવચમા આવી જ'મ ઉભા જલમા બીછાવી જાલજી,

અંતે ડુબી વીજલી વમલમા આણીયો શઉનો કાલજી,
પેલાં જાંહાંને તાંહાં સઉ રહી ગયાં શમરીને દીન દયાલજી.

વર રાજાના લીધા પ્રાણ પ્રભુ એકેને નહી શણધાર્‍યા,
હવે નીરદેહે થયા કેમ=દુબાડી વીજલી મનુષોને માર્‍યા. ૪

કોઇ વ્રીધ ડોશા ડોશી કોઇ પણેલાં કોઈ બાલ જુવાંન,
કોઈ કુંવારા=આવતા તા લગન કરવા ભેગી લઈ જાન,
કંઈ ખલાશી મજુર માલન કોઇ ઇજનરને કોઈ કપતાન,
માને ધાવતાં=બચ્ચાંવોને ધાઈ રહી મુખ દરમીયાંન.

શેર.

કોઈના તનથી તન મલેલા કોઇના હાથછે હાથમા,
કોઇના માથાં પગ મલેલા કોઈ ભીડી બાં બાથમા,
કોઇનુ મન રહીયું નારમા ને કોઇનુ મન રહીયુ નાથમા,
એ હરી તેં શું કરી શઉને લીધા કેમ શાથમા.

હજાર જીવનો લીધો ભોગ પ્રભુ એકેને નહી ઉગાર્‍યા,
હવે નીરદેહે થયા કેમ=દુબાડી વીજલી મનુષોને માર્‍યા. ૫

કોઇનો ઉતરયો શાજ રંડાઈ કોઈના ન લાવા લેવાણા,
કોઈ બેવારશ=થયા ને કોઈ વાંઝીઆ કેહેવાણા,
કોઈ નીરધનો થયા જનો કોંઇને દુવાર તાલા દેવાણા,
કોઈ વીયોગી=મીંત્રહીન કોઇના માલધર વેચાંણા.

શેર.

એક માહા શઉવે વાટ જોઈ આખર થયા નીરાશજી,
શમજયું કે વીજલી ડુબી પછી ટુટી શઉની આશજી,
ઘરોઘર કાંણો મંડાઈ ગુજરાયો એવો ત્રાશજી,
વીજલી વેરણ થઇને જનનો કીધો શતીયાનાશજી.

મરતા વેર નહીં લાહા ઓલાશે એવા શઉના મન બાચ્યા,
હવે નીરદેહે થયા કેમ=દુબાડી વીજલી મનુષોને માર્‍યા. ૬

કોઇનુ તીરથ કાંમ ન લાગુ કોઇનો ન આડે આવ્યો ધરંમ,
શરવે કાલવશ=થઇને મુવા ખુલો નહીં થયો ભરંમ,

આખર વીજલી નારી જાતીએ દીધો દગો કરીયુ કુડું કરંમ,
જરીફ દારાં=કહે તેની કલગીવાલાને મોટી શરંમ.

શેર.

પ્રેમચંદ ઓધવ કહે કશી બની બીના આજજી,
વેલજી અલી એમ કહે રાખો પ્રભુ તમે લાજજી,
નશવાન અરદેશર કહે મનના કરો પ્રભુ કાજજી.
મતહીન દીનબંદુછઇએ તમે જગપતી માહારાજજી.

મનીરાંમ કહે રાંમચંદ્રએ કાજ ભગત જનના શાર્‌યા,
હવે નીરદેહે થયા કેમ=દુખાડી વીજલી મનુષોને માર્‌યા. ૭

———o———

ગુજરાતી—પરનારી વીશે નશીયત.

(રંગત લંગડી.)

શુખ ખોનારી દુખ દેનારી કરમની કારી, પરનારી.
જર હરનારી=દુખી કરનારી નકારી, પરનારી.
ઘર ગાંમ મુકાવે રઝલાવે શઉ કુટંમ તજાવે, પરનારી.
કલેશ કરાવે=શતાવે ગલુ કપાવે, પરનારી.
ભાન ભુલાવે કુલને લજાવે શુલી ચડાવે, પરનારી.
ભીખ મંગાવે=કભાવે કાંમ ન આવે, પરનારી.
પેલની ધયારી શઉ તમારી મુકે વીશારી, પરનારી.
જર હરનારી=દુખી કરનારી નકારી. પરનારી. ૧

શાંજ શવારે હાત પશારે કાલજુખારે, પરનારી.
જો મન ધારે=તો મારે ઝેર પીવારે, પરનારી.
ભોંઇએ શુવારે ગાલ ખવારે દુખ વધારે, પરનારી.
ગુણને વીશારે=ત્રક દુવારે લઈ પધારે, પરનારી.
મુખનીશારી દીલની ખારી છે હતીયારી, પરનારી.
જર હરનારી=દુખી કરનારી નકારી. પરનારી. ૨

રાજથી ઉઠાડે મુલથી ઉખાડે વનમાં કાહાડે, પરનારી.
રાતને દાહાડે=જગાડે નીતી બગાડે, પરનારી.

દુખ દેખાડે આફત પાડે બદી શીખાડે, પરનારી.
જલમા દુબાડે=નશાડે નાચ નચાડે, પરનારી.
રાજદુવારી શનશારીને કરે ભીખારી, પરનારી.
જર હરનારી=દુખી કરનારી નકારી. પરનારી. ૩

દારાં કહે વારી જુવો વીચારી ન થાશે તમારી, પરનારી.
મારામારી=કરે ભારી નીત જારી, પરનારી.
ચાલ સુધારી નહીં તે તારી નહીં કર પીયારી, પરનારી.
કરશે ખુવારી=શદા લુટારી ધુતારી, પરનારી.
મનોરાંમ કહે મારી નશીયત શારી કેમ તે ધારી, પરનારી.
જર હરનારી=દુખી કરનારી નકારી. પરનારી. ૪

———o———

ગુજરાતી—ઘર નારી વીશે નશીયત.

(રંગત લંગડી.)

શુખ ચાહાનારો દુખ હરનારી અગીયાકારી, ઘરનારી.
જુવો વીચારી=શદા દુખીયારી ખીચારી, ઘરનારી.
જીવને બાલે શતથી ચાલે આફત ટાલે, ઘરનારી.
શદા શંભાલે=ને પાલે પ્રેમે નીહાલે, ઘરનારી.
પતી દુખ ભાલે હાતને ઝાલે હીંમત આલે, ઘરનારી.
ઘરમા ઘાલે=ક્રોધ ગાલે મનવાલે, ઘરનારી.
શરગની બારી લીએ ઉગારી શુખની કીયારી, ઘરનારી,
જુવો વીચારી=શદા દુખીયારો ખીચારી. ઘરનારી. ૧

પાપથી ઉગારે કાજ શુધારે ધરંમ વધારે, ઘરનારી.
પતીને તારે=શવ્રગ દુવારે લઈ પધારે, ઘરનારી.
શારૂ ખવારે શેજે શુવારે અવગુણ વીશારે, ઘરનારી.
તન મન બારે=ને મન મારે દન ગુજારે, ઘરનારી.
પત હીતકારી શેવા શારી કરે પીયારી, ઘરનારી.
જુવો વીચારી=શદા દુખીયારી ખીચારી, ઘરનારી. ૨

પ્રીતીને ભાવે પીઉને બોલાવે દાઝ ઓલાવે, ઘરનારી.
ગંમ વીશરાવે=હશાવે મનને રીઝાવે, ઘરનારી.

ક વખતે આવે જીવ બચાવે રાજ અપાવે, ધરનારી.
તીરથ કરાવે=મનાવે હેત જણાવે, ધરનારી.
ભાગ લેનારી દુખમા ધયારી આપે તમારી, ધરનારી.
જુવો વીચારો=શદા દુખીયારી ખીચારી, ધરનારી. ૩

દાદાભાઈ કરે ભલાઈ નીત બડાઈ, ધરનારી.
તાહાડુ ખાઈ=એશ ધર માંઈ, ગાઈ, ધરનારી.
શરશાઇ પીઉની શફાઈ કરે શવાઈ, ધરનારી.
બદલે બુરાઈ=ન બદલાઈ ન રીશાઈ, ધરનારી.
મનીરાંમની શારી નશીયત ભારી ન મુકો વીશારી, ધરનારી.
જુવો વીચારી=શદા દુખીયારી ખીચારી, ધરનારી. ૪

———o———

ગુજરાતી—શંનતદાર નશીયત.

(રંગત લંગડી.)

કશી કશી કાયાને કશ્ટ બહુ કીધા ધરોયો નહી કાલનો ધાક,
કરી કરીને=કપટ કુડ કરમ કીધાં થઇ મન મુશતાક,
કંકાશ કજીયો કરીયા કરીયો બશ નહી શમજ્યા કોઇ જનનો વાંક
કદર કાલજી=ન કોઇની કરી કાંમ કીધાં નાપાક,
કલ હીકમત કશરત કાવત્રાં કીધાં કરમનો વાલ્યો આંક,
કમ કમાટથી=કદી કાલજુ ન કીધું કોઇની જરાક,
કલી કાલમા કાંમ ક્રોધ વશ થયા કશાઈ કુડના ધરાક,
કરી કરીને=કપટ કુંડ કરમ કીધા થઈ મન મુશતાક. ૧

કરૂણા કરી નહી કોઇની કોઇપર કમ અકલની પાડી હાંક,
કરવત કટારી=કને કકલાટની રાખી ઠોકમ ઠાક,
કપાલપર કરીયું કંકુતલક પન બુંચીને નહી કીધી પાક,
ક્રશન કાનજી=માટે કરી ક્રોધા તારશે કોઇતે કદાક,
કંટાલો નહી કરતા કહું છું કરો ભગતી નર એક કલાક,
કરી કરીને=કપટ કુંડ કરંમ કીધાં થઇ મનમુશતાક. ૨

કચ કચ કરવી નહી નકાંમી કડવા વેંણ નહી કેહેવા ટચાક,
કડક કબુધી=કને રાખવી ન કરવી કોઇની મજાક,

કંમનશીબ હીન કરંમ અકરંમી કરે કાજ નહી કોઇનું છટાક,
કહે કલકલી=કડપ કરો કેહેવા અમે છઇએ અબરાક,
કનંટક કહીયુ ન કોઇનુ માને કદી પશતાએ જોઇ કાલની ડાંક,
કરી કરીને=કપટ કુંડ કરંમ કીધાં થઈ મન મુશતાક. ૩

કંથ કમલના કેશવ કીશોરી કરે કુંજગલીમા લીલા અથાક,
કશન કાલુ=કાજ શીધ કરણ કાન શંકોના રાંક,
કંકરને શંકર શમજી કર શેવા કરી કાંઈ ખા ખોરાક,
કહે કવી દારાં=કથન કથ કડણ કલંમ લે નહીતો ચાક,
કકાનો શત તખંગ કહી મનીરાંમ કલગીના કાપે કાન નાક,
કરી કરીને=કપટ કુંડ કરંમ કીધા થઇ મન મુશતાક. ૪

ગુજરાતી—નશીયત કલગીની તરપર તરનો ખેયાલ.

(રંગત લંગડી.)

તરકતુ કર શંતાપ પાપ નર જપતુ જાપ મુગતી ખાતર,
તરશુખ શાગર=મનથી હરીહરને ન ભુલ કોઇદી ચાતર,
તરપત મનકર નેકી કરી તનકશી ખેડ ખાશુ ખેતર,
તરત તવંગર=મનીશ ભજ હરી કરી બંદ બેઉ નેતર,
તરશ તું તેના નાંમથી જો તું ચાહે તારા હકમા બેહેતર,
તર બે તરકર=જીવને છલથી કોઇને નહીં છેતર,
તરતા જોઈ કોઇ જનને કપટ કરી કાલજુ તેનુ નહો કાતર,
તર શુખ શાગર=મનથી હરો હરને ન ભુલ કોઇદી ચાતર. ૧

તરછોડી કોઇને ન નાખ વલી રાખ નહીં કોઈથી અંતર,
તરથ તું ખાનર=હરેકનો કોઇપર ન કર જાદુ જંતર,
તરવર કીનારે જઇને શમાધી લે ભુલી તનના તંતર,
તરભાણુભર=જલોથી ફુંક ફાએદાના મંતર,
તરણ તારણ ત્રીભોવન છે ભજ તેને નર શુપાતર,
તરસુખ શાગર=મનથી હરીહરને ન ભુલ કોઇદી ચાતર. ૨

તરંગ છે ચીત ભંગ થાએ નહીં પીતુ વચન માને પુતર,
તરકી તીતર=કાગ થઈ હંનશ પીએ જઈ ગઉ મુતર,

તરવાડાનુ કાંમ ભુલી વણવા લાગા કાપડ સુતર,
તરવાર કાયર=લઇને લડે જાએ દખ્ખન ઉતર,
તરફદારી લુચ્ચાની કરે શઉ નારી તજી જાએ પીઉ પાતર,
તરશુખ્ખ શાગર=મનથી હરીહરને ન ભુલ કોઇદી ચાતર. ૩

તરકારી ખાવાવારા શું જાણે તે ખાઈ કશતર,
તરફડી નહી મર=જોઇને તેજ દાદાભાઇનુ નશતર,
તરબુચ્ચ મીઠાઈ ભડવા ખાએ નહી શંતોના તનપર વશતર,
તર અરદેશર=ગાએ છંદ મારે દુશમનોને શશતર,
તરજુમો મનીગંમનો શમજો ફરક ન તેમાં પઈ માતર,
તરશુખ્ખ શાગર=મનથી હરીહરને ન ભુલ કોઇદી ચાતર. ૪

——o——

ગુજરાતી—અંતને વીશે નશીયત.

(રંગત લંગડી.)

મારૂ મારૂ કહી માયામા અંતે પીયારા મરી જશે,
મેહેલ માલ શઉ=બધુ તે દાડથી રદ તું કરી જશે,
આવશે નહી કંઈ શાથે તારે જશે લઈ તું ખાલી હાત,
ખશી જશે શઉ= અંતમા આવશે નહી કાંઈ તારી શાત,
માટે કર બંદગી ખુદાની ભુલતો નહી તેને દન રાત,
તેજ તારશે=અંતમા આવશે તે તારી શંગાત,
ચાહે જેવો બલવાન હશે પણ જોઈ કાલને દરો જશે.
મેહેલ માલ શઉ=બધુ તે દાડથી રદ તું કરી જશે, ૧

શગાવાલા કુટંબ કબીલા શઉ શગા જીવતાના ઇયાર,
મુવાનો શાથી=કોઈ નહી માટે ભજન કર તું દીલદાર,
કર તુ શખાવત શખી થઇને અંતકાલનો કરી વીચાર,
ઇહાં તુ કરશે=શખાવત વાંહા શાહે થાશે કીરતાર,
એક પલ નહી જીવવાનો જીયારે ઘડો આઇયુશનો ભરો જશે,
મેહેલમાલ શઉ=બધુ તે દાડથી રદ તુ કરી જશે. ૨

માયાછે આ રૂપ મોહેની એટા ડોલ દીવાનીનો,
શત્યે માનજે=ન ભુલતો જોઈ તોર જવાનીનો,

પેહેલથી તું શંગ કરજે પીયારા કોઇએક ગીઆનીનો,
તુને તે રશતો=અંતમા બતાવશે હકાનીનો,
થશે અંતમા બુરા હાલ જો તેનાથી તુ ફરી જશે,
મેહેલમાલ શઉ=બધુ તે દાડથી રદ તુ કરી જશે. ૩

કર તુ કાંમ નેકીના નહી જર જોઈ જાતો લલચાઈ,
અંત શમામા=થશે તુ બેસ્તનશીન વાહાલા ભાઈ,
લેછે નાંમ શાહેબનુ દારાં રાએ શઉથી નમતાઈ,
તારીફ તેનો=કરેછે મનીરાંમ હરદમ ગાઈ,
ઉશતાદોની મેહેરથા અરદેશર ભવશાગર તરી જશે,
મેહેલમાલ શઉ=બધુ તે દાડથી રદ તુ કરી જશે. ૪

———o———

ગુજરાતી.—ખુદાની શીફત તથા આજીજી.

(રંગત લંગડી.)

માયા મેલી મનને મારો નેક નાંમ આબાદ કીધુ,
લઈ ફકીરી=શરવે ધન માલ હુંએ બરબાદ કીધુ,
લાઓ મુશીબતમા અમએ માલક મારી ઇયાદ બશ તુ કરજે.
તારે હાતે=મને ચાહે બરબાદ બશ તુ કરજે,
ધુનેગાર હુ બંદાની પુરી મુરાદ બશ તુ કરજે,
નજર રેહેમની=રાખી દીલ મારૂ શાદબશ તુ કરજે,
લાઓ આફત શહીશહીને આ તનને પોલાદ કીધુ,
લઈ ફકીરી=શરવે ધનમાલ હુંએ બરબાદ કીધુ. ૧

કોનામા એટલી તાકત જે કોઇ પોંચે તુજ પીયારાં વેર,
ફરશતાબી=નહીં દંમ મારી શગતા તારા વેર,
કાંહાછે મગદુર કોઇમા જે જાએ તારા ઇશારા વેર,
તાબ ન કોઇમાં=રહી બશ જાએ શું તારા દુવારા વેર,
નામપર તારા શદકે થઇને દીલને મે આજાદ કીધું,
લઇ ફકીરો=શરવે ધનમાલ હુંએ બરબાદ કીધું. ૨

પુરાન અઢારે છ શાશતર વલી ચારો વેદ ભરેલો તું,
ગુપત ચીજછે=જે જાંહામા તેનો ભેદ ભરેલો તું,

નીયારો શહુથી શહમા જાહેર નહવે નીવેદ ભરેલો તું,
તારી એદતો=જાણે નહીં કોઇ કુલ એદ ભરેલો તું,
લાઓ મુશીબત પડી આ તનપર તોબી ન દીલ નાશાદકીધું,
લઇ ફકીરી=શરવે ધનમાલ હુંએ બરબાદ કીધુ. ૩

અએ જરીફ તારા તુફેલથી લાખોના દીલ મનાવીને,
ખુશી મેં શહુને=કીધા એક નીયારો ખેયાલ બનાવીને,
દારાં કહે મે મનીગંમને એકતો કીધો શીખાવીને,
ફરાંમજી કહે=ખુદા શહુના દીલ રાખે રીઝાવીને,
દારાંએ રબ શાહેબનું એક નાંમ મનથી બશ ઇયાદ કીધું,
લઈ ફકીરી=શરવે ધનમાલ હુંએ બરબાદ કીધુ. ૪

—— o ——

ગુજરાતી—બુલ બુલનો ખેયાલ.

(રંગત લંગડી.)

આવી ફશીધ્ધું બશમા તારા મુકીદે મને તું શઇયાદ,
મારા દીલની=વગર તારે કહું કોને ફરીયાદ,
કરી વીનતી કહે બુલ બુલ શઇયાદ શાંભલ તું પીયારા,
આ જંગલમા=મારા નાના બચાં શરવે શાગાં,
તુ જો કરેછે કેદ મને બશ હાત આવશે શું તારા,
હાએ મારશે=ને રડશે એ શરવે બચા મારા,
માટે કર કાંઇ ખોફ ખુદાનો નથા ભાઇ એટલો બેદાદ,
મારા દીલની=વગર તારે કહુ કોને ફરીયાદ. ૧

બીજો દાડો થયો જીઆરે તીઆરે એમ બોલી બુલ બુલ,
વેચી નાખ તું=અમુને અગર તુને કોઇ આપે મુલ,
જુદાઇમા તે અમારી બચા શુખાઇ ગયા હશે બીલકુલ,
મારી નાખ તું=અમુને દીલો જાનથી છઇએ કબુલ,
નર માદાને કહેછે શાંભલ એતો હવે કરશે બરબાદ,
મારા દીલની=વગર તારે કહુ કોને ફરીયાદ. ૨

તમાંમ દાહાડો વીતી ગયો પછી રાતે માદા એમ બોલી,
વગર તેના=આપણો બીજો નથી કોઇ વાલી,

શું કરવા અપશોશ કરેછે રાત દાહાડો અમથો ખાલી,
તે માલકછે=શરવેનો પલમા દુખ દેશે ટાલી,
એટલામા એક શખશ આવીને તે બનેની લીધી દાદ,
મારા દીલની=વગર તારે કહું કોને ફરીયાદ. ૩

છુટા કેદથી જેવા બુલ બુલ તેવા તાંહાથી ઉડીયા જાએ,
તેને જોઇને=કરે શઇયાદ પોતાના દીલમા હાએ,
મેહેર જો હોએ જેનાપર તેની તેનુ શું કોઇથી કંઈ થાએ,
કહેછે દારાં=મારનારાની મેહેનત નોશફલ જાએ,
જરીફ કહેછે બશ કર દારાં પુરી થઇછે તારી મુરાદ,
મારા દીલની=વગર તારે કહુ કોને ફરીયાદ. ૪

—o—

ગુજરાતી—ઇયારની જુદાઇ વીશે.

(રંગત લંગડી.)

દાહાડો વઈ ગયો ઇયાદમા તારી રાત રહી ગઇછે બાકી,
દાભી બાજુમા=ઉભો રહી ગલાશ આપેછે શાકી,
ભાઈબંદ શઉ કુટંમ કબીલા તજી દીધા તારે ખાતર,
ઇયારના ગમમા=બાવરી થઈ ફરૂ જેવી કાતર,
મન તન મારૂ ખાક કીધુ મે તારે શારૂ મારા ચાતર,
નીત તરશુ છુ=એકલી મેલી ગયા પીઉ પાતર,
રાત જાએછે એક વરશની જોતુ નથી કોઈ ઝાંકી,
દાભી બાજુમા=ઉભો રહી ગલાશ આપેછે શાકી. ૧

મનથી માયા લગાડી પીઉજી મુકી ગયા મુજને જાની,
નેહે દુખડાની=હવે હું કોને જઇને કહુ કાહાની,
દીલમા એવી શું વાત આવી જેથી એ નજર પાછી તાની,
લોકોના કેહેવા=થી ઓછી થઈ તમારો મેહેરબાંનો,
જાની જોઈ જોબન ઉપર કાંહાંવેર મુકુ પડદો ઢાંકી,
દાભી બાજુમા=ઉભો રહી ગલાશ આપેછે શાકી. ૨

નહી હું જાણતી હતી જાની થઈ થશો તમે પાછલ મેહેમાન,
થીર કરી મનને=જુદા થઈ વશાવીયુ જંગલ વેરાન,

ચાહો ફરી ભુલી વાત આગલી થાવો મારાપર મેહેરબાન,
હેતથી વલગો=ગલેને પુરો કરો દીલનો અરમાન
છેલ છબીલા લુટો જોબન વીનતી કરી કરી હું થાકી,
દાબી બાજુમા=ઉભો રહી ગલાશ આપેછે શાકી. 3

શાગ ભાયગછે મારા મને મલી ગયો જરીફ ઉશતાદ,
પુરા કીધા મે=ખેયાલને પુરી શઉ થઈ મારી મુરાદ,
રેતન શરખા કઈ નરો વહી ગયા રહા નહી કોઈ આબાદ,
જીઉં જાગુ=તાહાંવેર માલક મારી લેજે દાદ,
શારવે ભાઇને કેહેછે દારાં એક અદના હું છઉં બાકી,
દાબી બાજુમા=ઉભો રહી ગલાશ આપેછે શાકી. ૪

ગુજરાતી—સવાલનો જવાબ, માશુકની જુદાઇ.

(રંગત લંગડી.)

માયા લાગી જ્યારથી તારી તીયારથી હું થયો લાચાર,
તોપણ પીયારી=મને નથી મલતી તુ આવી એક વાર,
શરવે ચીજને તીયાગ કીધી મે તજી દીધા ભાઈ દોશદાર,
કુટંમ કબીલા=ને મેલ્યા લુટાવી દીધું ઘરને બાર,
ઈશ્કમા આવ્યો અંધાપો મને શુજે નહી શકલ શનશાર,
રાતને દાહાડો=પીયારી હું કરીયા કરૂછુ તારો વીચાર,
તરશ લાગે તો પીઉ લોહી ભુખ લાગેતો ખાઉ ગમની માર,
તોપણ પીયારી=મને નથી મલતી તુ આવી એક વાર. ૧

નહી રેહેશે તારૂ રૂપ શદા નહી રેહેવાનો જુવાનીનો બાહાર,
માટે મલતુ=આવીને મને છોડ કરવો એહેંકાર,
આઊં બપોરે તો કહે શાંજે આઊં શાંજે તો કહે શવાર,
ખોટા વાઈદા=કરીયા તું કરે ફરે જોવા નીત ઇયાર,
તારા શારૂ કીધા શઉને આકારા તજી દીધાં કુટંમ પરીવાર,
તોપણ પીયારી=મને નથી મલતી તું આવી એકવાર. ૨

ઘણો જુદાઇના જોશાનો બોજો નથી ઉંચકાતો ભાર,
માટે તું મનમા=લાવીને દયા માથાનો ભાર ઉતાર,
પ્રીતનું પાંણી પા તું પ્રેમથી હરખથી કર હવાનો હાર,
જીઉ જાં શુંધી=તાં શુંધી ભુલુ નહી તારો આભાર,
દોશ હતા તે વેરી થયા તારે શારૂ ખાઉ લોકોની ગાર,
તોપણ પીયારી=મને નથી મલતી તું આવી એકવાર. ૩

મોહુની રૂપ તારામા જોઇ લાખો થયા તારા તાબેદાર,
ઇશ્કમા તારા=અંતે એક નજર પડી શુલીની ધાર,
મોત ઇયારનું તારે હાત જોઇએતો માર ચાહુતો જીવાર,
દાદાભાઈ કહે=તજો એવી માયા ભજો ભગવત કીરતાર,
મનીગ્રાંમ બશ રાતને દાડો ઇયાદ કરેછે તારો પીયાર,
તોપણ પીયારી=મને નથી મલતી તું આવી એકવાર. ૪

——o——

ગુજરાતી—નશીયત તથા શાંનદદાર.

(રંગત લંગડી.)

નર દેહીનો નહીં ભરોશો માટે તું તજ એહેંકારીજી,
વહી જાએ વાએદા=તોબી અતની ન વાત વીચારીજી,
રોજ રોજ તે રલી રલીને કમાવી દોલત શારીજી,
જીવના ફાએદા=ને માટે કરી તે મેહેનત ભારીજી,
જીભાયાં મુખમા એક કહું શું વાત અકલની તારીજી,
વાડીની શોભા=જોઈ બશ મોહી પડીયા નર નારીજી,
જીંદગાંનીનો નહીં ભરોશો માટે ભજ ગીરધારીજી,
વહી જાએ વાએદા=તોબી અંતની ન વાત વીચારીજી. ૧

નકી કર કોઇની બદી નેકી તું કરે જાએ લાચારીજી,
શાબજ તું ભાઈ=શું કહું વાત તુંને વીશતારીજી,
વાર ઘડીએ ભજો હરીને પાપની મતી વીશારીજી,
નક કુંદનો=છોડી રશતો જો શરગની કીયારીજી,
જીતે જીવત જા વંઇકુંઠમા પાંચો ઇંદ્રી મારીજી,
વહી જાએ વાએદા=તોબી અંતની ન વાત વીચારીજી. ૨

કાકા માંમા બાપ માં બેન ન થાએ પરણી નારીજી,
વણી જાએ અધવચે=કદી તે હોએ પ્રાંનથી પીયારીજી,
જીવતાના શઉ શગાં મુવેલાની થાએ બંદ બારીજી,
જાએ એકલો=કોઈ નહી શાથે આવશે તારીજી,
માર જંમની પડશે આંબર નર શઉ ભજો મુરારીજી,
વઈ જાએ વાએદા=તોબી અંતની ન વાત વીચારીજી. ૩

દાહાડો રાત તે રંગ રંગમા તારી ઉમર ગુજારીજી,
રમત કુંડ કરમ=કરીયાં તે કીધુ ન ટેવ શુધારીજી,
ગાવો ગુણ ભગવતના મુખથી નીરમલ શબ્દ ઉચારીજી,
એવી તુ મનની=હમેશાં કરજે શાફ કટારીજી,
છેલ બાકી પશતાયા લોકોને માલ ખવારીજી,
વઈ જાએ વાએદા=તોબી અંતની ન વાત વીચારીજી. ૪

છંદ ગાવો એવા દંગલમા જોઉ આજ હુશીયારીજી,
દયાલુ દારાં=એ ગાઈ રાગ રાગનો નાયારીજી,
તુરાના છંદ ગાએ નવરોજી જીવાજી જાએ વારીજી,
રામને તું નંમ=તો પલમા તુને લીએ ઉગારીજી,
નામ હરીનું ભુલે નહી મનીરાંમને છે યાદગારીજી,
વઈ જાએ વાએદા=તોબી અંતની ન વાત વીચારીજી. ૫

——o——

હીંદુસ્તાંની—બારોનાઇટ સર ખરશેદજી બાટલીવાલાનો ખેયાલ.

(રંગત લંગડી.)

હાએ કેશા હુવા ગંમ સર ખરશેદજી થે ગુની ગુનવાન,
એકાએકી=કજા લે ગઈ શુનો શબ ઉનકા બયાન,
શન અઠરાશે અગીયારા તારીખ નવમી ઓર અકટોબર,
રોજ તીશરા=माહા પેલે દીન જનમે ખરશેદ ચાતર,
પચીશ હજાર રૂપએ નીકાલે ધરંમ ખાતે ઊનકે નાંમપર,
કુલ જરતોસ્તી=ખુશી હુવેથે ઘર ઘર નારી નર.

શેર.

બરનન કહા નહી જાતા બરશ દો કંમ પચાશકીભઈ ઉમર,
જદ ઉનકે પીતા જમશેદજી ગએ હુએ વોતો ગુજર,
અઠરાશે એકુનશાઠમે મીલા બારોનાઇટકા દફતર,
ફીર સર ખરશેદજી કેહેલાએ વો જાંહાકે અંદર.

બારોનાઇટ સર ખરશેદજીકી થી છુપી શખાવત જગ દરમીયાન,
એકાએકી=કજા લે ગઈ શુનો પેલેશે બયાંન. ૧

અઠરાશે ચોવશટમે કોલેજ દખનમે કરી ખડી તયાર,
ખરશેદજીને=જદ એક લાખ રૂપીએ દીએ ફનમેડાર,
ઔર ઇશપીતાલ બડાનેકે લીએ રૂપએ દીએ તે પચાશ હજાર,
અદના આલે=હરએક જનકે થે ઓ મદતગાર.

શેર.

ઇયા ગરીબ ઇયા કોઈ તવંગર કાંમકો કને જાએજી,
તો પેલે બાતે ઉનકી શુન ફીર અપની શલા બતાએજી,
ચાહેતો કોઈ હો ગરીબ પન ભાવશે ખીલાએજી,
અપને ગીરોકા ગુપત ધંનદે નેકીકા જશ પાએજી.

અપને પીતાકા નાંમ બહડાકે જગમે કમા ગએ ઇજત માન.
એકાએકી=કજા લે ગઈ શુનો શબ ઉનકા બયાન. ૨

અઠરાશે બાંહાનેરમે આમીરો કે શંગ ગએથે શીકુલાની,
ઓહી શાલમે=મુશાફરી કર આએ પીછે ગીયાની,
ઉશી વખત ઉનકી ગાડીકુ પોચીથી કુછ નુકશાંનો,
ખરશેદજી કે=મરે તક ગઇ ન વો દેહેશત જાની.

શેર.

અશેશંગ રોજ દેહે મહીના થી અખાડ શુદ એકમ,
ને વાર બુધકે દીન પુનેમે ગુજરે શર કીયા દુર કદંમ,
ઊંમર પાંશટ બરશ નવ માહા ચઉદા દીનકી જાને હંમ,
આપતો હો ગએ અલગ ઔર શબકો દે ગએ રંજો ગંમ.

ખરે દુપેરકે ગીઆરા બજે શર ખરશેદજીને છોડા પ્રાંન,
એકાએકી=કજા લે ગઈ શુનો શબ ઉનકા બયાન. ૩

જીશ વખ્ત ગુજરે ઉશ વખ્ત મુલકો મુલકોમે પોચે તાર,
શુનકે બાતકો=શબ જરતોશતી કરેં હએં ગમકા પુકાર,
જાંહા દેખો વાંહા શીવા આહાજારીકે ન કરતા કોઈ ગુફતાર,
નર નારીકે=આંખશે આંશુ ગીરે ઝારોબેઝાર.

શેર.

ધરાની પારશી મીલકે શબ કોઈ માહાતમ કરને લગે,
ઈગરેજ ઇઆઉધી મેમન બોરે શબ ગમ કરને લગે,
અનેક કોમકે હીંદુ મીલ શબ ચક્ષ્મ નમ કરને લગે,
પલભર ન ભુલે દીલશે ઇયાદી દમબદમ કરને લગે,

આફીશ બંદર ગીરની બંદ ભઈ બેપારીયોને કી બંદ દુકાન,
એકાએકી=કજા લે ગઈ શુનો પેલશે બયાન. ૪

કજાકે આગે કોઈ બચે નહી બાબો પીર પએમબર ગએ,
અમર ન કોઈ=જાંહામે બાબો ઈનશાં ગુજર ગએ,
બફએજ બંદા જરીફ કહે જો નેકી જાંહામે કર કર ગએ,
નેક નીમાજકા=પહડ ગએ ઓ જીનતકે અંદર ગએ.

શેર.

મીર દારાં કહેને બંદે નેકીકા કુછ કાંમ કર,
લાયા કેયા લે જાએગા કેયા કુછ તું જાંહામે નાંમ કર,
બેહુકા બેહુકા કેઊ ફીરે એક જાએ કંઈ આરામ કર,
ખીશર નહી ઉશ રબકો ઈયાદ ઉશકી તુ શુબો શીયામ કર.

મનીગ઼ંમજી ખ્યાલ બનાતે મત જીનકી બીલકુલ નાદાન,
